

नामदार गोपाळ कृष्ण गोखले.

ગોપાળ કૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો.

પુસ્તક પહેલું.

(પ્રસિદ્ધ વ્યક્તિઓ સંબંધી.)

ભાષાન્તર કર્તા,

મહાદેવ હરિભાઈ દેશાઈ.

પ્રકાશક,

ઑલ ઇંડીયા હોમ રૂલ લીગ,

હોર્નબી રોડ, કોટ,

મુંબઈ.

વિ. સ. ૧૯૭૪. ઈ. સ. ૧૯૧૮.

પ્રસ્તાવના.

ગોખલે સંવત્સરી સમયે સ્વર્ગસ્થ મહાત્માનાં ભાષણોને અનુવાદ બહાર પાડવાનો વિચાર પ્રથમ મને સુઝેલો હોવાથી પહેલાં પુસ્તકની પ્રસ્તાવના હુંજ લખું એ કંઈક અંશે યોગ્ય છે. ગોખલે સંવત્સરી આપણે સદાય ઉજવતા રહીશું એવી ધારણા છે. હરેક અવસરે ભજનકીર્તન કરી ભાષણો આપી વિસર્જન થવું એમાં ઘણીવેળા કાળક્ષેપ થાય છે, અને કોઈ લાભ ઉઠાવતું નથી. ભાષણોના મહિમા કરતાં કાર્યનો મહિમા વધે એ હેતુથી અને ઉજવવાની ક્રિયામાંથી પ્રજા કાંઈક સંગીન લાભ પ્રતિવર્ષ મેળવી શકે એમ ધારી સંવત્સરીના વ્યવસ્થાપકોએ ગયે વર્ષે એવો ઠરાવ કર્યો કે એ નિમિત્તે કાંઇક ઉપયોગી પુસ્તક માતૃભાષામાં બહાર પાડવું. સાથે કયું પુસ્તક એ પણ નિશ્ચય કરી લીધો, અને પસંદગી સ્વાભાવિક રીતે સ્વર્ગસ્થ મહાત્માનાં ભાષણોની થઈ.

અનુવાદ ગુજરાતી સાહિત્યમાં દીપી નીકળે એવો, એ મહાન્ પુરુષનાં પવિત્ર વચનો જેવાં મૂળમાં શોભી રહ્યાં છે તેવી શોભા બને તેટલે પ્રયત્ને આપણી ભાષામાં જળવાય એવો,

આદર્શરૂપ હોવો જોઇએ, એવી સહુની ઈચ્છા હતી. આ કામ પૈસા આપતાં ન બનવા જોગ હતું; સ્વયંસેવકોથીજ થાય એવું હતું; એવા સ્વયંસેવકો તો મળી આવ્યા; છતાં હજુએ બન્યું છે કે નહિ એ તો ભવિષ્યમાં જણાશે. જે ભાગની આ પ્રસ્તાવના છે તે ભાગના અનુવાદક રા. રા. મહાદેવ હરિભાઈ દેશાઈ છે. એમને વિષે કશી ઓળખાણ આપવાનું અહીં પ્રયોજન નથી. હું માત્ર એટલુંજ કહીશ કે એ ગુર્જર સાહિત્યના પ્રેમી છે, વિષય એમનાથી અજાણ્યો નથી, અને સ્વર્ગસ્થ મહાત્માના હજારો પૂજારીમાંના એ પણ એક છે. પોતાનું કાર્ય એમણે અતિ ઉત્સાહથી અને પ્રેમભાવથી કર્યું છે, એટલે આશા રાખી શકાય કે આ અનુવાદ ગુર્જર સાહિત્યમાં સ્થાન મેળવશે.

ગયા વર્ષની સંવત્સરીમાં પુસ્તક પ્રકટ કરવાનો ઠરાવ બહાર પડશે એમ મુંબઈની હોમ રૂલ લીગે જાણ્યું, કે તુરત તેના મંત્રીઓએ ઉદાર મદદ આપવાને તાર કર્યો, અને પાછળથી ત્રણ હજાર રૂપીઆ જેટલી મોટી રકમ આ કામ માટે મંજુર કરી; એટલે વ્યવસ્થાપક મંડળને દ્રવ્ય એકઠું કરવાની કશીએ ચિંતા ન રહી, વગર સંકોચે આવે મોંઘવારીને સમયે પણ છપામણી, કાગળ, પૂંઠાં, વગેરેનું સૌંદર્ય જાળવવાની તે મંડળની ઈચ્છા તૃપ્ત થઈ. આ ઉદારતાને સારૂ હોમ રૂલ લીગને ધન્યવાદ ઘટે છે.

ઉપલા પારેગ્રાફ એ તો પ્રસ્તાવનાની પ્રસ્તાવના રૂપે છે. ખરી પ્રસ્તાવના સ્વર્ગસ્થને વિષે કાંઈ પણ લખવું એ છે. પણ શિષ્ય ગુરૂ વિષે શું લખે? કેમ લખે? શિષ્યનું લખવું એ એક વિચારે ઉદ્ધતાઇજ ગણાય. ખરો શિષ્ય તો એ, કે

જે ગુરુમાં શમી જાય. એટલે એ ટીકાકાર તો હોયજ નહિ. દોષ જુએ એ ભકિતજ નથી, અને ગુણદોષનું પૃથક્કરણ ન કરી શકે એવા લેખક પાસેથી પ્રજાજન કાંઈપણ સ્તુતિનો અંગીકાર ન કરે તો ફરિયાદને અવકાશ નથી. શિષ્યનું આચરણ એજ તેની ગુરુ ઉપરની ટીકા છે. ગોખલેજી મારા રાજ્યગુરુ હતા એમ મેં ઘણીએવાર કહ્યું છે એટલે એમને વિષે લખવા હું મને અસમર્થ ગણું છું, જે લખું તે મને ન્યૂનજ લાગે. મને લાગે છે કે ગુરુ શિષ્ય વચ્ચેનો સંબંધ કેવળ આધ્યાત્મિક છે. એ ગણિતશાસ્ત્રનાં ધોરણ ઉપર રચાતો નથી. એક ક્ષણની અંદર, જાણે કે અનાયાસે, થયો હોયની તેમ એ સંબંધ બંધાય છે અને બંધાયા પછી કદી તુટી શકતો નથી.

ઈ. સ. ૧૮૯૬ ની સાલમાં અમારી વચ્ચે એ સંબંધ બંધાયો. એ વેળા મને તો એ સંબંધનું જરાએ ભાન ન હતું, એમને પણ ન હતું. એજ સમયે ગુરુના ગુરુને, લોકમાન્ય ટિળકને, સર ફિરોજશાહ મહેતાને, ન્યાયમૂર્તિ બદ્રુદ્દિન તૈયબજીને, ડા. ભાંડારકરને, તેમજ બંગાળ અને મદ્રાસના નેતાઓને નમસ્કાર કરવાનો શુભ પ્રસંગ મને મળ્યો હતો. હું છેક તરુણ વયનો હતો. બધાએ મારા ઉપર પ્રેમનો વર્ષાદ વરસાવ્યો હતો. એ પ્રસંગો મારી જીંદગીમાં ન ભૂલી શકાય એવામાંના હતા. પણ જે શીતળતા મને ગોખલેજીના પ્રસંગથી મળી તે બીજાઓ પાસેથી હું મેળવી ન શકયો. ગોખલેજીએ મારા ઉપર વધારે વ્હાલ રેડેલો એવું મને જરાએ સ્મરણ નથી. જો મ્હારે વ્હાલના આંકડાજ મૂકવા હોય તો મને એવું સ્મરણ છે કે ડા. ભાંડારકરે જે અપૂર્વ ભાવ મારા ઉપર પ્રદર્શિત કરેલો તેવો બીજા કોઇએ નહિ કરેલો. તેઓએ મને કહેલું, ‘હું હાલ જાહેર કામમાં ભાગ

લેતા નથી, પણ તારેજ ખાતર તારા સવાલને વિષેની સભામાં પ્રમુખસ્થાન લેવા ધારૂં છું.' એમ છતાં મને કેવળ ગોખલેજ બાંધી શકયા. આ સંબંધે કાંઈ વિશેષ પરિણામ તુરતમાં નહિ પકડેલું. પણ ૧૯૦૨ની સાલમાં જ્યારે કુલકત્તાની કૉંગ્રેસ વેળા હું હાજર હતો તે વખતે મને મારી શિષ્યદશાનું સંપૂર્ણ જ્ઞાન થયું. ઉપરના ઘણાખરા બધા નેતાઓનાં દર્શનનો લાભ મને આ વખતે ફરી મળ્યો. મેં જોયું કે ગોખલેજી મને ભૂલી ગયા ન હતા એટલુંજ નહિ પણ તેમણે તો મારી બાંહ્ય પકડી. સ્થૂલ પરિણામ તેને અનુસરતાં આવ્યાં. મને પોતાને ઘેર ઘસડી ગયા. વિષયવિચારિણી સભામાં મને ધાસ્તી લાગી કે હું તો રખડયો. ઠરાવોની ચર્ચા ચાલી રહી હતી, ત્યારે મારા ખીસામાં પણ દક્ષિણ આફ્રિકા વિષે એક ઠરાવ પડયો છે એવું કહેવાની મારી હિંમત તો છેવટ સુધી ન ચાલી. રાત તો મારે સારૂ રોકાયજ નહિ. નેતાઓ કામ સમેટી લેવા અધીરા થયા. હમણાં ઉઠી જશે એવા ભયથી હું કાંપી રહ્યો હતો. ગોખલેજીને પણ યાદ દેવાની મારી હિંમત ન ચાલી; તેટલામાં તો તે બોલી ઉઠયા, 'ગાંધીની પાસે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ બાબત એક ઠરાવ છે તે આપણે વિચારવો પડશે.' મારા આનંદનો તો પારજ ન રહ્યો. કૉંગ્રેસનો આ મારો પહેલો અનુભવ હતો, એટલે કૉંગ્રેસમાં પસાર થતા ઠરાવોની કીંમત મારી નજરે બહુ હતી. ત્યાર પછીના પ્રસંગો ઘણા છે, અને તે બધા પવિત્ર છે. પણ હાલ તો એમનો જે મહામંત્ર મેં માન્યો છે, તેનું વર્ણન કરીને પ્રસ્તાવના પૂરી કરવી ઉચિત જણાય છે.

આ કઠણ કળિકાળમાં સ્વચ્છ ધર્મવૃત્તિ કોઈક જ જગ્યાએ જોવામાં આવે છે. ઋષિઓ, મુનિઓ, સાધુઓનું નામ ધરાવી જેઓ હાલ ભ્રમણ કરતા જોવામાં આવે છે તેમાં આ વૃત્તિ ભાગ્યેજ જોવામાં આવે છે. તેઓ ધર્મના ખજાનચી નથી એ તો સૌ કોઇ જોઈ શકે છે. એકજ સુંદર વાકયમાં ધર્મ કયાં હોઈ શકે એ ભક્તશિરોમણિ કવિ નરસિંહ મહેતાએ બતાવી આપ્યું છેઃ—

'જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહિ

ત્યાં લગી સાધના સર્વ જૂઠી.'

આવું તેના અનુભવસાગરમાંથી નીતરી આવેલું તેનું વચન છે. એ ઉપરથી આપણે જાણી લઇએ છીએ કે મહાતપસ્વી, મહાયોગી જે યોગની બધી ક્રિયાઓ જાણતો હોય, તેમાં પણ ધર્મ વસે છે એમ હમેશાં હોતું નથી. ગોખલેજીએ આત્મતત્ત્વની સરસ ઓળખ કરી હતી, એ વિષે મને જરાએ શંકા નથી. તેમણે ધર્મનો દેખાવ કદી નથી કર્યો, એમ છતાં તેમનું જીવન ધર્મમય હતું. યુગે યુગે મોક્ષ માર્ગે લઈ જનારી પ્રધાન પ્રવૃત્તિઓ જોવામાં આવી છે. જ્યારે જ્યારે ધર્મની શિથિલતા જોવામાં આવે છે ત્યારે ત્યારે ધર્મજાગૃતિ કોઈ પ્રધાન પ્રવૃત્તિથી થયેલી હોય છે. આવી પ્રવૃત્તિ હમેશાં તે તે સમયના વાતાવરણની સાથે સંબંધ રાખતી હોય છે. આ સમયે આપણી પડતી દશા આપણી રાજ્યદ્વારી સ્થિતિમાં જોઇએ છીએ. અપૂર્ણ વિચારને લઇને આપણે એમ માની લઈએ છીએ કે રાજ્યદ્વારી સ્થિતિ સુધરે તો પડતીમાંથી ચઢતી તુરત થાય. આ વાકય એક પક્ષેજ ખરૂં છે. રાજ્યદ્વારી સ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી ચઢતી થાય નહિ. પણ રાજ્યદ્વારી સ્થિતિમાં

ગમે તે પ્રકારે પરિવર્તન થાય તોયે ચઢતીજ થાય એવું કાંઈ નથી. એ પરિવર્તન નીપજાવનારાં સાધનો મેલાં હોય તો પરિવર્તન ઉન્નતિ ન હોય પણ અવનતિ હોવાનો બહુ સંભવ રહે. સ્વચ્છ સાધનથીજ રાજ્યદ્વારી સ્થિતિમાં થયેલું પરિવર્તન આપણને ઉચ્ચ માર્ગે લઈ જાય. આ ગોખલેજીએ પોતાની જાહેર જીંદગીના આરંભમાંજ જોયું એટલુંજ નહિ પણ એ સિદ્ધાન્તને તેમણે અમલમાં મૂક્યો. લોકજાગૃતિ માત્ર રાજ્યદ્વારી પ્રવૃત્તિદ્વારાજ થઈ શકતી હતી, એ તો સૌએ જોયેલું. એ પ્રવૃત્તિને જો ધર્મનું સ્વરૂપ અપાય તો રાજ્યદ્વારી પ્રવૃત્તિ મોક્ષમાર્ગ દર્શાવનારી થઈ પડે. આવો ભવ્ય વિચાર તેમણે પોતાની હિંદ સેવક સમાજ પાસે અને પ્રજા સમક્ષ મૂકેલો. તેમણે દૃઢતાપૂર્વક કહ્યું કે આપણી રાજ્યદ્વારી પ્રવૃત્તિ જ્યાં સુધી તેમાં ધર્મવૃત્તિ દાખલ ન થાય ત્યાં સુધી શુષ્ક રહેવાની. “ટાઇમ્સ ઑફ ઇંડીયા” ના લેખકે તેમનાં અવસાનની નોંધ લેતાં ગોખલેજીનાં કાર્યની આ વિલક્ષણતા ઉપર ધ્યાન ખેંચ્યું હતું, અને રાજ્યદ્વારી સંન્યાસી બનાવવાનો તેમનો પ્રયત્ન સફળ થશે કે નહિ એ વિષે શંકા બતાવી તેમણે વારસામાં મૂકેલી હિંદ સેવક સમાજને સાવધાન કરી હતી. આ જમાનામાં રાજ્યદ્વારી સંન્યાસીજ સંન્યાસને દીપાવી શકવાના છે. બીજા પ્રાયઃ ભગવું લજવનારા જ હશે. શુદ્ધ ધર્મમાર્ગે જનારો કોઈપણ ભારતવાસી રાજ્યપ્રકરણી કાર્યોમાં ભાગ લીધા વિના ભાગ્યેજ રહી શકે, એટલે બીજાં રૂપમાં કહેતાં શુદ્ધ ધર્મમાર્ગી લોકસેવાનો અંગીકાર કર્યા વિના રહીજ શકતો નથી, અને રાજ્યતંત્રની જાળમાં આપણે બધા એટલે બધે દરજ્જે ગુંચવાયલા છીએ કે રાજ્યતંત્રમાં પડ્યા વિના લોકસેવા સંભવિત નથી. જે ખેડુતો

અસલના વખતમાં રાજ્યાધિકારી કોણ છે તેને વિષે અજ્ઞાત રહેવા છતાં પોતાનું સરળ જીવન નિર્ભયપણે ગુજારી શકતા હતા, તેઓની એવી નિરાળી સ્થિતિ હવે રહી નથી. આવે સમયે તેમનું ધર્માચરણ રાજ્યપ્રકરણી સ્થિતિને અવલંબીને હોવું જોઈએ. આ મહત્તત્ત્વનો સ્વીકાર આપણા સાધુઓ, ઋષિઓ, મુનિઓ, મૌલવીઓ, પાદરીઓ કરે તો સ્થળે સ્થળે હિંદ સેવક સમાજ હોય, અને ધર્મવૃત્તિ હિંદુસ્થાનમાં એવું વ્યાપક સ્વરૂપ પકડે કે જેથી રાજ્યતંત્ર જે અળખામણું થઈ પડ્યું છે તે શુદ્ધ થાય, હિંદુસ્થાન જે ધાર્મિક સામ્રાજ્ય ભોગવતું હતું એમ આપણે જાણીએ છીએ તે સામ્રાજ્ય તે પાછું ભોગવે, હિંદનાં બંધનો એક ક્ષણમાં તુટે અને એક પ્રાચીન દૃષ્ટાએ પોતાની અમર વાણીમાં વર્ણવેલી સ્થિતિ ઉત્પન્ન થાયઃ લોખંડનો ઉપયોગ તરવાર બનાવવામાં નહિ, પણ હળ બનાવવામાં થશે, અને સિંહની સાથે ઘેટાં મિત્રભાવે વિચરશે.* એવી સ્થિતિ ઉત્પન્ન કરનારી પ્રવૃત્તિ ગોખલેજીના જીવનનો મંત્ર હતો, એજ તેમનો સંદેશો છે, અને હું માનું છું કે સરલ મનથી વાંચનાર, તેમનાં ભાષણોમાં આ મંત્ર શબ્દ શબ્દે ઓળખશે.

મોહનદાસ કરમચંદ ગાંધી.

---

* "And they shall beat their swords into ploughshares and their spears into pruning hooks." Isaiah 2, 4.

" The wolf and the lamb shall feed together and the lion shall eat straw like the bullock. " Ibid 65, 25.

અનુક્રમણિકા.



दादाभाई नवरोजी.

ગોપાલ કૃષ્ણ ગોખલેનાં વ્યાખ્યાનો.

દાદાભાઈ નવરોજી.

[દાદાભાઇ નવરોજીની ૮૧મી જન્મતિથિ ઉજવવા માટે સને ૧૯૦૫ ના સપ્ટેંબર માસમાં મુંબઈમાં મળેલી એક જાહેર સભાના અધ્યક્ષ તરીકે નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, આ પ્રસંગે અધ્યક્ષ સ્થાન લેવાનું કહીને તમે મને જે માન આપ્યું છે તે માટે હું તમારો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આવા પ્રસંગ ઉજવવામાં અગ્રભાગ લેવાનું કહેવામાં આવે એ, મારે મને તો, એક મહદ્‌ભાગ્ય છે. કોઇ વ્યકિતની જન્મતિથિ જાહેરમાં ઉજવવી, એ કોઈપણ દેશમાં એક અપૂર્વ પ્રસંગ તરીકે લેખાયજ, અને જ્યારે આજ બન્યું છે તેમ એવા પ્રસંગે તે વ્યકિતને બહુમાન દેવા માટે અનેક જાતિ અને ધર્મના લોકો સામેલ થાય ત્યારે તો તે પ્રસંગનું મૂલ્ય શતગણું વધે છે. આ દેશના તમામ વર્ગના લોકો જે એમને માટે ઉંડો ભક્તિભાવ ધરાવે છે તેની, દાદાભાઇને, એમના યશસ્વી દીર્ઘાયુમાં, અસંખ્યવાર પિછાન મળી હશે; પણ એમની પ્રત્યે ભકિત અને કૃતજ્ઞતા દાખવવાનો કોઇપણ પ્રસંગ, એમનાં માનમાં કરવામાં આવેલો કોઇપણ અતિઉત્સાહ ભર્યો સમારંભ, મુંબઈમાંજ નહિ પણ આખા ભારતમાં સર્વત્ર ઉજવાતા એમની જન્મતિથિના આ વાર્ષિક સમારંભની સાથે મહત્ત્વમાં બરાબરી કરી શકે કે કેમ, એ બાબત મને શંકા છે.

ગૃહસ્થો, આજે આ જંગી મિજલસ મળી છે તે શું સૂચવે છે? દાદાભાઈએ, અત્યાર સુધીમાં તમામ જાતિના અને તમામ ધર્મના એમના દેશબંધુઓનાં હૃદયમાં, એવું સ્થાન મેળવ્યું છે કે જેને માટે ભલભલા નરાધીશો પણ ઝંખના કરે, અને જેની તુલના માનવજાતિના જે મહાન્ ગુરુઓ મનુષ્યોના વિચાર, આશા, અને જીવન, ઉન્નત કરીને તેમનાં હૃદયમાં ઉચ્ચ સ્થાન લે છે તેમની સાથેજ ખરી રીતે કરી શકાય; આવું સ્થાન એમણે મેળવ્યું છે તેનું કારણ શું? ગયા પચાશ વર્ષ થયાં આપણે એમને એક મોટા રાજકીય નેતા માનીએ છીએ, આપણા કાળના ધુરંધર નેતા માનીએ છીએ; તેટલુંજ કારણ બસ નથી. આપણી નિઃસીમ ભકિત એમને ચરણે આપણે ધરીએ છીએ તેનું ખરૂં કારણ તો એ છે કે એ આપણી ભૂમિમાં જે કાંઇ ઉચ્ચ અને ઉદાત્ત મનાયું છે તેની મૂર્તિ છે, અને ભવિષ્યના આપણા રાષ્ટ્રીય અભિલાષોના પવિત્ર પ્રતિનિધિ રૂપ છે. આ સ્થિતિ એમણે, આપણામાંના ઘણાએકના જન્મ અગાઉની પ્રાપ્ત કરેલી છે, અને અહીં ભાગ્યેજ કોઇ એવા હશે કે જેમનામાં રાષ્ટ્રીયતાના ભાનનો ઉદય એમના ઉપદેશ અને એમના દૃષ્ટાન્તથીજ ન થયો હોય. ગૃહસ્થો, ૮૦ વર્ષ ઉપર, દાદાભાઇના જન્મ વખતે કોઇએ જો એવું ભવિષ્ય ભાખ્યું હોત કે એઓ એક દિવસ એક થયેલા ભારતના અતિ શ્રદ્ધાસ્પદ પ્રમુખ તરીકે આગળ આવશે તો તેને સૌએ ઉન્મત્ત તરંગી તરીકે કાઢી નાંખ્યો હોત. સને ૧૮૨૫માં મરાઠાઓની સત્તા તાજીજ ઝાંખી થયેલી હતી, અને જો કે બ્રિટિશ રાજકર્તાઓની પ્રથમ પેઢી,— જેમનામાં અગ્રગણ્ય તરીકે એલ્ફિન્સ્ટનનું નામ સદા સ્થાયી રહેશે—તેમણે થાળે પાડવાનું કામ શાણી અને ઉદાર રાજ્યનીતિથી હાથ ધર્યું હતું, છતાં આ તરફના લોકો સ્વાભાવિક રીતે ખિન્ન અને અસંતુષ્ટ રહેતા, અને કોઇક દિવસ આપણું રાજ્ય પાછું થશે એવી ઝંખના કર્યા કરતા. પાશ્ચાત્ય શિક્ષણ તો ત્યારે શરૂએ ભાગ્યેજ થયું 'તું—સને ૧૮૩૩ નો ચાર્ટર એકટ તો હજી થવાનો હતો—અને આ વિશાળ દેશના જૂદા જૂદા ભાગો એક મતના અને એક મનોરથના થઇ એકત્ર થશે એવો ખ્યાલ, આજે એકત્ર એશિયાનો ખ્યાલ આપણને નથી આવી શકતો તેમ, મનમાં એ

ભાગ્યેજ આવી શકયો હશે. દેશના વહીવટમાં, ખાસ કરીને શિક્ષણુની બાબતમાં, બ્રિટિશ રાજ્યની જે શાણી અને ઉદાર રાજ્યનીતિ ચાલે છે તેને ધન્ય છે કે જે વસ્તુ જે વેળા કલ્પનામાં આવવી એ કઠણ હતી, તે આજ નજરે જોવામાં આવતી થઇ છે. નવીન વસ્તુસ્થિતિ અને તેથી ઉદય પામેલી આશાઓનો ખરો મર્મ સમજીને તે આશાઓ બર લાવવા માટે જીવતોડ મથન કરવાનું માન દાદાભાઇ અને તેમની સાથે કામ કરનારા આદ્ય હિંદ હિતૈષીઓને ઘટે છે. ત્યાર પછી, દેશ સેવકોની એક પેઢી તો કાર્યક્ષેત્રમાંથી ખસીએ ગઇ છે, અને તે પછીની પેઢીના પણુ હવે ગણ્યા ગાંઠયા જણુ આપણા માર્ગદ્રષ્ટા તરીકે રહ્યા છે. ચિરંજીવો તેઓ ! પણુ દાદાભાઇ તો પ્રથમથી તે અદ્યાપિ પર્યંત સહુ પ્રવૃત્તિના ધુરંધરજ રહ્યા છે, અને વૃદ્ધાવસ્થા કે નિરાશા તેમનો ઉત્સાહ મોળો પાડી શકયા નથી, તેમ એમના બહાર રહેવાને કારણુ એમના દેશ બંધુઓની ઉપરનો એમનો કાબુ લવલેશ ઓછો થયો નથી. નાના પાયા ઉપરથી આજની સ્થિતિએ ચઢેલી હાલની રાજકીય ચલવળને એમણુ પોતાના બાળકવત્ ગણીને કુમળી કાળજીથી ઉછેરી છે. તેના વિજય પરાજયને એમણુ પોતાનાં જીવનના વિજય પરાજય માન્યા છે, અને તેની સર્વે દશાઓના–તેનું ભવિષ્ય ઉજ્જવલ હતું ત્યારની, અને આકાશ મેઘાચ્છન્ન હતું ત્યારની દશાઓના–તેઓ શાક્ષી છે. એટલે આજે દાદાભાઇના જન્મની પુણ્યતિથિ ઉજવીને, આજ પચાશથી વધારે વર્ષ થયાં જેઓ આપણાં મથનો અને મનોરથોની પ્રત્યક્ષ મૂર્તિ સમા રહ્યા છે તેમને આપણુ માન આપીએ છીએ, અને સર્વ શકિતમાન શંકરનો આજ ખરા અંતરથી પાડ માનીએ છીએ કે આપણી માતૃભૂમિની સેવા માટે સંપૂર્ણ નિવેદિત આ જીવન આટલો લાંબો કાળ આપણુ માટે ટકી રહ્યું છે.

અને, ગૃહસ્થો, એ જીવનની કથા તે કેમ કહી જાય ! એ જીવનની મધુર સાધુતા, સરલતા, નમ્ર ક્ષમાશીલતા, એની નમ્ર આત્મવિસ્મૃતિ, એની ઉદાત્ત દેશ ભક્તિ, એનો વિપુલ પ્રેમ, ઉચ્ચ મનોરથોની સાધના માટે એમનું કઠોર તપ—આ બધું વિચારીએ છીએ ત્યારે કોઇ દૈવી સત્તા

સમક્ષ આપણે ઉભા છીએ એવું લાગે છે! બેશક, જે પ્રજા આવો એક નર ઉત્પન્ન કરી શકી તેને માટે આશા રહેવીજ જોઇએ, પછી, એકવાર રાનડેએ કહ્યું હતું તેમ, તે ભલેને ૩૦ કરોડમાં માત્ર એકજ હોય! પણ મુંબઇના શ્રોતાજનો આગળ દાદાભાઇનાં ચારિત્રનું ગુણગાન કરવાની હું જરૂર જોતો નથી. બહેતર છે કે આપની રજાથી જે બે પાંચ મીનીટ હજી હું બોલવા ધારૂં છું તેટલામાં, હાલ કંઇક વિવાદનો વિષય થયેલા એમના મુખ્ય મુખ્ય ઉપદેશો હું સંક્ષેપે કહું. બ્રિટિશ રાજ્યથી આપણને જે મ્હોટા લાભો થયા છે તેનો સાભાર સ્વીકાર, દાદાભાઇના કરતાં કોઇએ વિશેષ દિલોજાનીથી કર્યો નથી. પણ આ લાભોને કલંકિત કરનારાં બે અનિષ્ટો—એક આર્થિક અને એક નીતિગત—સૌથી પ્રથમ એમનાંજ લક્ષમાં આવ્યાં હતાં, અને એમણે પોતાની લાંબી કારકીર્દિ દરમ્યાન રાજકર્ત્રી પ્રજાને તેનું ભાન કરાવવાને સતત પ્રયત્ન ચાલુ રાખ્યાછે. આર્થિક અનિષ્ટ તે આ દેશમાંથી પ્રતિવર્ષ ચાલી રહેલી ધનની ધારા વા દ્રવ્યશોષણ; અને નીતિગત અનિષ્ટ, આખી પ્રજાને ઉંચી અને જુમ્મેદાર જગ્યાઓથી દૂર રાખીને વામનજી જેવી બનાવી દીધી છે, તે. હવે મારા મને તો આ બન્ને બાબતમાં દાદાભાઇનો પક્ષ તોડયો તુટે એમ નથી. દ્રવ્ય-શોષણનો પ્રશ્ન પ્રથમ લેશું: આ બધાં વર્ષ દાદાભાઇ પ્રતિપાદન કરતા આવ્યા છે કે હર વર્ષ દેશનું પુષ્કળ દ્રવ્ય બહાર વહી જાયછે, અને તેનો કશો દેખીતો બદલો દેશને મળતો નથી. અને આમાં યુરોપિયન અમલદારો લાંબી રજા ઉપર જાય છે તેમના પગારો, યુરોપિયન લશ્કર માટે વૉર ઓફિસને આપવાનું ખર્ચ અને હિંદુસ્થાની સરકારના ઈંગ્લંડમાં કરવામાં આવતા બીજા ખર્ચનોજ સમાવેશ થાય છે, એટલુંજ નહિ પણ યુરોપિયન વેપારીઓએ દેશમાં મેળવીને બહાર મોકલેલા નફાનો, તથા અંગ્રેજ વકીલો, ડાકટરો, અને દિવાની અને લશ્કરી નોકરીમાં રહેલા યુરોપિયનોનાં બચાવેલાં નાણાનો પણ સમાવેશ થાયછે—અને દાદાભાઇની ગણત્રી એવી છે કે આ ધનધારાનો આંકડો વર્ષે દહાડે બે કરોડ થવા જાયછે. હવે, આ દ્રવ્યશોષણને વ્યવહારોપયોગિતા અથવા રાજકીય આવશ્યકતાના કારણે ગમે તેટલું ન્યાય્ય ભલે ઠરાવવામાં આવે, પણ કેવળ આર્થિક

દૃષ્ટિ બિન્દુથી જોતાં તો દેશમાંથી આટલું ધન તણાઇ જાય છે એ ચોક્કસ છે, કારણ તેના બદલામાં દેશમાં કશું રહેતું નથી. સામાન્ય વસ્તુસ્થિતિમાં તો આ લોકો જે નોકરી બજાવે છે તે હિંદીઓ પોતે પણ બજાવી શકે તેમ છે, પણ હાલના અસાધારણ સંજોગોમાં તેઓ હિંદીઓની જગા પચાવી પડ્યા છે, અને અવેજમાં કશું દેશમાં મુકી ગયા સિવાય આટલું દ્રવ્ય બહાર તાણી જાય છે. હવે, હિંદુસ્તાન તવંગર દેશ હોત તોએ વર્ષોવર્ષ આમ નાણાં તણાઇ જાય એ કાંઈ નાની સૂની વાત નહિ ગણાત, પણ હાલતો દરેક તરફથી અને સરકાર કરે તે સઘળું સારૂં કરે છે એવું અસલથી પ્રતિપાદન કરનારાઓ તરફથી પણ કબુલ કરવામાં આવે છે કે હિંદ જગતના અતિરંક દેશોમાંનો એક છે. અને દાદાભાઇનું કહેવું એવું છે કે વર્ષોવર્ષ દેશમાંથી તણાઇ જતાં નાણાંને લીધે ખરી રીતે કહીએ તો દેશમાં સંચય કરવાનું કાંઇ રહેતુંજ નથી, અને ઉદ્યોગનો આધાર મૂડી ઉપર છે, અને મૂડી સંચયમાંથીજ પેદા થઇ શકે છે તે કારણને લીધે, આ દ્રવ્યશોષણના પરિણામે દેશની ઔદ્યોગિક ખીલવણી દેશનાં સંતાનોથી થવી લગભગ અશકય થાય છે. ઉંચા અને જુમ્મેદારી ભરેલા હોદ્દાઓમાંથી આપણને આતલ રાખવામાં આવે છે, તે વિષે પણ તેમનું કહેવું એટલુંજ સ્પષ્ટ છે. જ્યારે સરકારી નોકરીની ઉંચા દરજ્જાની જગ્યા મેળવવા માટે આપણે હીલચાલ કરીએ છીએ, ત્યારે આપણે આપણા દેશજનો માટે કેટલી વધારે જગ્યાઓ માગીએ છીએ એટલુંજ નથી; જો કે તેટલુંજ હોય તોએ તેમાં કાંઇ નામોશી ભરેલું નથી. પણ ખરી રીતે જોતાં, આપણે તો રાજ્યની જવાબદારીમાં ભાગ માગીએ છીએ. જે જગાઓ ઉપર કામ કર્યાથી યુક્તિમત્તા, ચારિત્રબળ, અને ચાહે તેવાં કામ ઉપાડવાની શકિત વધે, અને જે શકિતઓને લીધેજ ખરી રીતે રાજકાજ કરનારા પુરુષો, અને માત્ર વશવર્તી રહેનારા પુરુષો વચ્ચે ભેદ પડે છે તે શકિતઓ ખીલાવે, એવી જગ્યા આપણા દેશમાં આપણે મેળવવી છે. વારૂ, ત્યારે કેટલાક ટીકાકારો કહે છે, કે દાદાભાઇ તો હમણાં હમણાં બહુજ કડવી ભાષા વાપરે છે, અને તેવી ભાષાથી તો રાજકર્તા વર્ગનાં માણસોમાં માત્ર ઇતરાજીજ ઉત્પન્ન થવાનો સંભવ છે. હવે, ગૃહસ્થો, આવી ફરિયાદ કરનારા લોકોને

હું એક બે બાબતો વિચારી જોવાની વિનંતિ કરીશ. સૌ કોઈ જાણે છે કે આખી જગત્માં દાદાભાઈના જેવા નરમ માણસ બહુ વિરલ હશે. આવા માણસને જ્યારે કડવી ભાષા વાપરવાની ફરજ પડે, ત્યારે વસ્તુસ્થિતિમાંજ કંઈક એવું હોવું જોઇએ કે જેને લીધે એમને આટલું તપવું પડે. આ કારણથી એમને તપીને બોલાવવાની જવાબદારી તે વસ્તુસ્થિતિ ઉત્પન્ન કરનારાઓને શિર છે, દાદાભાઇને શિર નથી. વળી, દાદાભાઇના છેક પૂર્વાવસ્થાના લેખો જુઓ; મધ્યાવસ્થાના એ જુઓ; અને હું બેધડક કહી શકું છું કે એ લેખોમાંનો એક પણ શબ્દ કોઇ એવો નહિ કાઢી આપી શકશે કે જે કડવો કહી શકાય. જો હમણાં કેટલોક કાળ થયાં એઓ એવી ભાષા વાપરવા લાગ્યા છે કે જે કદાચ કોઇને બહુ કડક લાગે, તો તેનું કારણ એટલું જ છે કે આટલાં વર્ષો થયાં એમનું સઘળું કથેલું અરણ્યરુદન જેવુંજ રહ્યું છે; બીજું કારણ એ કે તેમને તેમજ આપણને સૌને એમ લાગે છે કે બ્રિટિશ રાજ્યના અદલ આદર્શો હાલ કેટલાંક વર્ષો થયાં ઉતરતા જતા ચાલ્યા છે. આ ઉપરાંત, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, પોતાને જે સત્ય લાગે છે તે, મારા તમારા જેવા ઢાંકોઢૂમો કરીને કહે તેમ નહિ પણ ચોખ્ખું અને ચટ કહેવાનો દાદાભાઈ જેવા વયોવૃદ્ધ અને દેશના પરમ હિત માટે જીવન અર્પણ કરનારા પુરુષને અધિકાર છે. મારે મને તો દાદાભાઇ આજે પોતાના દેશબંધુઓનાજ નહિ પણ દેશના રાજકર્તાઓના પણ ગુરુને સ્થાને છે. અને ગુરુજી તો સત્યને સુંદર અને રોચક શબ્દોથી શણગાર્યા વિના સ્પષ્ટ અને ઉઘાડુંજ કહે છે એવી ફરિયાદ કોઇ કરે ખરો કે? ગૃહસ્થો, આવી ફરિયાદ કોક કોકવાર અંગ્રેજ લોકો કરે તો મને તે કાંઇ બહુ લાગે નહિ, પણ ખરેખર જેમણે પોતે દેશને માટે કંઈજ નહિ અથવા તો જૂજ જેવું કીધું છે તેવા આપણા દેશી ભાઇઓ બેધડક એમ કહે કે કડક ભાષા વાપરીને દાદાભાઇ જ દેશ હિતને હાનિ પહોંચાડે છે તો તે હું લેશમાત્ર સહન કરી શકું એમ નથી. નહિ, ભાઇ નહિ, દાદાભાઇ કડક કે નરમ, સુઝે તેવી ભાષા ભલે બોલતા, આપણે તો તેમના ઝુંડા તળેજ છીએ. દાદાભાઇને જે તરછોડે તે આપણને જોઈ તો નથી, તે આપણોજ નથી. દાદા ઉપર જંગલી અને અપમાન ભરી રીતે જે હાથ ઉગામવા મથે તેને ઠોકી નાંખો.

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, હવે આપને હું વધુ રોકવા માગતો નથી. પણ હું બેસી જાઉં તે પહેલાં તમારામાંના યુવકોને હું એકાદ બોલ ઉપદેશનો કહી લઉં. યુવક મિત્રો, પ્રભુએ દાદાભાઇના જીવનથી કેવું ભવ્ય દૃષ્ટાન્ત તમારી સમક્ષ મૂક્યું છે! એમના ભવ્ય જીવનનાં મનનથી તમારામાં જે ઉત્સાહ પ્રગટ્યો છે તે, માત્ર તેમનું નામ સાંભળી તમે જે આનંદોદ્ગાર કરો છો તેટલામાંજ આવિર્ભાવ પામે તો આ પુણ્યતિથિ ઉજવવાનો હેતુ ભાગ્યેજ સધાયો કહેવાશે. એ જીવનમાંથી મળતા બોધ ઉપર મનન કરવાનું અને તેને તમારાથી બને તેટલે અંશે વિચાર અને આચારમાં ઉતારવાનું કહું છું, કે જેથી કરીને વખત જતાં એ ઉચ્ચ ગુણો તમારાં જીવનનાં સ્વાભાવિક લક્ષણો બની રહે. બંધુઓ, પરમ કૃપાળુ સર્વજ્ઞ ભગવાન જૂદી જૂદી પ્રજાને જૂદે જૂદે વખતે, સૌ સૌની જરૂરીઆત પ્રમાણે એવા મહાપુરુષો આપેછે, કે જેઓની જ્યોતિ જગત્ના પામર જનોનો પંથ ઉજાળે છે. હું નિઃસંદેહ કહું છું કે દાદાભાઇ આપીને પ્રભુએ આપણને એવા એક મહાપુરુષ આપ્યાછે. મારે મન તો દાદાભાઇ જગત્ના કોઇપણ દેશમાં ઉત્પન્ન થયેલી ઉચ્ચોચ્ચ પ્રતિની દેશભકિતના એક સર્વ શ્રેષ્ઠ નમુના છે. અલબત, આપણે કોઇ એમની કીર્તિ કે કાંઇકે એમના જેવી કીર્તિ પ્રાપ્ત કરી શકવાના નથીજ. તેમજ એમના અચલ સંકલ્પ, એમની ઉદ્યમ કરવાની ચમત્કારિક શકિત અને એમની ઉંચી કોટિની મનોન્નતિ પણ કોઇકમાંજ આવી શકે. પણ આપણે સૌ જાતિ અને ધર્મના ભેદ સિવાય દેશને માટે તેમના જેટલો અનુરાગ રાખી શકીએ: આપણે સૌ જે મહાકારણને માટે તેમણે એક નિષ્ઠાથી પોતાનું જીવન અર્પણ કીધું છે તેને માટે કાંઇક ભોગ તો આપી શકીએ છે. દાદાના જીવનમાંથી મળતો, માતૃભૂમિને માટે આત્માર્પણનો પરમ બોધ તો નિદાન આપણે લઇ શકીએ. અને જો આપણા યુવકો એટલોજ બોધ પોતાનાં જીવનમાં રહેજ રહાજ પણ ઉતારશે તો, વખતો વખત કાળાં વાદળ દેખા દેતાં છતે પણ ભવિષ્ય ઉજળું આશા ભર્યુંજ આવનાર છે.

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, મને ધીરજથી સાંભળવા બદલ હું આપનો બહુ આભારી છું.

મહાદેવ ગોવિંદ રાનડે.

૧.

[મહર્ષિ મહાદેવ ગોવિંદ રાનડે ઉપરનું આ ભાષણ નામદાર ગોખલેએ સને ૧૯૦૧ના જુલાઇ મહિનાની ૯ મી તારીખે મુંબઇમાં, તે વખતના મુંબઇના ગવર્નર લૉર્ડ નોર્થકોટના અધ્યક્ષપણા નીચે મળેલી સ્મારક સભા સમક્ષ આપ્યું હતું.]

નામદાર સાહેબ, આ જમાનામાં જો કોઇ હિંદવાસીને તેના પ્રેમાળ, કૃતજ્ઞ અને શોકાર્ત દેશબંધુઓ તરફથી સ્મારક ઘટયું હોય તો તે હિંદવાસી ખરેખર સ્વર્ગસ્થ રાનડે હતા. ચાલીશ વર્ષ સુધી રાનડેએ આપણે માટે કષ્ટ વેઠયું; અને તે એક ક્ષેત્રમાં નહિ પણ સાર્વજનિક હિત પ્રવૃત્તિના લગભગ સઘળાં ક્ષેત્રોમાં અતુલ નિષ્ઠા અને દૃઢતાથી અને અતિ કડવી નિરાશામાં પણ અખંડ રહેલી શ્રદ્ધાથી વેઠયું. એમણે આપણે માટે જે કામ કીધું છે, વ્યકિતગત અને સમષ્ટિગત જીવનના જે આદર્શો એમણે આપણી સમક્ષ મૂકયા છે, અને દેશની સેવામાં ઉદાર રીતે વ્યતીત કરેલા જીવનનો જે ઉજળો દાખલો એમણે આપણને બેસાડયો છે—આ સૌ, સર્વ કાલ, મારા દેશ બંધુના અમોલાં ધન તરીકે રહેવાનાં. ખરૂં છે કે રાનડે જે કામ કરી શકયા તેમાંનું ઘણું, કુદરતે તેમને ઉચ્ચોચ્ચ પ્રતિની બુદ્ધિ શકિત મોકળે હાથે બક્ષેલી હતી તેને લીધેજ થઇ શકયું; પણ આ બક્ષિસો સાથે ખંત ભર્યો ભગીરથ ઉદ્યમ, કડક સંયમ, અને હૃદયના ઉંચા ગુણો ભેગા થયેલા ન હોત તો એ બક્ષિસોથી બહુ અર્થ સધાત નહિ; સામાન્ય રીતે આટલા હૃદયના ગુણોજ એકલા કોઇપણ જણને પોતાના બંધુઓમાં બહુ માન પમાડવાને પૂરતા છે, પણ રાનડેમાં તો ઉંચી બુદ્ધિ શકિત સાથે એ ગુણોનો અનુપમ એક રાગ હતો. મને જે ઠરાવ રજુ કરવાનું કહેવામાં આવ્યું છે તેમાં દેશમાં સર્વ વર્ગના લોકોને રાનડેને યોગ્ય સ્મારક ઉભું કરવા માટે નાણાં ભરવાની વિનંતિ કરવી એવું કહ્યું છે. આ અતિ સુયોગ્ય દરખાસ્ત છે. કારણ જાતિ અને વર્ગની પક્ષાપક્ષીથી વધારે વેગળા રહેનાર એમના કરતાં ભાગ્યેજ કોઇ હશે, અને



न्यायमूर्ति महादेव गोविंद रानडे.

બીજી કોમોનાં ઉત્તમ લક્ષણોનો સ્વીકાર કરી સામાન્યહિતને માટે તેમની સાથે કાર્ય કરવાને વધારે તૈયાર એમના કરતાં કોઈ ભાગ્યેજ હશે. ખરે, જૂદી જૂદી કોમના લોકો રાષ્ટ્રીય કાર્યો માટે જ્યાં એકત્ર મળે, અને 'અમે હિંદીઓ પ્રથમ છીએ, અને હિંદુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી વગેરે પછી છીએ' એવો ભાવ જ્યાં અનુભવે તેવું એક સામાન્ય વ્યાખ્યાન સ્થાન ઉત્પન્ન કરવું એ એક એમની જીંદગીનો અતિપ્રિય મનોરથ હતો. રાનડેના આદર્શોમાં લેશમાત્ર જાતિતા કે સંકુચિતતા ન હતી. માનવ પ્રવૃત્તિની સર્વે દિશામાં, અને સર્વે વર્ગના અને દરજ્જાના લોકોમાં પ્રગતિ થાય. એવી એમની ઇચ્છા હતી, અને બીજી સર્વ વસ્તુ ઉપરાંત મનુષ્ય તરીકે મનુષ્યનું ખરૂં ગૌરવ સ્વીકારવાનું અમોને તે કહેતા. પોતાના સમક્ષ રાખેલા આદર્શને એઓ કેવી એક નિષ્ટાથી જીંદગીમાં ઉતારી શકયા છે, તે આપણને સૌને ખબર છે. જીવનમાં બહુ ઉત્તમ લક્ષ્ય એમણે સાધ્યું ખરૂં, પણ તે માટે એમને કેટલો મોટો ભોગ આપવો પડ્યો છે? એમને શરીર સુખનો જે ભોગ આપવો પડ્યો છે, તે વિષે હું બોલતો નથી, કારણ રાનડેના કરતાં વધારે આનંદથી, અથવા વધારે બિન તકરારે કે નિવૃત્તિ મેળવી લેવાની ઓછી આશાથી ભાગ્યેજ કોઇએ પોતાનો કાર્ય–ભાર વહન કર્યો હશે; પણ હું તો એમને વારેવાર જે માનસિક દુઃખ ભોગવવું પડયું છે તે વિષે બોલું છું. આપણી સમાજની હાલની ઉત્ક્રાન્તિની દશામાં, રા. તેલંગ અને પોતાના જેવાને, આચારનાં બે આદર્શોથી અને કર્તવ્યના બે પક્ષોથી વારંવાર કેવું ધર્મસંકટમાં આવવું પડતું તે, આજ જગાએ આઠ વર્ષ ઉપર રા. તેલંગ વિષે બોલતાં રાનડેએ બહુ બહુ ઉત્તમ રીતે કહી બતાવ્યું હતું. એ કથન તો ત્યારપછી સુપ્રસિદ્ધ થઇ ગયું છે. પોતાની પ્રવૃત્તિના અનેક ક્ષેત્રોમાં એમને આ ધર્મસંકટ નડયું હતું, અને વારંવાર તેથી ઉપજતું દુઃખ તેમને સહન કરવું પડયું હતું. સાંસારિક અને ધાર્મિક ક્ષેત્રોમાં, એઓ જેને બેવડી જીંદગી કહેતા તેવી જીંદગી એમને ગાળવી પડી હતી એટલુંજ નહિ, પણ રાજકીય વિષયોમાં પણ, એક પ્રકારનો દેખીતો કલહ ઉત્પન્ન થતો; રાજકર્તાઓનું કામ કેવું છે અને તેમની

મુશ્કેલીઓ કેટલી છે તે સ્વીકારીને તેમની સ્થિતિ વિચારવી ઘટે છે; તે બાબત, અને દેશનું પરમ હિત જોતાં શું આવશ્યક છે તે બાબત વચ્ચે આ કલહ જાગતો, અને આ બે કર્તવ્યનું સમાધાન કરવામાં ઘણીએવાર ચિંતા અને દુઃખ વ્હોરવા પડતાં. પણ રાનડે આ સઘળો સંતાપ સમજીને સહન કરી લેતા; તેઓના મને એ સંતાપ તો ભવિષ્યમાં થનારાં સારાં વાનાંઓ માટે તૈયારી હતી. એકવાર એઓ બોલ્યા હતા કે, “શૂળીનું દુઃખ સહન કરવાની આપણી ફરજ છે તે એટલા કારણથી નહિ કે સહેવામાં કાંઈક મીઠું સુખ રહેલું છે, પણ જે કારણ માટે તે દુઃખ ભોગવવું પડતું હતું તે કારણનું મહત્ત્વ વિચારમાં લેતાં તો દુઃખ અને સંતાપ કશા લેખામાં નથી એટલા માટે.” રાનડેનું એક બીજું લક્ષણ હું તમોને કહીશ; તે એ કે તેમને સતત આત્મપરીક્ષણનો કઠણ અભ્યાસ હતો, અને આખી જીંદગી એઓએ પોતાને કડક નિયમોને અધીન રાખીનેજ ગાળી છે. રાનડેના કરતાં પોતાના પ્રતિ વધારે સખ્તાઇથી, અને પારકાના પ્રતિ વધારે ઉદારતાથી જોનાર બીજા ભાગ્યેજ કોઈ હશે. હમેશાં આત્મસંયમ રાખવાની એમની ટેવ કંઇ તેમને કુદરતી બક્ષિસ તરીકે મળી ન હતી, પણ સતત સખ્ત નિયમોને આધીન રહેવાની એમની વૃત્તિના પરિણામે થવા પામી હતી. એમના ઉપર કરેલા ઘણાજ ઝનુની અને નામોસી ભરેલા હુમલાઓવાળાં લખાણો કાળજીપૂર્વક વંચાવતા અને એમના કંઇ બોલેલા કે લખેલાની પ્રશંસાત્મક નોંધ વાંચવાની પડતી મુકાવતા મેં એમને ઘણીવાર જોયા છે. આ હુમલાઓથી એમને દુઃખ થાય એવો એમનો સ્વભાવ ન હતો એમ માનવું એ ભૂલ છે. ખરૂં છે કે મૂઢ જગત્‌ની અધમ જંજાળથી અતિ દૂર ઉંચે એમના પોતાના નિરાળા સ્થાનમાં એઓ વિચરતા. પણ એમનું હૃદય અતિશય કોમળ હતું, અને હરેક પ્રકારનો અન્યાય તેમને તીવ્ર રીતે લાગી આવતો. છતાં, આ દુઃખનું મહત્ત્વ એની મર્યાદા શીખવવાની શક્તિમાં છે એમ માનીને તે સહન કરી લેતા, અને પોતાના નિકટમાં નિકટના આત્મીયોની આગળ પણ તે બાબત કદી ફરિયાદ ન કરતા. દેશના ખરા દિલથી કામ કરનારાઓને કોઇ અદ્‌ભુત ત્વરાથી પરખી લઇ, તેમને

ઉત્તેજન આપવાની તેમની ખાસીઅત વિષે મારા મિત્ર, સર ભાલચંદ્ર ઇસારો કરી ચૂકયા છે. હું તે વિષે એટલુંજ કહીશ કે એ બાબતમાં તો એમની શકિત આશ્ચર્ય પમાડે એવી હતી, અને આને પરિણામે, દેશમાં સ્થળે સ્થળે એકલા એકલવાયા કામ કરતા અનેક યુવકોના ગ્રહ મંડળમાં એઓ મધ્યસ્થ સૂર્ય રૂપે રહી તે સૌને પોતાનો પ્રકાશ અને ઉષ્મા આપતા, અને એમની આસપાસ તે સૌ પોતપોતાની કક્ષામાં અને પોતપોતાને અંતરે રહીને પ્રદક્ષિણા કરતા. આવા યુવકોમાં એઓ અતિશય ચમત્કારીક ભકિતભાવ જાગૃત કરી શકયા હતા, અને જે કામ કરનારા યુવકો એમની સાથે ગાઢ અંગત પરિચયમાં આવવાને ભાગ્યશાળી થતા તેમને તો એમનું વચન તે શાસ્ત્ર રૂપ હતું, અને કરેલા કાર્ય માટે મળેલી એમની પસંદગી એ તેનું પરમ ઐહિક ફળ હતું. ખરી રીતે, રાનડેમાં એક મહાન્ ગુરુનાં આદર્શ લક્ષણો અતિ ઘણે અંશે રહેલાં હતાં. અને જ્યારે આવા ગુરુ આપણને છોડી ગયા છે, ત્યારે આપણા પડતાં આખડતાં પગલાંનો પંથ જે જ્યોતિ અદ્યાપિપર્યંત ઉજાળી રહી હતી તે એકાએક હોલાઈ છે, અને આપણાં જીવન ઉપર અંધકારનો પડદો પડયો છે, એમ આપણને લાગે તેમાં શી નવાઇ? છતાં, નામદાર સાહેબ, અમો એટલી તો નમ્ર આશા રાખી શકીએ કે જેમણે આ પ્રજાને રાનડે આપ્યા તેઓ તેને અવાધ આગ્યે બીજા રાનડે આપશે. દરમ્યાન, જે પ્રજાએ રાનડેને ઉત્પન્ન કર્યા તે પ્રજાને આશા છોડવાનું કશું કારણ નથી એવી શ્રદ્ધા રાખી, એમનું નામ સદા અંતરમાં રાખવું, એમનું અનુકરણીય જીવન સદા સંઘરી રાખવું અને એમના ઉપદેશ આપણા જીવનમાં ઉતારવા એજ આપણું કર્તવ્ય છે.

મહાદેવ ગોવિંદ રાનડે.

૨.

[મહર્ષિ રાનડેની સને ૧૯૦૩ ની મૃત્યુતિથિ ઉપર મુંબઈની હિંદુ યુનિયન કલબ સમક્ષ નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

અધ્યક્ષ સાહેબ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોઃ—ગયા જાન્યુઆરીમાં મારા મિત્ર રા. પાધ્યેએ હિંદુ યુનિયન કલબ તરફથી આ વર્ષની રાનડેની મૃત્યુતિથિ ઉપર ભાષણ આપવાનું મને નિમન્ત્રણ કર્યું હતું. એમનો પત્ર મળ્યો એટલે મને લાગ્યું કે આ નિમન્ત્રણ સ્વીકારવું એ મારી ફરજ છે; પણ હું તે વેળા કલકત્તા હતો, અને માર્ચ આખર પહેલાં મારી આ તરફ આવવાની વકી ન હતી. આ કારણથી મેં મારી સ્થિતિ બાબત તે પત્રના પ્રત્યુત્તરમાં ખુલાસો કરી સાથે સાથેજ નિવેદન કર્યું કે 'પ્રસ્તુત પ્રસંગ કોઇપણ કારણે, કોઇ બીજા અનુકૂલ દિવસ ઉપર મુલતવી રાખવાનું બની શકે તે વેળા કલબને મારી નમ્ર સેવા આપવાને હું તૈયાર છું.' કલબની કમિટીએ ઘણા માન સાથે મારી માગણી સ્વીકારી, અને મને અનુકૂળ એક દિવસ નક્કી કર્યો. આ કારણથીજ જે ભાષણ આશરે ૭ માસ ઉપર થવું જોઇતું હતું તે ભાષણ આપવાને આજે તમે મને તમારી સમક્ષ ઉભેલો જુઓ છો.

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, રા. પાધ્યેના પત્રમાં કરેલી વિનંતિ સ્વીકારવી તો સહેલી હતી. પણ મારા ભાષણમાં મારે શું શું કહેવું તે બાબત નિશ્ચય કરવો એ તેટલું સહેલ ન હતું. તમે સૌ જાણો છો કે રાનડેનો બુદ્ધિ પ્રભાવ બહુ જબરો હતો, અને તેની સાથે અખૂટ ઉદ્યમ અને અગાધ આંતર નિશ્ચય તેમનામાં ભેગા થયેલાં હતાં. અને પાંત્રીશ વર્ષ પર્યંત આ સુવિખ્યાત પુરુષે એક પણ દિવસનો આંતરો પાડ્યા વિના કે રજા ભોગવ્યા વિના અહોનિશ વાંચવાનું, વિચારવાનું, લખવાનું, બોલવાનું અને કામ કરવાનું ચાલુ રાખ્યું છે. આ કારણથી રાનડેની ઉપરના ભાષણનો પાયો જે સાધન–સામગ્રી ઉપર રચવામાં આવે તે એવી મહાભારત છે કે તેનાથી

કોઈપણ જણ ચકિત થાય અને અકળાઈ જાય. ખરે, રાનડેનાં જીવન અને જીવન કાર્યના જુદા જુદા ભાગો ઉપર દશ બાર ભાષણો આપવાં, એ આજે સાંજે મારે જે સામાન્ય વ્યાખ્યાન આપવાનું છે તેના કરતાં મને તો વિશેષ સુગમ લાગે છે. વારુ, પ્રથમ તો આપણા કાળના એઓ શ્રેષ્ઠ સાધુ હતા, અને એમનો સંસર્ગ ઉચ્ચ અને પાવન કરે એવો હતો; આ વિચારતાં રાનડેનું એક સજ્જન તરીકે આપણે વિવેચન કરી શકીએ. વળી, એમનો હિંદ માટે પ્રેમ નિરવધિ હતો, અને હિંદના કલ્યાણ માટે એમનો અથાગ શ્રમ દેશના લોકો માટે સદાકાળ ઉજળા ઝગઝગતા દૃષ્ટાન્ત રૂપ રહેનાર છે, આ વાત વિચારમાં લેતાં આપણે એમનું એ દેશ સેવક તરીકે વિવેચન કરી શકીએ. વળી, એમની વિશાળ દૃષ્ટિ સમાજની આખી ઇમારત ઉપર, તેના તળીએથી તે ટોચ સુધી ફરી વળતી, અને તેના સર્વ અંગો, રાજ્ય, સંસાર, ધર્મ, વ્યાપાર, નીતિ અને શિક્ષણનું એકી વખતે નિરીક્ષણ કરી લેતી, આ વિચારતાં, એક સમાજ–સુધારક તરીકે તેમને વિષે બોલી શકીએ; અથવા તો પંડિત અને ગુરુ તરીકે, કે મારા ધારવા પ્રમાણે, આપણા કાળના એક સર્વ શ્રેષ્ઠ કાર્યકર્તા તરીકે આપણે એમને વિષે બોલી શકીએ; અથવા તો આપણે એમના વિચારો અને ઉપદેશો, તથા આપણા વિધવિધ રાષ્ટ્રીય કાર્યપ્રદેશોમાં એમની કામ કરવાની ઢબ લઈને તપાસી શકીએ. આ પ્રમાણે આપણે જૂદાં જૂદાં દશ બાર વ્યાખ્યાન આપી શકીએ, અને તેમ છતાં પણ આપણો વિષય અધૂરો રહે. પણ રાનડેના કાર્યની આ સર્વ દિશાઓ સંબંધે એક સામાન્ય વ્યાખ્યાન આપવું–અને તેયે છેક ઠીકાઠીક નહિ લાગે એવું આપવું–એ તો મારા ધારવા પ્રમાણે બહુ કઠણ કામ છે. આજ તમોને હું જે કહેવા માગું છું તેમાં રાનડેની કારકીર્દિ અથવા તેમનાં કાર્યનું વિવેચનાત્મક દિગ્દર્શન કરવા માગતો નથી. પ્રથમ વાત એ છે કે તેમના કાળથી આપણે બહુ છેટા નથી. અને બીજી વાત તો એ છે કે હું એમની એટલો બધો નિકટ રહ્યો છું કે તેમની કારકીર્દિનું વિવેચનાત્મક દિગ્દર્શન કરવા માટે જે તટસ્થતા જોઈએ તે તટસ્થતા મને મળી શકી નથી. પણ જે નિકટતાને લીધે એમની વિવેચનાત્મક તુલના કરવાને માટે હું કેટલેક

અંશે અનધિકારી થાઉં છું, તેજ નિકટતાને લીધે તેમના અંતરતમ વિચારો અને આશાઓ, તેમના આદર્શો અને મનોરથો, અને જેમના જેમના સંસર્ગમાં તેઓ આવતા તેમના ઉપર તેઓ વિદ્યુત્સમ અસર કરતા તેની ખરી કુંચીનું સારૂં પિછાન મેળવવાની અપૂર્વ તકો મને મળી હતી. અને આજે અહીં હું આ બાબતો વિષેજ બોલવા ઇચ્છું છું. જે ચૌદ વર્ષ મને એમના ચરણ આગળ બેસવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું હતું તે દરમ્યાન તેમનામાં જે જે મને ખાસ ખુબીઓ લાગી છે તે હુ આજે તમોને બને તેટલી સંક્ષિપ્ત રીતે કહીશ; એમનો કાર્યમન્ત્ર શું હતો, અને મોટમોટી મુશ્કેલી અને નિરાશામાં એ મન્ત્ર શેણે ટકી રહ્યો હતો, તથા જે પાક ઉત્પન્ન કરવા માટે તેમણે શ્રમ લીધો હતો તે વખત આવ્યે લણવામાં આવે અને નિષ્ફળ નહિ જાય તે અર્થે તેઓ આ દેશની ઉગતી પ્રજા માટે શો સંદેશ મેલી ગયા છે, આ સૌ હું સંક્ષેપમાં આપની સમક્ષ કહીશ.

એમની દેશભક્તિ.

રાનડેના સમાગમમાં આવનાર કોઇપણ જણને એમની ચમત્કારિક મૂર્તિની અંદર રહેલી, પ્રથમ વસ્તુ જે જણાતી તે તેમની શુદ્ધ, પ્રબળ, નિઃસીમ દેશભક્તિ હતી. મારા આખા જન્મારામાં, પોતાના દેશના અને તેના કલ્યાણના વિચારમાં અહોરાત્ર આટલા બધા સંપૂર્ણ નિમગ્ન રહેલા બીજા મેં માત્ર દાદાભાઇ નવરોજીનેજ જોયા છે. એમને હિંદનો ગત કાળ એ મહા અભિમાનનું અને યોગ્ય અભિમાનનું કારણ હતો; પણ ગતકાળના કરતાં એ એમના વિચાર વર્તમાન અને ભાવીમાં અધિક નિમગ્ન હતા, અને આ વાતજ સુધારાના જૂદાં જૂદાં ક્ષેત્રોમાં એમની અતુલ અદ્ભુત પ્રવૃત્તિનું મૂળ હતી. બ્રિટિશ રાજ્યમાં આપણા લોકો માટે મોટ-મોટી તકો રહેલી છે એમ, તથા વર્તમાન વસ્તુસ્થિતિમાં દેશને માટે કરવાનું કામ અમુક મર્યાદામાં રહીનેજ કરવાનું છે એવું પૂર્ણ અને પાકી રીતે રાનડે સમજ્યા હતા. મેં સાંભળ્યું છે કે જ્યારે તેઓ કૉલેજમાં હતા ત્યારે તેમના વિચાર કંઇક વધારે ઉન્મત્ત હતા ખરા. સદ્ગત જવેરિલાલ

ભાઇએ એકવાર મને કહ્યું હતું કે તે કાળે રાનડેએ એક નિબંધ લખ્યો હતો તેમાં મરાઠા રાજ્યની સાથે બ્રિટિશ રાજ્યને સરખાવતાં બ્રિટિશ રાજ્યની ખૂબ ધૂળ કાઢી હતી. એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રિન્સિપાલ તે વેળા સર એલેક્ઝાન્ડર ગ્રાન્ટ હતા—તેમને રાનડેની શક્તિ માટે બહુ માન હતું અને રાનડે પ્રતિ પ્રીતિ ધરાવતા હતા—તેમણે રાનડેને બોલાવીને કહ્યું: "અલ્પ્યા નાદાન, જે સરકાર તને કેળવણી આપી રહી છે, અને તારા લોકોને માટે આટલું બધું કરી રહી છે તેની તારે વગોવણી કરવી નહિ જોઇએ." અને એ વાતથી પોતે અત્યંત નાખુશ થયા છે એમ દર્શાવવા માટે એમણે રાનડેની સ્કોલરશિપ ૭ માસ બંધ કરી હતી. મારે અહીં કહી દેવું જોઇએ કે આ ઠપકાની પાછળ કાંઇપણ કડવાશ રહી ન હતી, કારણ કે રાનડે, સારી જીંદગીભર સર એલેક્ઝાન્ડર માટે ઉંડા ભક્તિભાવ અને બહુ માનથીજ બોલતા. વધુ વાંચન અને મનન સાથે વિચાર વધુ પરિપક્વ થતા ગયા, દૃષ્ટિ વિશાળ બનતી ગઇ અને થોડા કાળમાં તો રાનડે પોતાનાં જીવનનું મહાલક્ષ્ય સમજ્યા, અને પેલા કાર્યમન્ત્રને પામ્યા, જે કાર્ય મન્ત્રને ગમે તેટલો અન્યાય, વિરોધ કે નિરાશા કદી મોળો પાડી ન શક્યા. એમની જીંદગીનો એકપૂરો મનોરથ એ હતો કે સેંકડો વર્ષના પ્રમાદમાંથી હિંદને જાગૃત કરી, તેને સત્ય, ન્યાય, અને સ્વમાન સમજતી, હૃદયની સઘળી ભૂખો સમજતી, ઉદાત્ત આદર્શોથી અનુપ્રાણિત અને મ્હોટાં રાષ્ટ્રીય કાર્યો આદરતી એક મહાન સજીવ પ્રજા બનાવવી. અને એમણે સ્થિર નિશ્ચય કીધો કે હિંદ અને ઈંગ્લંડ વચ્ચે જે સંબંધ જોડાયો છે તે આ મનોરથની સિદ્ધિ માટે પ્રભુએ નિર્મેલી સામગ્રી રૂપ છે. આ તેમનો નિશ્ચય કદી કોઈ પણ સંજોગોમાં ડગ્યો નથી. એમના વિષે ખોટા વિચાર બંધાતા અને એમના અર્થના અનર્થ થતા તોપણ આ નિશ્ચયમાં તો તેઓ દૃઢજ રહ્યા. વારંવાર એઓ એમની આસપાસના માણસોને કહેતા કે જો કે આ રાજ્યમાં વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા માટે ક્ષેત્ર ન્હાનું છે, અને એક એકલી વ્યક્તિની શક્તિના આવિર્ભાવ માટે બહુ ઓછો અવકાશ છે, છતાં આપણને આપણી સ્થિતિના સત્ય સ્વરૂપનું ભાન થાય, અને આપણે આવેલો અવસર ગુમાવીએ નહિ તો આપણા

જનસમૂહ માટે ઘણી મોટી આશા રહેલી છે, અને આપણી સમક્ષ મ્હોટું ભાવી રહેલું છે.

અને આ પ્રબળ માન્યતાનો વેગ સુધારાનાં ક્ષેત્રમાં રાનડેની સઘળી પ્રવૃત્તિમાં ઉતરતો હતો. માત્ર સત્યના પ્રેમથી અને અસત્ય કે અશુભ પ્રતિ અણગમાથીજ રાનડે સુધારક બન્યા હતા એમ નથી; આ બંને વાનાં હતાં ખરાં; પણ રાનડે પ્રકૃતિથીજ એવા તો નમ્ર અને ક્ષમાશીલ હતા કે કોઈપણ જણની કોઈપણ પ્રકારે લાગણી દૂભવાતી અટકાવાય ત્યાં સુધી તેમની ધાર્મિક માન્યતા કે સામાજિક રૂઢિઓ તરફ વૈર વૃત્તિ ધારણ કરીને તેમનું દિલ દૂભવતા નહિ. જગતના અને હિંદના ઇતિહાસમાં એવા સુધારકો, મહાન્ સુધારકો, થઇ ગયા છે જેમણે સુધારાનોજ પ્રચાર કીધો છે, અને સત્ય અને સત્યનિષ્ઠાની ખાતર હેરાનગતિ વ્હોરી છે, કારણ કે કોઇપણ કષ્ટે સત્ય પ્રગટ કરવાનો કોઈ દૈવી સત્તાનો આદેશ તેમના કાને પડેલો હોય છે. હું ધારૂં છું કે આવા પુરુષોની સ્થિતિ ન્યારીજ છે–મનુષ્યનાં ભાગ્યમાં લખેલા ઉચ્ચોચ્ચ સ્થાને તેઓ વિરાજે છે. રાનડેની સ્થિતિ આ ન હતી–તેઓ સુધારાનો પ્રચાર કરતા તે એટલાજ કારણથી નહિ કે તેમનું અંતર તેમ કરવાને તેમને આજ્ઞા કરતું, પણ બીજા એ પણ કારણથી કે તેમની બુદ્ધિએ નિશ્ચિત કર્યું હતું કે સુધારા વિના પ્રજા તરીકે આપણું શ્રેય થવું અશક્ય છે. સત્યનીજ ખાતર સત્યનો પ્રચાર કરતા. પુરુષોનાં જીવન ખરી-રીતે સમસ્ત માનવ જાતિ માટે છે, જો કે તેમની વાણી તો અમુક કાળ અને દેશના લોકોનેજ ઉદ્દેશીને થયેલી હોય છે. રાનડેએ તો માત્ર પોતાના દેશને માટે જીવવું અને કામ કરવું એટલામાંજ સંતોષ માન્યો હતો, અને જો કે પર પ્રજાના ઇતિહાસ અને સંસ્થાઓનો તેમણે બહુ ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યો હતો, તો પણ તે અભ્યાસ તેમણે તે ઇતિહાસ અને સંસ્થા-ઓમાંથી પોતાના દેશબંધુઓના લાભ માટે બોધ મેળવવાનેજ કીધો હતો. રાનડે અને બીજા મહાન્ સુધારકો વચ્ચેનો આ તાત્વિક ભેદ, રાનડેનું કાર્ય અને રાનડેના ઉપદેશનું ખરૂં સ્વરૂપ સમજવા માટે, સ્પષ્ટ રીતે લક્ષમાં રાખવા જેવો છે. દાખલા તરીકે, રાજા રામમોહન રાયે મૂર્તિપૂજા વિરુદ્ધ પોતાનો ઝુંડો

રોપ્યો હતો તેનું કારણ એ કે તેમના મને મૂર્તિ પૂજા એ સ્વતઃ ભ્રમ મૂલક હતી, સ્વતઃ સત્યની વિરુદ્ધ હતી, અને તે કારણે તેની વિરુદ્ધ પોતાનો પોકાર ઉઠાવવાનું તેમનું કર્તવ્ય હતું. રાનડેએ પણ મૂર્તિ પૂજા વિરુદ્ધ પોકાર ઉઠાવ્યો હતો, પણ તે મુખ્ય એ કારણે કે તેનાથી અધમ અને અવનતિજનક વહેમો ઉત્પન્ન થતા હતા, અને તે વહેમોને પરિણામે નીતિજીવન અને ધર્મજીવનની ઉંચી દશાએ પ્રજાની પ્રગતિ થતી અટકી હતી. આ બાબત, હું તમને ખાસ લક્ષમાં રાખવાનું કહું છું, કારણ કે રાનડેનું જે વર્તન કેટલીક વાર તેમના મિત્રોને અગમ્ય લાગતું તેનો ઘણો ખુલાસો આમાંથી મળે છે. તમારામાંના કેટલાકને યાદ હશે કે થોડા વર્ષ ઉપર રાનડે તુકારામ, રામદાસ અને એકનાથ સાધુઓનાં જીવન ચરિત્રો ઉપર વ્યાખ્યાન આપવા માટે ઠાકુર્દ્વાર મંદિરમાં ગયેલા ત્યારે પ્રાર્થના સમાજના ઘણા સભાસદો તેમનાથી નારાજ થ । હતા. તે વ્યાખ્યાનોમાં તેઓ જે બોલ્યા હતા તે તો અલબત સમાજના સિદ્ધાન્તોને સંપૂર્ણ અનુકૂળ હતું, પણ તેઓ સમાજના એક અગ્રેસર સભાસદ થઇ મૂર્તિપૂજાનાં સ્થાને લોકોને વ્યાખ્યાન આપવા જાય એ વાતથી ઘણાને માઠું લાગ્યું હતું. અલબત હું એમ નથી કહેવા માગતો કે તે પ્રસંગે તે લોકોને જે લાગ્યુ તે ખોટું હતું. કદાચ તેમનાં સ્થાને હું હોત તો મને પણ તેમજ લાગત; પણ રાનડેના મને તો તે વ્યાખ્યાનો એજ મુખ્ય વસ્તુ હતી, વ્યાખ્યાન સ્થાન સાથે કશું લેવા દેવા નહતું. એમને તો પોતાના વિચારો પોતાના દેશબંધુઓને પહોંચાડવા હતા, અને તેમ કરવાની તેમને તક મળતી હોય તો તેઓ જ્યાં ભેગા થયા હોય ત્યાં જઇને તેમ કરવાનો તેમને કશો વાંધો ન હતો.

સમતાયુક્ત મન.

રાનડેમાં બીજી જે વસ્તુ આપણને ખાસ લાગે છે તે એ કે તેઓ આપણા કાળના હિંદવાસીઓમાં સૌથી પ્રૌઢ વિચારક હતા, અને તેમનું મન અદ્ભુત સમતાયુક્ત અને વસ્તુઓનું સર્વતઃ દર્શન કરવાની શક્તિયુક્ત હતું, તથા ન્યાય અને મર્યાદાનો તેમને ઉંડો વિવેક હતો. અનુમાન બાંધવામાં તેઓ કદી ઉતાવળ કરતા નહિ, હમેશાં સપાટીની નીચે જઇ તળીઉં

જોવાનો અને પરિણામ અને કાર્યનાં ગૂઢ કારણો ખોળી કાઢવાનો પ્રયત્ન કરતા. એમના વિચાર, વિશાળ વાંચન અને અવલોકનના આધારે, અને પરિપકવ મનનનાં પરિણામે બંધાયલા હતા, અને એકવાર બંધાયા પછી તે વિચારો, પોતાના દેશબંધુઓને ધ્યાનમાં એવા તો જોસથી અને ચીવટતાથી તેઓ ઠસાવતા કે, જે જોસ અને ચીવટતા અંતરના ઉંડા નિશ્ચય સિવાય આવી ન શકે. વળી એમનું સર્વદર્શી મન રાષ્ટ્રીય કાર્યનાં સમસ્ત ક્ષેત્ર ઉપર ફરી વળતું, અને જૂદી જૂદી પ્રવૃત્તિઓ વચ્ચે યોગ્ય મેળ બેસાડવાની જરૂર સમજતું; આ કારણથી સર્વ દિશામાં સુધારા કરવા માટે એઓ સરખી આતુરતા ધરાવતા થયા હતા, સર્વ હીલચાલોમાં સરખો રસ લેતા થયા હતા: પછી તે હીલચાલ, રાજ્ય પ્રકરણી ન્યૂનતાઓ અને રાજ્ય વહીવટની ફરિયાદ દૂર કરવા માટેની હોય યા તો સ્ત્રીઓના અજ્ઞાનની વિરુદ્ધ કે કાચી વયે માતા થવા વિરુદ્ધની અને વિધવા અને અંત્યજોના દુઃખો નિવારણ કરવા માટેની હોય; યાતો દેશની આર્થિક સ્થિતિ વિષેના ખરા જ્ઞાનના પ્રચાર કરવા માટેની હોય, અથવા તો પૂજાનું સ્વરૂપ વિશુદ્ધ કરવા માટેની કે તેને વધારે સરળ અને આધ્યાત્મિક બનાવવા માટેની હોય. પણ આ સર્વ સુધારાની આવશ્યકતા સ્વીકારતે છતે પણ તેઓની માન્યતા હતી કે, આ સઘળા ઉપરાંત પ્રત્યેક મનુષ્યે પોતાના આત્માને નવીન જીવન અર્પવું જોઇએ, જેથી કરીને તેનાં કર્મના સંચાલક હેતુઓ અધિક શુદ્ધ થાય, તેના આદર્શો અધિક ઉન્નત થાય, અને તેનું વ્યાવહારિક જીવન નિર્ભય અને અધિક યોગ્ય આશયો માટે પ્રવૃત્ત થાય. આ વિષય સંબંધે પોતાના ભાવોનો એઓ બહુ નીડરતાથી, ખરા દિલથી અને ચીવટતાથી પ્રચાર કરતા, પણ તે ભાવોને વિચાર કે વાણીની ઉચ્છૃંખલતાથી કદી દૂષિત થવા દેતા નહિ, તેમજ એમના નિશ્ચયોમાં, પોતાને થયેલા દુઃખ કે અન્યાયથી, કદી ફેરફાર થતો નહિ.

ધુળીઆવાળો બનાવ.

તમારામાં ઘણાકને ખબર હશે કે આશરે પચીશ વર્ષ ઉપર દખ્ખણમાં બહુ ખળભળાટ મચ્યો હતો, અને પૂનાના એક વાસુદેવ બળવંત નામના માણસે સંખ્યાબંધ અજ્ઞાન અનુયાયીઓ ટોળેકરી ધાડપાડીને

અને નિરપરાધી લોકોને લૂટીને છચોક સરકાર વિરુદ્ધ બખેડો ઉઠાવ્યો હતો. સર રિચર્ડ ટેમ્પલની સરકાર કોણ જાણે કેમ માની બેઠી કે આ ધાડપાડુઓને પૂનાના આગેવાન શહેરીઓની દિલસોજી અને ટેકો છે–કારણ, મારા ધારવા પ્રમાણે, એ હશે કે વાસુદેવ બળવંત પૂનાનો બ્રાહ્મણ હતો. જે જે માણસો ઉપર શક ગયો હતો તેમાંના એક રાનડે પણ હતા. આ તો અલબત, એક રાક્ષસી, અને બિલકુલ અણઘટતો શક હતો, કારણ રાનડેને તો વાસુદેવ બળવંતની મારફાડની રીત ગ્રહણ કરવા વિરુદ્ધ એક કાયદાપૂર્વક હીલચાલ પૂનામાં ઉભા કરનાર અને તેના આગેવાન તરીકે સૌ કોઇ જાણતું હતું. છતાં, જ્યારે સને ૧૮૭૯ ના મે મહિનામાં પૂનામાં બે ઇમારતોને કોઇ બદમાશે આગ લગાડી ત્યારે સરકારે તરતજ રાનડેની ધુળીઆ બદલી કરી. આ આગમચ એમની બદલી નાશક થઇ ચૂકેલી હતી; પણ ધુળીઆ પૂનાથી વધારે દૂર હોવાથી વધારે સલામત માનવામાં આવ્યું. અને રજાના દિવસો હતા છતાં પૂના તાબડતોબ છોડી ધુળીઆ જવાનો તેમને હુકમ થયો. સરકારનું આ પગલું એટલું તો વિચિત્ર હતું કે પાછળથી હાઈ કોર્ટે પણ એ બદલી સામે વાંધો ઉઠાવ્યો હતો; અને ખરી હકીકત એવી છે કે ગુન્હેગારને પકડનાર અને તેની પાસે ગુન્હો કબુલ કરાવનાર તો ખુદ રાનડે પોતેજ હતા. એમના ધુળીઆ ગયા પછી, એમના ખાનગી પત્રવ્યવહારની પણ એકાદ મહિના સુધી ખૂબ તપાસ રાખવામાં આવી. આશ્ચર્યની વાત છે કે તેજ વખતે પૂના તરફથી, આગેવાન ધાડ-પાડુઓએ પોતાની હીલચાલ સંબંધી લખેલા અહેવાલોનાં રૂપમાં એમના ઉપર પત્રો આવવા માંડ્યા. આ પત્રો રાનડેને વાસુદેવ બળવંત સાથે કાંઈ સંબંધ છે કે નહિ તે નક્કી કરવા માટે પોલિસે મોકલેલા પત્રો છે એમ રાનડે અનુમાન કર્યા વિના રહ્યા નહિ, અને આવા આવા સર્વ પત્રો હાથમાં આવ્યા કે લાગલાજ તેઓ પોલિસને સ્વાધીન કરવાનું ચૂક્યા નહિ. તેમની સાથે જે વર્તન રાખવામાં આવતું હતું તેનાથી તેમને કેટલીકવાર બહુ માઠું લાગતું; આ પ્રમાણે એક મહિનો વીતી ગયો. ત્યાર પછી ત્યાંના એક અંગ્રેજ અમલદાર સાથે એ બાબત રાનડેને વાતચીત થઈ–આ અમલદાર સિવિલ સર્વિસના અમલદાર છે, અને તેમનું નામ લોકો માટે ઉદાર લાગણી

ધરાવવા બદલ આ ઇલાકામાં મશહૂર છે. એમણે જે બન્યું હતું તે બાબત દિલગીરી દર્શાવી, અને રાનડેને ખાતરી આપી કે તેમના વિરુદ્ધ જે શક ધરાવવામાં આવે છે, તે બિન પાયાદાર છે એવી સરકારની ખાતરી થઇ છે. હવે રાનડેને બદલે બીજો કોઇપણ જણ જે જે વખતે આ પ્રસંગ યાદ આવે તે તે વખતે થોડું ઘણું તપીને બોલ્યા વિના રહેત નહિ. પણ મને સ્મરણ છે કે એકવાર એજ પ્રસંગ વિષે મારી સાથે વાત કરતાં રાનડે આટલું ઉમેરવાને ચૂકયા ન હતાઃ "અરે, આવી ગેરસમજુતો તો વર્તમાન વસ્તુ-સ્થિતિમાં વખતો વખત, ઘણી ખરી અચૂક થયા વિના નહિ રહેવાની. ગમે તેમ હો, તો પણ આપણે ભૂલવું જોઇતું નથી કે એમનીજ જગ્યાએ આપણે હોત તો કદાચ એમના કરતાં વધારે માઠી રીતે વર્ત્યા હોત." એમની મક્કમ ન્યાય બુદ્ધિની, તેમજ ગમે તેટલું અંગત દુઃખ બ્રિટિશ રાજ્યના સ્વરૂપ સંબંધી એમની માન્યતા કદી પલટાવે એમ ન હતું એ વાતની, આ કિસ્સો બહુ ઉત્તમ સાખ પૂરે છે. આથી કંઇક જૂદો એક બીજો કિસ્સો નવ વર્ષ ઉપર બન્યો હતો; તેનાથી એક પ્રશ્નમાં સમાયલી સર્વ બાબતો વિચારમાં લેવાની એમને હમેશાં ટેવ હતી એ જણાઇ આવે છે. મદ્રાસ કોંગ્રેસ અને કોન્ફરન્સમાંથી અમે પાછા વળતા હતા તે વખતે રસ્તામાં શોલાપુરના સ્ટેશન ઉપર રાનડેનું એક સિવિલિયને અપમાન કીધું; અમે સૌ સેકંડ કલાસમાં બેઠા હતા ત્યાં રાનડે પોતાના ફર્સ્ટ કલાસના ડબ્બામાંથી આવીને બેઠા હતા, તેનો લાભ લઇને તે તેમની બેઠક ઉપરથી તેમનું બિછાનું ફેંકી દઈ તે બેઠક પચાવી પડ્યો. રાનડેને આ વાતની ખબર પડતાં, ઠંડે પેટે પોતાના ડબ્બામાં ગયા, અને એક પણ શબ્દ બોલ્યા વિના અમારી સાથે ડૉ. ભાંડારકર હતા તેમની જોડેની એક બીજી બેઠક લીધી. સુવાની વખત થઈ એટલે ડૉ. ભાંડારકરનું રાનડેના કરતાં જરા ઓછું વજન હોવાથી તે ઉપલી બેઠક ઉપર ચઢી ગયા અને રાનડેને પોતાની બેઠક આપી. પૂના આવતાં પેલો અંગ્રેજ, જે તે વેળા એક આસિસ્ટંટ જજ હતો, તેને કોણ જાણે કેમ ખબર પડી ગઇ કે જેમનું પોતે અપમાન કર્યું છે તે તો હાઇકોર્ટના જજ રાનડે છે. લાગલોજ તે રાનડેની માફી માગતા જવાનું કરવા લાગ્યો. પણ રાનડે તેને પોતાની તરફ

આવતો જોતાંની સાથેજ તેના તરફ પોતાની પૂંઠ ફેરવી ચાલતા થયા. બીજે દિવસે આ બાબતમાં કાંઇ પગલાં લેવા ધારો છો કે કેમ, એમ મેં તેમને પૂછ્યું. તેઓ બોલ્યા: "હોય એતો, એમાં કંઇ હું બહુ જોતો નથી. હું એક વાત કહીશ ને તેની સામે એ ભળતીજ વાત કહેશે, અને ગમે તેમ હોય તોપણ એમાં તે વળી લડવા જવાં શાં?" વળી એમણે મને પૂછ્યું, "વારૂ, એતો ઠીક, પણ આપણેજ આપણું તળીઉં તપાસોની? આવી બાબતમાં આપણે છેક ચોખ્ખા છીએ કે? આ વખતમાં પણ આપણા દેશબંધુઓ-અંત્યજોની સાથે આપણે કેવી રીતે વર્ત્યે છીએ? જે વેળા તેમણે અને આપણે હાથમાં હાથ મિલાવી આપણા દેશને માટે કામ કરવું જોઇએ તે વેળા આપણે આપણા અસલના ઉંચા પણાના હક્કો છોડવા આનાકાની કરીએ છીએ, અને તેમને નીચા ચગદાયલા રાખવાનોજ આગ્રહ ધરીએ છીએ. ત્યારે આપણા તરફ તિરસ્કારથી વર્તતા રાજ્યકર્ત્રી પ્રજાના લોકોને આપણું તળીઉં તપાસી જોશું તો, શી રીતે ઠપકો આપી શકીશું?" "બેશક" એમણે આગળ ચલાવ્યું, " આવા પ્રસંગો બહુ દુઃખદાયક અને નામોશી ભરેલા છે અને તેનાથી આપણી માન્યતા અને શ્રદ્ધા બહુ કઠણ કસોટીએ ચઢે છે, એ સાચું. પણ આવા કડવા પ્રસંગોનો ઉત્તમ ઉપયોગ તો આપણે એજ કરી શકીએ કે આપણે આપણા કર્તવ્યમાં વધારે દિલ રાખવું અને ચીવટ રાખવી."

એમની કાર્યપરાયણતા.

રાનડેની બીજી ખાસ ખાસીઅત એ હતી કે એમને કામ ઉપર ભારે શ્રદ્ધા હતી. એ મહાપુરુષે પોતાની જીંદગીમાં જેટલું કામ કર્યું તેનો ખ્યાલ કરતાં આપણને આશ્ચર્ય થાય છે, આપણે આભા બનીએ છીએ. તેમનું જબરદસ્ત મગજ નિરંતર જ્ઞાન મેળવવામાં મશગુલ રહેતું અને આ દેશમાં ક્વચિતજ જોવામાં આવેલા એવા ઉત્સાહ અને નિશ્ચય બળથી તે જ્ઞાનનો પ્રચાર કરવામાં પણ મશગુલ હતું. કામ કરવાની શક્તિ તેમની અલૌકિક હતી એટલુંજ નહિ પણ તેમાં તેઓ એવી તો ભારે મઝા માનતા, કે તેમાં તેઓ મસ્ત હોય એમ લાગતું. કામમાંજ એવો રહેતા, કામમાંજ

એઓ મ્હાલતા, અને કામમાંજ પોતાના આત્માને જોતા. તેઓ કહેતા કે પ્રમાદ એ તો આ સમયે આપણો પરમ શત્રુ છે. ખોટા વિચારો તેઓ સાંખી શકતા; ઉંધી પ્રવૃત્તિ તેઓ સાંખી શકતા; પણ પ્રમાદથી એમનું દિલ બહુજ દુભાતું, કારણ સૌ કરતાં પ્રમાદજ જીતવો અઘરોછે એમ એઓને લાગતું. ઘણું ખરૂં કામ તેઓ એક પવિત્ર કર્તવ્ય છે એમ માનીનેજ હાથે ધરતા. એમની જીંદગીમાં એમણે કેટલું કામ આટોપ્યું છે તેનો જરા ખ્યાલ કરો! ઠેઠ સુધી સરકારી કામ તો તેમનું ભારે હતુંજ; પણ તેને લીધે જૂદાજૂદા ક્ષેત્રોમાં દેશને માટે, એક અર્ધો ડઝન ભેગા મળી કામ કરે તેના કરતાં વધારે કામ કરતાં તેઓ અટકયા નથી. તેમને જે જે વિષયોમાં રસ પડતો તેની મર્યાદા પણ કેટલી વિશાળ હતી—તત્ત્વાભ્યાસ, ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિ શાસ્ત્ર, અર્થશાસ્ત્ર, એ સૌમાં તેમને સરખો રસ પડતો. આ સર્વ વિષયો સંબંધી તેમનું વાંચન વિશાળ હતું, અને દિનપ્રતિદિન તે સંબંધી જે કાંઈ નવીન જણાતું તે બને તેટલે અંશે તેઓ જાણવાનો પ્રયત્ન કરતા. તેમની રાજપ્રકરણી પ્રવૃત્તિ જોશું તો સૌ કોઈ જાણે છે કે લગભગ પા સૈકા સુધી પૂના સાર્વજનિક સભાના તેઓ દેવતા હતા. સભાની જાહોજલાલીના દિવસમાં તેનું સઘળું ઉત્કૃષ્ટ કામ કાંતો સીધું તેમના હાથેજ થતું કે તેમના હાથમાંથી અચૂક પસાર થતું. સભાનું ત્રિમાસિક સત્તર વર્ષ ચાલ્યું તે દરમ્યાન તેમાંના એ તૃતીયાંશ લેખો તેમણેજ લખ્યા હતા. સભાની દોરી જ્યારે એમના હાથમાં હતી ત્યારે સભાએ દેશના રાજકીય મંડળોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અને અનેક વર્ષ સુધી તેના તરફથી જે કાંઈ લખાણ જતું તેનું બીજી કોઇપણ દેશી સંસ્થાનાં લખાણ કરતાં સરકારમાં વધુ વજન પડતું, એ પણ સૌ સ્વીકારે છે. તેમણે કૉલેજ છોડી તે દિવસથી તે તેમનાં મરણ પર્યંત સંસાર સુધારાનાં ક્ષેત્રમાં તેમણે અથાગ પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. વારંવાર લેખોથી, ભાષણથી, ચર્ચાથી, સલાહથી અને મદદથી તેઓ તેમના કાળની સર્વ સુધારાની પ્રવૃત્તિમાં અગ્રેસર ભાગ લેતા. સંસાર સુધારા પરિષદ્‌ના તેઓ પિતા અને સ્થાપક હતા; એવી શ્રદ્ધાથી તેને માટે કામ કરતા કે દેવો અને મનુષ્યો નિરખી

રહે ! ધાર્મિક સુધારામાં પણ તેઓ ઉંડો અને સ્થાયી રસ લેતા, અને તેમનાં કેટલાંક ધાર્મિક વ્યાખ્યાનોમાં મેં જે જવાહીર જોયું છે તેથી અધિક મેં બીજાં કોઈમાં જોયું નથી. તેઓ એક પ્રૌઢ વિચારક હતા, અને અર્થશાસ્ત્રના વિષયો ઉપર વારંવાર લખતા, અને હિંદી અર્થશાસ્ત્ર સંબંધી એમના લેખો તો એવા છે કે તેમાંથી, અર્થશાસ્ત્રનું પોતાનું જ્ઞાન હિંદની વ્યાવહારિક સ્થિતિને લાગુ પાડવાને ઇચ્છતા અભ્યાસકોને અમૂલ્ય સૂચના મળે એમ છે. પૂનામાં કેટલાંક વર્ષ જે ઔદ્યોગિક પરિષદ્ મળતી તેના, અને લૉર્ડ રેના વખતમાં ભરાયલા ઔદ્યોગિક પ્રદર્શનના તેઓ એક મુખ્ય પ્રણેતા હતા. અને ગયા વીશ વર્ષ દરમ્યાન પૂનામાં જે જે ઔદ્યોગિક અને વ્યાપારિક કામો હાથ ધરવામાં આવ્યાં છે તેમને એમના તરફથી પુષ્કળ ઉત્તેજન, સલાહ અને સાહાય્ય મળી છે. આપણ માટે એઓ મરાઠાઓનો ઇતિહાસ મૂકી ગયા છે, જો કે દુર્ભાગ્યની વાત છે કે તે અપૂર્ણ રહ્યો છે. મુંબઇમાં હતા તે દરમ્યાન યુનિવર્સિટીનાં કામકાજમાં તેઓ અગ્રેસર ભાગ લેતા, અને સિન્ડિકેટમાં તેમણે કરેલાં કામ સંબંધે સદ્ગત ન્યાયમૂર્તિ મિ. કૅન્ડીએ સ્વેચ્છાથી સબળ સાખ પૂરી છે. આ સર્વ પ્રવૃત્તિઓ ઉપરાંત રાનડે હિંદુસ્તાનના સર્વ ભાગોમાંના પોતાના અસંખ્ય મિત્રો અને અનુયાયીઓ સાથે મહાભારત પત્ર વ્યવહાર ચલાવતા. અનેક વર્ષો સુધી પ્રતિદિવસ વીશ ઉપરાંત પત્રો એઓએ વાંચ્યા છે, અને તેના ઉત્તર આપ્યા છે, અને આમાં ઘર સંબંધી છેક સામાન્યથી માંડીને મોટી રાજ્ય પ્રકરણી, એવી બહુવિધ બાબતો ચર્ચાતી. સારા હિંદુસ્તાનના હરેક હરેક ખરા દિલથી કામ કરનાર સાથે એઓ સંબંધ રાખતા,—ખરા દિલથી કામ કરનાર કોઇ એમને મળતો ત્યારે એમનું હૈયું આનંદથી ઉભરાતું—આવા માણસને એઓ અચૂક પરખી લેતા, અને પછી હમેશ તેમની સાથે વ્યવહાર ચાલુ રાખતા. પણ એમણે કામ કર્યું છે તેનું પરિમાણજ આપણું માન જાગૃત કરેછે એમ નથી. જે ભાવથી એ કામ તેઓ કરતા તેને માટે કાંઇ કહેવાય તો તે એટલુંજ કે તેતો તે કામના કરતાં એ ન્યારો હતો !

એમનો આશાવાદ.

રાનડેની પ્રબળ આશાવંતતા વિષે અનેક ભાષણકર્તા અને લેખકોએ કંઇકિ કંઇક કહ્યું છે, અને તેઓએ એ માન્યતાને એમના મનોબંધારણનું એક અંગ માનીછે. બેશક, કેટલેક અંશે તેમજ હતું. એમનો સ્વભાવ અંતરથી બહુ આશાવંત હતો. આ આશાવંત સ્વભાવને લીધેજ હિંદના કોઇપણ ભાગમાં જણાતી પ્રગતિની રડીખડી નિશાની પણ એમનાં ધ્યાનમાં આવતી તો તેને તે ગણનામાં લેતા. કેટલેક અંશે એમની આશાવંતતાનું કારણ એ હતું કે બીજાના કરતાં એમની દૃષ્ટિ મર્યાદા વિશાળ હતી–બીજાઓ જ્યારે મેદાનની સપાટી ઉપરજ ઉભા રહીને જોતા ત્યારે તેઓ જાણે પર્વતના શિખરે ચઢીને જોતા. પણ મને તો હમેશાં એમજ લાગતું કે એમણે કદી આશાનો ત્યાગ ન કર્યો તેનું મુખ્ય કારણ એજ કે તેઓ પ્રૌઢ કર્મયોગી હતા. જેઓ કામ કરતા નથી, જેઓ કામનું ગૌરવ અને શક્તિ સમજતા નથી, તેઓજ નિરાશાના પાઠ ભણાવેછે. રાનડેની સોએ ટકા ખાતરી હતી કે જો આપણા લોકો ખરા દિલથી કામ કરે તો તેમનું ભવિષ્ય તેમના હાથમાંજ છે. રાષ્ટ્રીય ઉન્નતિની પ્રથમ શરત એઓ કામ ગણતા, અને સંપૂર્ણ યશ–ભરી રીતે તે શરત પોતે પૂરી કરી હતી, એટલે તેમનું મન કદી નિરાશાના વિચારથી નીચું નમતું નહિ. બાર વર્ષ ઉપર સંસારસુધારા પરિષદ્ અને તેની અપ્રિયતા સંબંધે વાતો કરતાં મારાથી તેમને પૂછાઇ ગયું કે ‘ જ્યારે સંસાર સુધારાના મોટમોટા હિમાયતીઓ ઠંડા થઈ બેઠા છે ત્યારે પરિષદ્‌નાં કામમાં આપની શ્રદ્ધા કેમ ટકી રહી છે ? ’ અને કહ્યું કે સભાઓ ભરી ઠરાવો પસાર કરવાના પોલંપેલથી કશું વળવાનું નથી. મારા તરફ ફરી રાનડે બોલ્યાઃ “ કામ પોલંપોલ નથી, આ લોકોની શ્રદ્ધા પોલંપોલ છે. ” જરા રહીને બોલ્યાઃ “ થોડાં વર્ષ થોભો. એક વખત એવો આવતો મ । જણાય છે, કે જ્યારે લોકો કોંગ્રેસ જે આજ આટલો બધો ઉત્સાહ જાગૃત કરી રહી છે, તેને માટે પણ એજ પ્રશ્ન પૂછશે. આપણી પ્રજામાંજ કંઇક એવું છે, જે તેને સતત શ્રમ કરતાં પાછી પાડે છે. ” કાંઇપણ જોવા જેવાં ફળ મેળવવાં હોય તો શાંતિથી અને

બિલકુલ કંટાળ્યા વિના કામ કરવાની જરૂર છે એવો રાનડેએ પોતાને માટે તો નિશ્ચય કરી રાખ્યો હતો. સને—હું ધારૂં છું કે—૧૮૯૧માં એમણે મને એક વચન કહેલું તે મારા સ્મરણમાં હજી ચોંટી રહ્યું છે. તે વર્ષે શોલાપુર અને બીજાપુર જીલ્લામાં ભારે દુકાળ પડ્યો હતો. આ જીલ્લાઓની સ્થિતિ સંબંધી સાર્વજનિક સભા જેનો હું સેક્રેટરી હતો, તેણે પુષ્કળ માહિતી ભેગી કરી હતી, અને તે સંબંધે યોગ્ય સમયમાં સરકારને અરજ રજુ કરવામાં આવી હતી. આ અરજ તૈયાર કરવામાં અમે પુષ્કળ શ્રમ લીધો હતો અને પુષ્કળ વિચાર કીધો હતો. પણ સરકારે તો એ લીટીનો જવાબ વાળ્યો, એટલુંજ કહીને કે તમે લખેલી હકીકત અમે ધ્યાનમાં લીધી છે. હું આ પત્ર વાંચી બહુ નિરાશ થયો, અને બીજે દિવસે સાંઝે રાનડે સાથે ફરવા જતાં મેં તેમને પૂછ્યું જ્યારે સરકાર 'અમે તમારા પત્રમાં લખેલી હકીકત ધ્યાનમાં લીધી છે' એટલુંજ લખવાની દરકાર કરે છે, ત્યારે આ બધો પરિશ્રમ ઉઠાવી આ અરજો ઘડીને કરવું છે શું ? એમણે કહ્યું: આપણા દેશના ઇતિહાસમાં આપણી સ્થિતિ શું છે તેની તમને ખબર નથી. આ અરજીઓ તો નામનીજ સરકારને મોકલવામાં આવે છે; ખરી રીતે તો તે લોકોનેજ મોકલવામાં આવે છે, એવા હેતુથી કે આવી બાબતમાં તેઓ વિચારતાં શીખે. આ કામતો કાંઇપણ ફળની આશા વિના અનેક વર્ષ કર્યાં કરવાનુંજ છે, કારણ આ જાતનાં રાજકાજ આ દેશમાં તો નવાંજ છે. અને વારૂ, સરકાર આપણે કહીએ તેટલું ધ્યાનમાં લે તે એ કાંઇક તો છેજ."

રાનડેનાં કામનુ બીજું ધ્યાનમાં રાખવા જેવું લક્ષણ એ હતું કે તેઓ ગમે તે કામ કરવાનું હોય તે કરવાને તૈયાર થઈ જતા. મંદિર બાંધવામાં, મુખ્ય શિલ્પીનુંજ કામ પોતાને સોંપવામાં આવે એવો તેમનો આગ્રહ ન હતો; ખાંધ પર ઈંટ અને પથ્થર વહેવાને પણ તેઓ રાજી હતા, અને તેમ કર્યે મંદિર બંધાયા વિના રહ્યું નહિ. લોકોપયોગી કામ કરવામાં, અંગત ન્હાનમ સાંખી લેવાથી જો સાર્વજનિક હિત સધાતું હોય તો તેમ કરવાને તેઓ તૈયાર હતા. સને ૧૮૮૫ માં હું પૂના ગયો ત્યાર પછી થોડાજ માસમાં આ વાતનો એક જાણવા જેવો દાખલો જોવામાં આવ્યો.

તે વર્ષે લૉર્ડ રિપનના ઉદાર કાયદા પ્રમાણે આપણા મ્યુનિસિપાલ બોર્ડોનું બંધારણ નવું રચાયું હતું. ચૂંટણીની પ્રથા પ્રથમ વારજ દાખલ થઈ હતી, અને પૂનામાં થયેલી ચૂંટણીમાં લોકોને અજબ રસ પડયો હતો. તે વર્ષ અગાઉ પૂનામાં મ્યુનિસિપાલીટીનું કામકાજ લગભગ સરકારીજ હતું, અને રાનડેની ખાસ ઇચ્છા હતી કે નવા બોર્ડમાં લોકનિયુક્ત સભાસદોને શહેરનો વહીવટ ચલાવવાની તક મળે. દુર્ભાગ્યે પૂનાના એક બીજા પ્રસિદ્ધ નાગરિક—સદ્દગત રા. કુણ્ટે—સરકાર પક્ષને મજબુત ટેકો આપવાને આગળ પડ્યા. રાનડે અને કુણ્ટે પ્રથમથીજ એક વર્ગમાં ભણતા હોઈ બાળપણથીજ ખાસ દોસ્ત હતા, પણ જૂની વ્યવસ્થાનો કુણ્ટેએ જે પક્ષ લીધો તેની વિરુદ્ધ રાનડેએ સખ્ત સપાટો લગાવ્યો, અને કુણ્ટે, જોસદાર બોલનારા હતા એટલે તેમણે લોક પક્ષની વિરુદ્ધ વૉર્ડ વૉર્ડમાં સભાઓ કરવાનું ઠરાવ્યું. થોડો વખત તો ખૂબ રસાકસી ચાલી; અને એવું જણાયું કે સરકાર કદાચ તે વેળા ચાલી રહેલા ઝગડાનો અનર્થ કરશે. આ કારણથી રાનડેએ કુણ્ટેની સાથે સમાધાન કરી લેવું યોગ્ય ધાર્યું અને તે હેતુથી, કુણ્ટે લગભગ દરેક સભામાં રાનડેની સામે ઘણીજ સખ્ત અંગત ટીકા કરતા એમ જણાયલું હતું છતાં તેમની એક સભામાં રાનડે ગયા. એ સભા રાસ્તે પેઠમાં મળી હતી. એક ખાનગી ઘરના ખંડમાં સૌ ભેગા થયા હતા; અમે સૌ ભોંય ઉપર બેઠા હતા અને કુણ્ટે ખંડને એક છેડેથી અમોને ભાષણ આપતા હતા; બારણું બીજે છેડે હતું. કુણ્ટે કેટલોક વાર બોલ્યા બાદ અચાનક બારણામાંથી રાનડેની મૂર્તિ આવતી જણાઇ. આવીને અમો સૌની માફક બારણા પાસે ભોંય ઉપર તેઓ પણ બેસી ગયા. કુણ્ટેએ તરતજ તેમના તરફ એટલે લગભગ સઘળા શ્રોતાઓ તરફ, પૂંઠ ફેરવી અને ભીંત તરફ જોઇને કેટલાક શબ્દ બોલી પોતાનું ભાષણ અચાનક બંધ કીધું. એઓ બેઠા પછી રાનડે પોતાની જગ્યાએથી ઉઠીને તેની પાસે બેઠા. સભા વિસર્જન થયા પછી, રાનડેએ કુણ્ટેને પોતાની ગાડીમાં બેસીને ફરવા આવવાની વિનંતિ કરી. પણ કુણ્ટે કરડાકીથી બોલ્યાઃ "મારે નથી આવવું તમારી ગાડીમાં", અને પોતાની ગાડીમાં બેસી ગયા. પરંતુ

રાનડે ધીમે ધીમે તેમની પાછળ ગયા, અને “વારૂ, તમે મારી ગાડીમાં નહિ આવશો તો હું તમારી ગાડીમાં આવીશ” એમ કહીને તેઓ કુણ્ટેની ગાડીમાં બેસી ગયા. આ પછી તો કુણ્ટે રાનડેને કાઢી શક્યા નહિ, અને બંને જણા લાંબે સુધી ફરવા ગયા અને પાછા આવતાં સુધીમાંજ સઘળી વાતનું સંતોષકારક નિરાકરણ થઈ ગયું. કુણ્ટેનો ક્રોધ શમ્યો અને લોકપક્ષ સામે તેમનો વિરોધ પણ બધો વાળી લેવામાં આવ્યો.

એમની સાધુતા.

અત્યાર સુધીમાં હું રાનડેની સર્વગ્રાહી બુદ્ધિ, સમતાયુક્ત મન, સ્વદેશભક્તિ અને મહા કાર્યપરાયણતા વિષે કહી ગયો. હવે એકાદ શબ્દ હું એમના સ્વભાવની ઉદાત્તતા વિષે કહીશ—એમની સાધુતા વિષે કહીશ. એમની ભારે બુદ્ધિ શક્તિના કરતાં એમની એ સાધુતાથી એઓ આખા દેશમાંના અનેકા અનેક બંધુઓનું ભક્તિયુક્ત સન્માન અને અનુરાગ મેળવી શક્યા હતા. લેશમાત્ર અત્યુક્તિ વિના હું કહી શકું છું કે જે યુવકવર્ગ એમના અંગત સમાગમમાં આવતો તેમને કોઇ પવિત્રાત્મા સમક્ષ આવ્યા જેવું લાગતું. અને તેઓ તેમના સંગમાં હોય તેટલીવાર કાંઈ અધમ ઉચ્ચારતા નહિ એટલુંજ નહિ, પણ અયોગ્ય વિચાર કરતાં પણ તેઓ ડરતા. મારા જન્મારામાં મારા ઉપર આવી અસર બીજા કોઇએ કીધી હોય તો તે માત્ર દાદાભાઇ નવરોજીએ. રાનડેના મોટા ગુણોમાં બહુ પ્રધાન ગુણ તેમની સંપૂર્ણ, અણિશુદ્ધ નિઃસ્વાર્થતા હતો. હું તમને કહી ગયો છું કે તેઓ અનેક ક્ષેત્રોમાં અનવરત કામ કરતા, છતાં તે માટે લવલેશ બુજની તેમણે કદી અપેક્ષા રાખી નથી, કદી તેમણે આ કે પેલા માટે મને લોકો સારો કહેશે કે નહિ એવો વિચાર કર્યો નથી. ખરેખર, પોતાનું કામ, રાજકીયજ નહિ, પણ હરેક પ્રકારનું કામ, કોઇની પાછળ રહીને કરવાથી તેમને જેટલો આનંદ લાગતો તેટલો કશાથી લાગતો નહિ. એમની મોટી કાળજી અધિક અધિક માણસોને દેશકાર્યમાં હોંસ લેતા અને જોડાતા કરવાની હતી. હું નથી માનતો કે કોઇએ રાનડેને ‘મેં આ કીધું, મેં પેલું કીધું’ એમ કદી કહેતા સાંભળ્યા હશે. પ્રથમ પુરુષ એક

વચન જાણે એમના શબ્દ કોશમાંજ ન હતું. એઓ જીવ્યા ત્યાં સુધી જે નમ્રતાની એમણે તાલીમ લીધા કીધી છે તે વળી એમના એક બીજો મોટો ગુણ. સ્વભાવેજ તેઓ બહુ લાગણીવાળા હતા, કોઇપણ પ્રકારના કે રીતના અન્યાય વા નીચતાથી એમને બહુ લાગી આવતું પણ પોતાને તાલીમ આપવાના તેમના નિરંતર પ્રયાસથી અતિશય કસોટીના પ્રસંગે પણ તેઓ પોતાની શાંતિ જાળવી શકતા. જે કામ કર્યું છે તે ખરા દિલથી કર્યું છે એવા અંતરમાં વળેલા કરારને લીધે સામાન્ય રીતે એમનાં મનની સ્થિતિ શાંત આનંદ ભરી રહેતી એ ખરૂં. પણ જ્યારે કોઇ વસ્તુથી તેઓ બહુ નારાજ થતા, અથવા કોઇનાથી અસંતુષ્ટ થતા, કે બીજા કારણોથી તેમનું દિલ દુભાતું, ત્યારે પણ એમને સારી પેઠે ન ઓળખનાર કોઇ તે અંતર્વેદનાનું ચિન્હ એમના મુખ ઉપર વર્તી શકતા નહિ. અને કદી કોઈપણ જણે, એમના નિકટમાં નિકટ માણસે પણ, જેણે એમને અંગત હાનિ પહોંચાડી હોય તેની વિરુદ્ધ એક શબ્દ પણ ફરિયાદનો કાઢતા એમને સાંભળ્યા નથી. પોતાના ઉપર વર્તમાન પત્રોમાં કરવામાં આવતા સર્વે પ્રહારો કાળજીપૂર્વક પોતાને વાંચી સંભળાવવામાં આવે એવો તેઓનો આગ્રહ હતો. એક વા અન્ય પ્રકારે તેઓ લોકોની નજરમાં હરહમેશ આવ્યાજ કરતા, અને આથી કરીને પ્રતિદિવસ મિત્રભાવે કે અમિત્રભાવે તેમના વિચારો પુષ્કળ ટીકાના વિષય થતા. જે લેખોમાં એમની પ્રશંસાત્મક નોંધ લેવામાં આવતી તે એ હમેશાં પૂરી વાંચી જતા નહિ—હું આ જાણું છું, કારણ કેટલીકવાર મારે તેમને વર્તમાન પત્રો વાંચી સંભળાવવાં પડતાં હતાં, તેઓ જાતે તે ભાગ્યેજ વાંચતા, કારણ તેમની આંખ નબળી હતી. પણ સઘળી વિરુદ્ધ ટીકા તો તેઓ વંચાવી સાંભળવાને ચૂકતા નહિ. તેમાંથી કાંઈ વિચારનો પોતે સ્વીકાર કરી શકે એમ છે કે કેમ તે તે જાણવા માગતા. અને ગમે તે પ્રસંગે, જેટલું સાંભળતા તેમાં દુઃખ થાય એવા સિવાય બીજું કાંઈ ન હોય તોપણ, તે દુઃખથી તાલીમ મળે છે એટલી તેની કીંમત તો હતીજ. આ પ્રસંગે એક એમના બીજા મોટા ગુણનું નિવેદન કરીશ. એ ગુણ આશ્રિતને—ખાસ કરીને નિરાધાર અને સંતાપિતને—સાહાય્ય આપવાની એમની તત્પરતા. સઘળા, કોઇપણ જણ—રંકમાં રંકપણ—દહાડામાં

ગમે તે ઘડીએ તેમને મળવા જઈ શકતો. કોઇપણ જણને પોતાના પત્રનો તેમની પાસે ઉત્તર ન મળ્યો એવું કદી બન્યું નથી. સૌ કોઇને શાંતિથી તેઓ સાંભળતાં, પછી તેને પોતે મદદ કરી શકે કે નહિ તે વાત જૂદી. આતો, ખરેખર, એમનું એક ધર્મકૃત્ય હતું. સને ૧૮૯૭ ની અમરાવતીની કોંગ્રેસમાંથી આ બાજુ અમે પાછા વળતા હતા ત્યારે એક રાતે અમારા ડબ્બામાં હું અને એઓજ માત્ર હતા. મશ્કે ચારેક વાગે ડબ્બામાં કંઇક ગાન સાંભળી હું જાગ્યો, અને જોઉં છું તો રાનડે બેસીને તુકારામના બે અભંગો વારંવાર ગાતા હતા, અને સાથે તાળીથી તાલ દેતા હતા. કંઠ કંઈ બહુ મધુર નહતો, પણ જે ઉમળકાથી એઓ ગાતા હતા તે એવો તો ભારે હતો કે મને રોમેરોમ અસર થઇ, અને મારાથી પણ બેસીને સાંભળ્યા વિના રહેવાયું નહિ. તે અભંગો આઃ

> जे कां रंजले गांजले । त्यांसी ह्मणे जो आपुले ।
> तोचि साधु ओळखावा । देव तेथेंचि जाणावा ॥
> कारें मस्तक ठेंगणा । लागे संताच्या चरणा ।
> जरि व्हावा तुज देव । तरि हा सुलभ उपाय ॥

"દુઃખે ટળવળતાં રઝળતાંને જે પોતાનાં માને છે તેને ખરો સાધુ સમજવો. તેમાંજ દેવનો વાસો છે એમ જાણવું. રાંક થઇને સંતોને ચરણે નમોઃ પ્રભુને મેળવવાનો આ સહેલો ઉપાય છે."

આ અંભગ હું બેઠો બેઠો સાંભળતો હતો ત્યારે એમાં રહેલો બોધ પોતાનાં જીવનમાં ઉતારવાનો કેવો ભારે પ્રયાસ રાનડેએ કર્યો હતો, તેમજ તેમાં જે જીવન સૂત્ર કથાતું હતું તે કેવું સરલ છતાં ગૌરવ યુક્ત હતું તેનો મને ખ્યાલ આવ્યા વિના ન રહ્યો! મારા પોતાના જીવનની એ એક ધન્ય ઘડી હતી. એ પ્રસંગ મારી સ્મૃતિમાંથી કદી ખસનાર નથી.

એમનો જીવન સંદેશ.

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, રાનડેમાં મને જે જે ખાસ લાગ્યુ છે તે વિષે બન્યું તેટલી સંક્ષિપ્ત રીતે મેં આપને કહ્યું. હું માનું છું, કે લગભગ ત્રીશ વર્ષ પર્યંત આપણા ઉચ્ચોચ્ચ વિચાર અને ઉચ્ચોચ્ચ મનો-

રથોના તેઓ પ્રતિનિધિ રૂપ હતા, અને તેમના જેવા બીજા આપણને મળતાં તો કંઇ કાળ વહી જશે. રાનડે નવા શતકના આરંભમાં વિદેહ થયા છે એમાં એ કાંઇક ભેદ રહેલો છે; જે શતક આપણે માટે આશા અને ઉત્તેજન ભર્યો શરૂ થાત તેણે આપણને ઉંડી ગમગીનિ અને ગ્લાનિમાં નિમગ્ન જોયાછે. તે શાંત, શ્રદ્ધાયુકત, આશાયુકત વાણી આજે કાળની નિઃસીમ નિઃશબ્દમાં વિલીન થઇ છે, જો કે આ ઘડીએ જ તેની આપણને બહુ મોટી ભૂખ હતી. આપણા કેટલાક અગ્રગણ્ય કાર્યકર્તાઓનાં મનમાં એક પ્રકારની નિરાશા જામવા માંડીછે. હાલની વિકટ ઘડીએ આપણી શ્રદ્ધાને ડગાવે અને આવી નિરાશા ઉત્પન્ન કરે એવું ઘણું એ છે એ હું સ્વીકારૂ છું. આપણા વચલા અને નીચલા વર્ગના લોકોની સ્થિતિ દેશના ઘણા ભાગોમાં ધીમે ધીમે પણ હરહમેશ અધિક અધિક નબળી થતી જાયછે. અને હાલ આપણે જે મહાયુદ્ધમાં મચેલા છીએ તેમાં અનેક દિશાએ આપણી હાનિ થતી ચાલી છે. પણ મને ખાતરી છે કે એ રડયું ખડયું વાદળું તો ચાલ્યું જનાર છે, અને ગમે તેમ હોય તોપણ જો આવી નિરાશાને અધીન થઇએ તો, રાનડેએ આપણે માટે જે કાર્ય કીધું છે અને આપણે માટે જે વારસો મૂકી ગયા છે તેને માટે આપણે આપણી અયોગ્યતા દાખવીએ છીએ. એઓનો દેહ પડયો ત્યારે આપણે એમને માટે કેટલું રોયા હતા તે તમોને ખબર છે. આ દેશમાં આટલો સાર્વત્રિક શોક અગાઉ કદી જોવામાં આવ્યો ન હતો. જાણે દેશના ઉપર શોકનું એક મહા મોજું ફરી વળ્યું હતું, અને સમસ્ત દેશમાં પ્રત્યેક જણ, ઉંચનીચ, રંક રાયને તેની સરખી અસર થઈ હતી. પણ માત્ર તેમનાથી પડેલી ખોટ માટે રડવામાંજ આપણી કૃતકૃત્યતા નથી. એમનો જીવન સંદેશ આપણે, અને ખાસ કરીને આપણા યુવાનોએ પવિત્ર અને બંધનકારક સમજવો જોઇએ. જે સિદ્ધાન્તો માટે એમણે એમની ઉમ્મર ગુજારી—સૌને માટે અધિક સમાનતા, અને મનુષ્ય તરીકે મનુષ્યના ગૌરવનો સ્વીકાર,—તે કોઇ કોઈવાર ગમે તેટલી નિરાશા કેમ નહિ થાય તોયે અંતે સફળ થયા વિના રહેનાર નથી. પણ તે સફળતા સત્વર આણવા માટે આપણે સૌ મથી શકીએ એમ છે. અને આમાંજ આપણી જીંદગીનું ખરૂં

ગૌરવ રહેલું છેઃ "માતૃભૂમિને માટે કર્મ અને આત્મ ભોગ." રાનડે આપણે માટે આ સંદેશ મૂકી ગયા છે. અને મિત્રો, આપણી માતૃભૂમિની વર્તમાન સ્થિતિ ગમે તેવી હોય તોપણ તે આપણા ઉત્તમોત્તમ કર્મની અધિકારી છે, આપણા ઉચ્ચોચ્ચ આત્મભોગની અધિકારી છે. એકવાર, પ્રજાનાં જીવનમાં જે કાંઇ મોટું અને ઉમદા ગણાય તેની તે ભૂમિ હતી–ઉમદા ધર્મની, ઉમદા તત્ત્વદર્શનની, સાહિત્યની અને સર્વ પ્રકારની કલાની તે ભૂમિ હતી. આ મોટો વારસો આપણો છેઃ અને જો આપણે એટલું લક્ષમાં રાખીએ અને તેનાથી આપણા શિર ઉપર પડતી ભારે જવાબદારી લક્ષમાં રાખીએ, જો આપણે પોતાના આત્મા સાથે સાચા રહીએ, અને આપણા સદ્ગત ગુરુના ભાવથી એ ભૂમિને માટે જીવન વ્યતીત કરવાને અને કામ કરવાને તૈયાર થઇએ તો તેનું ભાવી તેના ભૂતને અણુછાજતું થશે એમ માનવાનું કશું કારણ નથી.

મહાદેવ ગોવિંદ રાનડે.

૩.

[સને ૧૯૦૪ના જુલાઇની ૨૪મી ને વાર રવિએ માઇલાપોર (મદ્રાસ) માં રાનડે લઇબ્રરી અને સાઉથ ઈંડિયન એસોસિએશનનો પાયો નાંખવા માટે નામદાર ગોખલેને આમન્ત્રણ કરવામાં આવ્યું હતું. તેમ કરતાં, તેમણે નીચે પ્રમાણેના ઉદ્ગાર પ્રકટ કર્યા હતાઃ—]

અધ્યક્ષ સાહેબ અને સદ્‌ગૃહસ્થો, આ સ્મારકનો પાયો નાંખવાનુ મને કહીને એ સ્મારકની યોજનાના પ્રણેતાઓએ મને જે મ્હોટું માન આપ્યું છે તે બદલ હું તેમનો ખરા દિલથી જેટલો આભાર માનું તેટલો ઓછો છે. આ કાર્ય કરવાનું મને સોંપવાની આપની ઇચ્છાની મને જ્યારે જાણ થઈ ત્યારે ખરે મને બહુ આશ્ચર્ય થયું: એટલા માટે કે મારા પોતા તરફની આપની મમતાને લીધે કેટલીક ચોક્કસ વ્યવહારની બાબતો પણ તમે વિસરી ગયા, અને સમાજમાં શ્રેષ્ઠ સ્થાને જેઓ વિરાજેલા હોય અથવા તો દેશની સેવા કરતાં જેમને પળીઆં આવ્યાં હોય તેવાઓ માટે ખરી રીતે જે કાર્ય સામાન્યતઃ ઠરેલું છે, તે કાર્ય લોક સેવામાં હજી બહુ થોડાં વર્ષ જોયાં છે એવા મને આપે સોંપ્યું. છતાં, હું તેમ કરવાનું માથા ઉપરથી કાઢી નાંખું તો તમારી સઘળી તજવીજ ખોળાઇ જાય, અને તમોને હું અગવડમાં નાંખું એવા ભયથીજ, જે કાર્ય માટે હું અયોગ્ય છું તે કાર્ય કરવા માટે, ન છૂટકે, હું અત્યારે તમારી સન્મુખ ઉભો છું.

સદ્‌ગૃહસ્થો, હું એક મરાઠો છું, અને આપણા દેશમાં ગુરુના ચરણ આગળ બેસી અભ્યાસ કરવાની જે બાર વર્ષની અવધિ ઠરેલી છે તેના કરતાં પણ અધિક કાળ રાનડેના ચરણ આગળ બેસવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, એટલે સ્વાભાવિક રીતે મને તો બહુ આનંદ અને અભિમાન થાય છે કે આવા પ્રકારનું એક સ્મારક દક્ષિણ પ્રાંતમાં આવેલા આ રાજનગરમાં મારા ગુરુના માનમાં ઉભું થાય છે. મુંબઇ તરફ તો અમે એમને માટે સ્મારકો ઉભાં કરી રહ્યા છીએ. પ્રથમ

તો મુંબઇમાં એક એવી તજવીજ ચાલી રહી છે, ૨૦,૦૦૦ જેટલા રૂપીઆ ભેગા થઇ ચૂકયા છે, અને મારા સમજવા પ્રમાણે તેનો ઉપયોગ રાનડેની એક મૂર્તિ ઉભી કરવામાં થશે. વળી પૂનામાં એવી બીજી તજવીજ ચાલે છે. અને ત્યાં તો અમારૂં ફંડ લાખ રૂપીઆથી પણ વધી જશે એવી વકી છે, અને તેમાંથી આર્થિક પ્રશ્નોના અભ્યાસના ઉત્તેજન અર્થે, અને દેશની ઔદ્યોગિક વૃદ્ધિને અર્થે અમે એક ઈકોનોમિક ઇન્સ્ટિટયૂટ (અર્થશાસ્ત્રશાળા) સ્થાપવા માગીએ છીએ. ત્યાર પછી, અમદાવાદમાં બે વર્ષ ઉપર શરૂ થયેલી સંસાર સુધારા પરિષદ્ માટે ચાલી રહેલી હીલચાલ, જેનો હેતુ સંસાર સુધારા સંબંધી રાનડેનું કાર્ય ચાલુ રાખવાનો છે. આવી આવી રીતે રાનડે માટે અમારી ઉંડી અને અમર કૃતજ્ઞતા દર્શાવવા માટે અમારાથી જે કાંઇ જૂજજાજ થાય છે તેટલું અમે કરી રહ્યા છીએ. તેમનાં કાર્ય અને તેમના વિચારોના પ્રત્યક્ષ સંબંધમાં અમે આવ્યા છીએ, અને તેમની યાદી અમારી એક એમૂલી દોલત છે એવું બતાવી આપવાની અમારી ફરજ છે. પણ, સદ્ગૃહસ્થો, તમો મદ્રાસનિવાસીઓ પણ રાનડેનાં માનમાં સ્મારક ઉભું કરવાની જરૂર ધારો છો એ તો, મારે મને, એક ગંભીર મહત્ત્વની વાત છે; આપણા સમાજ સાગરની સપાટીએ તરવરતા નવા જુસ્સાની, હતાશ થયેલા આપણામાં આશા રૂપી જે નવું ચેતન પ્રગટયું છે તેની એ સાખ પૂરે છે. ત્યારે આજ તમો જે સ્મારક ઉભું કરો છો તેનું રહસ્ય શું છે? મને તો એથી એક સ્પષ્ટ વસ્તુ યથાર્થ થતિ લાગે છે કે રાનડે એક પ્રાંતના નહિ પણ અખિલ દેશના, એક જાતિ કે જ્ઞાતિના નહિ, પણ હિંદમાં નજરે પડતી સર્વે જાતિ, જ્ઞાતિ અને પંથના હતા. અને સમગ્ર દેશને તેમણે જે સેવા અર્પણ કરી છે તે, સ્થાન કે ભાષાના ભેદ વિના પ્રત્યેક જણ પ્રેમ અને ભક્તિથી અવલોકે છે. રાનડેને આ આદરભાવ શી રીતે મળ્યો, તેમનું કાર્ય તે એવું શી રીતનું હતું કે તેમના દેશબંધુઓ તેને આટલા ઉપકારથી સંભારે છે? હા, આપણે સૌ જાણીએ છીએ કે રાનડે એક પરમ શ્રેષ્ઠ, પરમ સજ્જન પુરુષ હતા, મહાન્ વિચારક, પંડિત, કાર્યકર્તા, અને સાધુચરિત હતા. પણ એમને

આપણ દેશજનોનાં દિલમાં જેટલા નિકટ વસેલા જાણીએ છીએ, અને આ મહા સંમેલન જેની સાખ પૂરેછે, તે આટલા ગુણોનેજ લીધે બની શકત નહિ. માણસ અધિકાંશે શ્રેષ્ઠ જીવન ગાળતો હોય, અને લોકોના હૈયામાં અધિકસ્થાન મેળવેલું હોય તોજ તેને મરણ પછી લોકો પૂજવાના. રાનડે પરમ શ્રેષ્ઠ, પરમ સજ્જન પુરુષ હોવા ઉપરાંત કંઇક વધુ હતા. વખતો વખત, જૂદા જૂદા દેશમાં અને જૂદે જૂદે સમે, આપણી દુર્બળ અને ભ્રમપાત્ર માનવજાતિના પગલાં ખરે પંથે પાડવા માટે દીપકની જ્યોત જેવા જણાતાં જનોમાંના તેઓ એક હતા. જીવનનું એક લક્ષ્ય તેમણે નક્કી કર્યું હતું, તેમણે આપણને એક નવો પાઠ ભણાવ્યો, આપણા વિચારમાં નવું જોમ પૂર્યું, અને આપણા હૈયામાં આશાના અંકુર ઉગાડ્યા. આ લક્ષ્ય એ હતું કે કૃપાળુ પરમાત્માના કરવાથી જે નવીન પરિસ્થિતિ ઉત્પન્ન થઇ છે તેનું રહસ્ય આપણને સમજાવવું, તેનો અર્થ સમજાવવો, તેનાથી મળતા કાર્ય કરવાના જોગો જણાવવા, તેનાથી આપણા શિરપર પડતી જવાબદારીઓ જણાવવી, અને જે પુરુષાર્થ આપણ કરવાનો છે તેટલો પુરુષાર્થ આપણ કરીએ તો શા શા શુભ ફળ આવે તે સમજાવવું; અને તેમના વિચારો તેમણે આપણને સંદેશ રૂપે જણાવ્યા તે માટે તેમની યોગ્યતા કંઇ કમી ન હતી. પ્રબળ જબરદસ્ત બુદ્ધિ શકિત, સ્વદેશ પ્રેમથી ઉભરાતું હૈયું, ખરા દિલનો નીડર જુસ્સો, કામ કરવાની નિઃસીમ શકિત, અખૂટ ધૈર્ય, અને કોઇ પણ કારણે ન ડગે એવી પ્રભુની ઇચ્છામાં નમ્ર શ્રદ્ધા—આવી સામગ્રીથી સજ્જ થયેલો પુરુષ પોતાના દેશજનોના વિચાર, આશા, અને મનોરથો, ઘડવાનું કામ માથે લેવાને યોગ્ય છે. અને રાનડેએ પાંત્રીશ વર્ષ સુધી એક ક્ષેત્રમાં નહી, પણ માનવ પ્રવૃત્તિના પ્રત્યેક ક્ષેત્રમાં કામ કર્યું,—હૃદયમાં એવી નિરંતર ભાવનાથી કે મારો દેશ જગતના બીજા દેશોમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે, મારા દેશ બંધુઓ અને દેશ ભગિનીઓ, ઉદાત્ત આશયોથી પ્રેરાઇ, મોટાં રાષ્ટ્રીય કાર્યો હાથમાં લઈ, ખરાં પુરુષાર્થી બને. મને લાગે છે કે આપણા કાળના કોઇપણ પુરુષને આપણા કર્તવ્યનું, અને જે પરિસ્થિતિમાં તે કર્તવ્ય કરવાનું છે તે પરિસ્થિતિનું,

રાનડેના કરતાં વધારે સચોટ અને સંપૂર્ણ ભાન ન હતું. એક પુરાતન પ્રજા બીજી પ્રજાના સંબંધમાં આવી હતી; આ બીજી પ્રજા વધારે બળવાન, અને કદાચ કંઇક વધારે જડ સંસ્કૃતિ લઇને આવી હતી, અને જો તેના ઓઘના સપાટામાં છેક ડૂબી જતા કે તણાઇ જતા આપણે બચવું હોય તો આપણા ઉપર જે નવીન સંજોગો અસર કરી રહ્યા હતા તેમાં જે કાંઇ ઉદાત્ત અને બળપ્રદ હોય તે લેવાની, અને આપણી પોતાની પદ્ધતિમાં જે કાંઇ રૂડું અને ઉન્નત હોય તે સાચવી રાખવાની આપણી ફરજ હતી. હું માનું છું કે પોતાના દેશના ગતકાળ માટે રાનડે કરતાં બીજા કોઇને વધારે પ્રેમ કે ભક્તિભાવ ન હશે. એકવાર એમણે કહ્યું હતું તેમ, "આપણે ગતકાળથી ગમે તેટલા છૂટી જવા ચહાતા હોઇએ તોપણ છૂટી શકીએ એમ નથી, આપણે છૂટી શકીએ એમ હોઇએ તોપણ આપણે છૂટા ન થવું જોઈએ." પણ માત્ર ગતકાળમાંજ વાંટળાઈ રહેવામાં તેમણે સંતોષ માન્યો ન હતો. તેમને તો, દેશનું વર્તમાન અને ભાવી, ભૂતના કરતાં વધારે ભારે અગત્યનાં હતાં; અને જ્યારે ભૂતનો અભ્યાસ, એક ધોરણે ચાલતી પ્રગતિના ઇતિહાસથી ફલિત થતા નિયમોથી મૂકાતી મર્યાદાઓની આપણને યાદ આપીને, અને આપણા ચારિત્ર અને ઉન્નતિમાં બાકી રહી ગયલી ન્યૂનતાઓ તરફ આપણું લક્ષ ખેંચીને, આપણા મથનમાં આપણને મજબૂત બનાવે છે, ત્યારે જીવનની ખરી ખૂબી તો જેટલે દરજ્જે વર્તમાનનાં કર્તવ્યો બજાવાય અને ભાવી માટે ભૂમિકા તૈયાર થાય તેમાંજ રહેલી છે, એવું તેઓ માનતા. આજ વૃત્તિથી તેઓ સતત વાંચતા, સતત મનન કરતા, સતત અવલોકન કરતા, અને પોતાના દેશબંધુઓને જે વ્યાવહારિક પ્રશ્નોમાં ગૂંથાયલા જોતા તે પ્રશ્નોનું નિરાકરણ કરવામાં તેઓ પોતાના અભ્યાસ અને અવલોકનથી નીપજતા સિદ્ધાન્તોનો સતત ઉપયોગ કરતા. અને એજ વૃત્તિથી કામ કરનાર કોઈ તેમને જ્યારે મળી જતું ત્યારે તેમનું હૈયું હરખે ભરાતું. આવો માણસ જ્યાં હોય ત્યાં તેને તેઓ અચૂક વર્તી લેતા, તેને પોતાના સમાગમમાં આણતા, તેને માટે ખુલ્લા હોય તેવા દરેક માર્ગમાં તેને ઉત્તેજન આપતા, અને ત્યાર પછી કદી પણ તે માણસ તેમની નજરમાંથી

અસતો નહિ. આજ કારણથી દેશના સર્વ ભાગોમાંના કામ કરનારાઓ પ્રકાશ અને માર્ગદર્શન માટે, વિજયમાં પ્રશંસા માટે અને નિષ્ફળતામાં આશ્વાસન માટે, તેમના તરફ વળતા, અને તેમના વિચારો અને આશાની અસર પ્રસરાવવાના, બલ્કે, અનેક કેન્દ્રો બની રહેતા. આ સૌ સાથે વળી તેમની મૂર્તિ પણ બહુ આકર્શક હતી, અને આકર્ષક મૂર્તિ વિના કોઈપણ જણ માનવોનો મહા નેતા કે ગુરુ થઈ શકતો નથી. જે કોઇ તેમની સાથે ગમે તે રીતે પણ સમાગમમાં આવતું તેના ઉપર તેમના આત્માનો પ્રભાવ અને મહત્તા અસર કરતાં, તેમની સમક્ષ ઉભા રહી માણસો અયોગ્ય વિચારો કરતાં બ્હીતા, અને કોઈ પાવક, પ્રેમમય, સેવામય, વાતાવરણમાં તેઓ છે એવું તેઓને લાગતું—તેઓ કોઇ ઉંચી કોટિના આત્માની સમક્ષ ઉભા છે એમ તેઓને લાગતું. ગૃહસ્થો, આવા પુરુષોને પ્રભુ આ જગત્માં પોતાના કલ્યાણકારક હેતુ પાર પાડવાને નિમિત્ત રૂપે પસંદ કરે છે, અને જ્યારે તેઓ આ જગત્ તજી જાય ત્યારે તેમનાથી પડતી ખોટનું કોઇ માપ કાઢી શકતું નથી. અને આથીજ, જ્યારે રાનડે ત્રણથી વધુ વર્ષ ઉપર વદાય થયા ત્યારે આપણામાંના ઘણાકને લાગ્યું હતું કે આપણા જીવન ઉપર અચાનક અંધકાર પડ્યો હતો. દેશ ઉપર જાણે શોકનું એક મહા મોજું ફરી વળ્યું હતું, અને ઉંચ કે નીચ, રાય કે રંક, દરેક નાત જાતના લોકો દરેક પ્રાંતના લોકોએ ભેગામળી મનુષ્યને વિકળ કરે એવું ભારે દુઃખ અનુભવ્યું હતું, અને દેશ ગત આત્માને કેટલો બધો ઋણી છે તે પ્રકટ કરવા માટે તથા આપણે માટે કામ કરવામાં જેમણે જીવન ગાળ્યું હતું તેને આપણે છેક અયોગ્ય નથી એમ દર્શાવવા માટે ભિન્ન ભિન્ન સ્થળોમાં સ્મારકો ઉભાં કરવાની હીલચાલ થઇ હતી.

સદ્ગૃહસ્થો, મદ્રાસનું સ્મારક વાચનાલયના રૂપમાં થાય છે તેથી મને બહુ આનંદ થાય છે. તેમનું સ્મરણ કાયમ રાખવા માટે વધારે યોગ્ય રીત તમે ભાગ્યેજ પસંદ કરી શકયા હોત. રાનડેનો સમય, મારી જાણમાંના આપણા કાળના બીજા કોઈ માણસ કરતાં વધારે, પુસ્તકોના સમાગમમાંજ જતો; એટલું તો નિશ્ચિત છે કે પોતાના વાચનનો એમના

જેટલો લાભ કોઇએ મેળવ્યો નથી, અથવા પોતાનાં વાચનનું પરિણામ વ્યવહારમાં એમના જેટલું ઉપયોગમાં લીધું નથી. અને જે વિષયો સંબંધી વાચન માટે આ પુસ્તકાલય ખાસ સુગમતા પુરી પાડવાને યોજાયલું છે તે વિષયોના અભ્યાસમાં નિમગ્ન થયેલા યુવકોને જોઇને તેમને જેટલો સંતોષ થતો કે તેમનામાં આશા જન્મ પામતી તેટલું બીજા કાંઇથી થતું ન હતું. હું જોઉં છું કે તમારૂં વાચનાલય, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઉદ્યોગ અને વિજ્ઞાન એ પાંચ ક્ષેત્રોમાં અભ્યાસનાં ઉત્તેજનને અર્થે સ્થપાયલા 'સાઉથ ઇન્ડિઅન ઍસોસિએશન'ના અંગે ઉઘડવાનું છે. આમાંના નિદાન ત્રણ વિષયોમાં તો રાનડે અતિ નિપુણ હતા, અને તે ત્રણ વિષયો તરફ આપણા યુવકોએ વળવાની જરૂર છે. ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક વિષયોના અભ્યાસમાં આપણા શિક્ષિત વર્ગનો મ્હોટો ભાગ કાંઈ ખાસ જાણવા જેવી સફળતા મેળવી શકે એવો સંભવ નથી. એવી સફળતા માટે તો અમુક વિષયનું ખાસ ઉંચા પ્રકારનું જ્ઞાન જોઇએ, અને આવું ખાસ જ્ઞાન જૂજજાજજ મેળવી શકે. મારી ખાસ આશા છે કે આ ઍસોસિએશન ધમધોકાર ચાલવા માંડશે એટલે તેનાં પરિણામે કેટલાક એવા યુવકો ઉત્પન્ન થશે કે જેઓ આ વિષયો પોતાનો જીંદગીભરના અભ્યાસ માટે પસંદ કરશે. પરંતુ આપણા યુવકોના મ્હોટા ભાગને પોતાના તો બાકીના ત્રણ વિષયો, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, અને રાજકાજ તરફજ મોહ રહેવાનો, અને રહેવોજ જોઇએ. હું જોઉંછું કે તમારા અભ્યાસ વિષયોમાંથી તમે સાહિત્ય, ધર્મ, અને તત્ત્વાભ્યાસને બાતલ કીધાં છે, અને હું માનુંછું કે તેમ કરવાનું કાંઈ પ્રયોજન તો હશે. તમે આ વિષયોના અભ્યાસની કીંમત ઓછી આંકો છો એવો તો આનો અર્થ ન થાય—એમ નજ હોવું જોઇએ. પણ તમારા મત પ્રમાણે તમે જે અભ્યાસ માટે સાધન પૂરાં પાડવા ધારો છો તે અભ્યાસ તરફ હાલ લોકોનું અત્યંત દુર્લક્ષ છે તેથી તેને ખાસ ઉત્તેજન મળવું જોઇએ. ગૃહસ્થો, આ વખતમાં સામાન્ય જ્ઞાન મેળવવાની ઇચ્છા રાખનાર જનને જે જે મુશ્કેલીઓ નડે છે તે આપણે સ્પષ્ટ રીતે કબુલ કરવી જોઇએ. કોઇ પણ વિષય ઉપરનું સાહિત્ય

જગત્‌માં એટલું બધું બહાર પડયું જાય છે, અને ભંડાર એટલો ભરાતો જાય છે કે અગાઉ એકવાર શકય હતું તેમ, આજ સર્વ પ્રકારનું જ્ઞાન સંપાદન કરવાની ઉમેદ રાખવી વ્યર્થ છે. આપણે સૌએ આજ તો અવશ્યંભાવીને નમવાનું છે, અને ગમે તે એક વિષય પસંદ કરી લેવાનો છે, અને તે પસંદ કરીને તેનાજ અભ્યાસમાં મચી રહેવાનું છે. અને હું ધારૂં છું કે આપણા યુવકોને ઇતિહાસ, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના કરતાં વધારે ઉપયોગી અભ્યાસની ભાગ્યેજ તમે ભલામણ કરી શકશો. આ વિષયોમાં પણ તેઓમાંનો ઘણાક તો નિપુણતા મેળવવાની ભાગ્યેજ આશા રાખી શકશે, પણ તેઓ સામાન્ય માહિતી સારી રીતે મેળવી શકશે, અને દેશની વર્તમાન સ્થિતિમાં તો તે માહિતીનીજ ખાસ અગત્ય છે, કારણ તેથી કરીને તેઓ, જે કામ કરવાનું છે તેનું સ્વરૂપ સમજતા, અને જે મર્યાદામાં તે કામ કરવાનું છે તે સમજતા સાસ નાગરિકો થવાની લાયકાત મેળવી શકશે. આ ત્રણ વિષયોના કાળજી પૂર્વક અભ્યાસથી આપણી વિવેક બુદ્ધિમાં સમતા આવશે, આપણી સહાનુભૂતિની મર્યાદા વિસ્તૃત થશે, જીવનની સમીક્ષા વધારે ઝીણવટથી આપણે કરી શકીશું, અને આપણે જે તપશ્ચર્યામાંથી પસાર થઇએ છીએ તેનો વધારે સારો ઉપયોગ કરવાની આપણામાં શકિત આવશે, અને આ વિષયોનો ઉત્તમ અભ્યાસ કરેલો હશે એવા માણસોનો એક વર્ગ જો ઉત્પન્ન થઈ શકશે તો લોકજીવન પણ સહજે ઉંચી કોટિએ ચઢશે, કારણ વિવેકથી તુલના કરવાની તેમની શકિતની તેમના નેતાઓ ઉપર અસર થયા વિના રહેનાર નથી. ગૃહસ્થો, આપણા શિક્ષિત વર્ગ સામે એક ખરી ફરિયાદ એ છે કે, કૉલેજ છોડી કે તરતજ તેઓનો અભ્યાસ બંધ થાય છે, અને કૉલેજમાં મળેલું શિક્ષણ માત્ર પાયા રૂપ થવાને બદલે ઘણા ખરાઓ તેને આખી ઇમારત સમજી બેસે છે. આ બાબતમાં તો હું માનું છું કે આપણે યુરોપીઅનોની વધારે નકલ કરવી જોઇએ, જેઓને પોતાના નિભાવ માટે, પોતાના ધંધાને અંગે કરવાનું કરી લઈ, સામાન્ય રીતે એક અથવા અન્ય પ્રકારના કાંઇ બીજા અભ્યાસનાં રૂપમાં જીંદગીનો એક બીજો વ્યવસાય લાગેલો હોય છે. આવા બીજા વ્યવસાયથી માણસનું જીવન, માત્ર ઉદર નિમિત્તેજ કરવાના ધંધામાં

જેમની શક્તિ રોકાયલી હોય છે તેમનું જીવન જેવું જકડાયલું અને સંકડાયલું રહે, તેવું થઈ જતું અનેકવાર અટકે છે. મને આશા છે કે આ વાચનાલય આપણા યુવકોમાંના ઘણાઓને જીવનનો બીજો વ્યવસાય પૂરો પાડશે, અને મને શ્રદ્ધા છે કે અહીં આવતા યુવાનો તેમના ઉપર રહેલી જવાબદારી સમજશે. જો માત્ર તમે એક વાચનાલય એટલે એક પુસ્તકોવાળાં મકાનથીજ સંતોષ પામવાના હો તો તે વાચનાલય રાનડેનું સ્મારક ન કહેવાય. એક રીતે તો રાનડેને કોઈ સ્મારક જોઇતું ન હતું. માણુસે કરેલું કાર્ય અને તેના જીવનનો પ્રભાવ એજ તેને માટે ઉત્તમોત્તમ સ્મારક કહેવાય. પણ આજ જે સ્મારક સ્થાપવામાં આવે છે તે આપણા પોતાના શિક્ષણ અને લાભને અર્થે છે. રાનડેએ પોતે જે કામ કર્યું અને જે કામ ચાલુ રખાવવાની તેમની ઇચ્છા હતી તે કામ ઉપાડી લેવાને આપણે અધિક અધિક યોગ્ય થતા જઇએ તે માટે ઉપયોગમાં લેવી જોઇતી અનુકૂળતાઓ એ સ્મારક આપણને કરી આપેછે. અહીં જ્યારે જ્યારે તમે આવો ત્યારે સ્મરણમાં રાખજો કે એક મહાન્ ગુરુ તમને જોઇ રહ્યા છે, જોકે તેઓનું સ્થૂળ શરીર હવે રહ્યું નથી. આ ભાવનાથીજ આ પુસ્તકાલય તમને જે અનુકૂળતા કરી આપે છે તેનો બની શકે તેટલો લાભ લેવાને તમે પ્રેરાઓ. જેટલો લાભ તમે લેશો તેટલે અંશે તમે રાનડેનું ખરૂં સ્મારક કર્યું કહેવાશે. ગૃહસ્થો, આ સંસ્થા સર્વ રીતે સફળ થાઓ.


સર ફિરોઝશાહ મહેતા.

૧.

[બેલગામમાં તા. ૪ થી એપ્રિલ સને ૧૮૯૫ ને દિને મળેલી પ્રાંતિક પરિષદ્‌માં એક ઠરાવ આ પ્રમાણે કરવામાં આવ્યો હતોઃ—"આ પરિષદ્ નામદાર ફિરોઝશાહ મહેતાએ વડી ધારાસભામાં ઘણો શ્રમ વેઠી દેશને માટે જે ભારે ચતુરાઈ ભરી સેવા બજાવી છે તેની ઘણીજ તારીફ સાથે નોંધ લે છે, અને અધ્યક્ષને સત્તા આપે છે કે તેમણે આવો મત દર્શાવનારૂં એક માનપત્ર પરિષદ્ તરફથી ઘડીને નામદાર ફિરોઝશાહ મહેતાને પૂછીને તેઓને અનુકૂળ હોય તેવે સ્થળે અને વખતે તેમને એનાયત કરવું."

ઉપર પ્રમાણેનો ઠરાવ રજુ કરતાં પ્રોફેસર ગોખલેએ નીચેનું ભાષણ કર્યું હતું.]

અધ્યક્ષ સાહેબ અને સદ્‌ગૃહસ્થો, જે ઠરાવ આપના સ્વીકાર માટે રજુ કરવાનું મને પ્રાપ્ત થયું છે તે રજુ કરવામાં હું આનંદજ નહિ પણ મારૂં સદ્‌ભાગ્ય સમજું છું, અને મને ખાતરી છે કે જ્યારે તે અધ્યક્ષ સાહેબ તરફથી તમોને વાંચી સમજાવવામાં આવશે ત્યારે તમો તેને એકે અવાજે હર્ષથી પસાર કરશો. સદ્‌ગૃહસ્થો, મિ. મહેતાની તેજસ્વી શક્તિ, અને લગભગ પચીશ વર્ષનાં લોક જીવન દરમ્યાન આપણા પ્રાન્તનેજ નહિ પણ સમસ્ત દેશને માટે તેમણે જે મહાસેવા બજાવી છે તે હવે એટલી બધી સુપ્રસિદ્ધ છે કે તેમનું નામ ખરેખરી રીતે આપણાં ઘરઘરમાં સંભળાતું નામ થઈ પડયું છે. મિ. મહેતાની બુદ્ધિની સર્વગ્રાહિતા અને પ્રભાવ, તેમની વિશાલ સંસ્કૃતિ, અને મર્યાદા અને વિવેક સાથે ભળેલી તેમની નીડર સ્વતંત્રતાને લીધે તેમને આ પ્રાન્તનાં લોકજીવનમાં અગ્રગણ્ય નેતાનું સ્થાન અને મુંબઇના લોક જીવનમાં અપ્રતિમ પ્રતિષ્ઠા ભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે. સદ્‌ગૃસ્થો, જ્યારે કોઈ આવું પ્રમુખ સ્થાન પ્રાપ્ત કરે ત્યારે તો વારંવાર તેને જનસમૂહના તુલના પ્રદીપના પ્રખર તેજમાં આવવું પડે એ નિઃશંસય છે. અને તુલનાઓથી મહેતા જેટલો અન્યાય ભાગ્યેજ કોઇને



सर फिरोजशाह म्हेता.

થયો હશે. જનો અને વસ્તુઓના સૂક્ષ્મ અવલોકનકાર મ્હારા એક મુંબઈના મિત્રે તેલંગ મહેતા અને રાનડે વિષે બોલતાં એકવાર કહ્યું હતું કે સરલ માધુર્ય અને સંસ્કૃતતામાં તેલંગને કોઈ ન પહોંચે, પ્રભાવ અને પ્રતાપમાં મહેતાને કોઈ ન પહોંચે, અને પ્રૌઢતા અને કલ્પકતામાં રાનડેની તોલે કોઈ ન આવે. ગૃહસ્થો, આ વચનમાં ઘણું સત્ય છે એમ તમે સૌ સ્વીકારશો. પણ સાથે સાથે કહેવું જોઈએ કે કેટલાક માણસોના ધારવા પ્રમાણે મહેતાની ખાસ ખુબીઓ બુદ્ધિનો પ્રભાવ અને પ્રતાપ ભલે હોય, પણ તેથી તેમનામાં બીજી ખુબીઓ બહુ ઓછી છે એમ નહિ કહી શકાય. મને તો હમેશ એમ લાગ્યું છે કે મહેતામાં ઘણે અંશે સદ્‌ગત મંડલિકનું સ્વાતંત્ર્ય અને ચારિત્રબળ, તેલંગનું સરલ માધુર્ય અને સંસ્કૃતતા, અને રાનડેની કલ્પકતા અને અગાધ ગ્રહણશકિત એ સૌનો સરસ યોગ જામ્યો છે. અને આ જે ખુબીઓ સદા એમનામાં ઝળકયા કરે છે, તે વડી ધારાસભાની ગઈ બેઠક વખતે મહેતાએ આપણે માટે કામ ઉઠાવ્યું હતું તે દરમ્યાન કંઈક ઓર રીતે ઝળકી નીકળી હતી ગૃહસ્થો, એ બેઠક વેળા મહેતાએ બજાવેલી સેવા વિગતવાર કહી બતાવવાની હું જરૂર જોતો નથી. કારણ પ્રથમ તો, તેનાં સ્મરણ હજી આપણને તાજાંજ છે, અને બીજું એ કે પેલે દિવસે મુંબઈમાં એક જાહેર સભામાં એક પછી એક વકતાએ તે સારી રીતે કહી સંભળાવી છે. છતાં હું એટલું કહીશ કે ધારાસભાની તે ચર્ચા વખતે મિ. મહેતાએ બતાવી આપ્યું હતું કે પોતાના ઍંગ્લો–ઈંડિઅન વિરોધીઓમાંના અતિ બળીઆથી પણ પોતે ગાજ્યા જાય એમ નથી તથા તેમના દરેકના દાવ પેચને પહોંચી વળી શકે છે. એ ચર્ચા જેમણે વાંચી છે તેઓ કબુલ કરશે કે મહેતાની ચર્ચામાં હમેશાં વાદી તરીકે અદ્‌ભુત શકિત અને કુશલતા પ્રકટ થઈ છે, અને બજેટ ઉપરનું તેમનું ભાષણ તો સિદ્ધાન્તની સમજ અને હકીકત ઉપર કાબુ માટે પણ તેમની કીર્તિ વધારે એવું હતું. સરકાર તરફથી એક પછી એક સભ્યો મહેતાને મ્હાત કરવા માટે ખડા થયે ગયા. સર ચાર્લ્સ ઈલિયટ, સર ઍન્ટની મેકડૉનલ, અને સર જેમ્સ વેસ્ટલેન્ડ દરેકે એક પછી એક મહેતા ઉપર સપાટો ચલાવ્યો, જો કે તેમ થવાથી,

સરકારના મત પ્રમાણે પણ મહેતાનો પક્ષ કેટલો મજબુત હતો તેજ ફલિત થતું હતું. મહેતાને દાબી દેવાને સર જેમ્સ વેસ્ટલેન્ડે કીધેલો સપાટો ઉછળીને પાછો તેમના ઉપરજ આવ્યો. સિવિલ સર્વિસ (સનદી નોકરી) ની ખામીઓ વિષે મહેતાની જોરદાર ટીકા સાંભળી તેમનો મિજાજ ગયો, મહેતા હવે ધારાસભાની ચર્ચામાં નવુંજ સ્વરૂપ દાખલ કરે છે, એવી કડવી ફરિયાદ કરી, અને અંતે નીચ જુઠાણું બોલ્યાનો મહેતા ઉપર આરોપ મૂકયો. પણ જ્યારે બંનેનાં ભાષણો પ્રસિદ્ધ થયાં ત્યારે લોકો નીચ જુઠાણું કોણ બોલ્યું હતું તે નક્કી કરી શકયા. એ પ્રસંગે જે અદ્‌ભુત શાંતિથી મહેતા વર્ત્યા હતા તેની કલકત્તાના 'સ્ટેટ્‌સમૅન' પત્રના મુખે પણ સ્તુતિ થઇ હતી. મેં આપને કહ્યું છે તેમ ઠેઠ સુધી જે કારણો મહેતાના વિરોધીઓ પોતાના પક્ષમાં રજુ કરતા તેજ કારણો વડે મહેતા તેમને પૂરા પડી શકયા હતા, અને એક મદ્રાસના પત્રના ખબર પત્રીએ સુંદર રીતે કહ્યું હતું તેમ, મહેતાએ દલીલની સામે દલીલ વાળી હતી, ફિટ્‌કાર સામે ફિટ્‌કાર વાળ્યો હતો, મજાક સામે મજાક વાળી હતી અને ઠઠ્ઠા સામે ઠઠ્ઠો કર્યો હતો. ગૃહસ્થો, આપણા પ્રતિનિધિને આવો યશ મળ્યો છે એ વાત આપણે અભિમાન લેવા જેવી છે. આપણે અભિમાન લેવા જેવું છે કે આપણા કલકત્તાના મિત્રોએ પણ એમની સેવા એવી અપૂર્વ ધારી કે પોતાની કૃતજ્ઞતા દર્શાવવા માટે, તેમણે વ્યોમેશ ચંદ્ર બૉનરજીની આગેવાની નીચે, મહેતાને જાહેર અભિનંદ આપ્યું—જો કે તેમનો પોતાનો પ્રતિનિધિ પણ ધારાસભામાં તો હતોજ. આપણામાંથી જેઓ મહેતાને ઓળખે છે તેઓને ખબર છે કે આ બધા અભિનન્દનોની ઝાઝી પરવા રાખવી મહેતાને પાલવે એમ નથી. આપણને ખબર છે કે એમને જે સેવા બજાવી છે તે સેવાનું ફળ તે સેવા સિવાય બીજું હોઇ શકેજ નહિ પણ આપણે પણ આપણી ફરજ અદા કરવાની છે, અને તે ફરજ આપણે આપણા પ્રમુખ સાહેબને, આ ઠરાવમાં સૂચવેલી રીતે મિ. મહેતા, પ્રતિ આપણી કૃતજ્ઞતા દર્શાવવાનો અધિકાર આપ્યાથીજ ઉત્તમ રીતે અદા થશે.

સર ફિરોઝશાહ મહેતા.

૨.

[૧૯૦૭ ના આરંભમાં મુંબઇના એકાઉન્ટન્ટ જનરલ મિ. હૅરિસન અને બીજાઓએ, મ્યુનિસિપલ કોરપોરેશનમાં જે. પી. ઓ તરફથી સર ફિરોઝશાહ મહેતા ન ચૂંટાય તેટલા માટે એક કોકસ (કપટચક્ર) રચ્યું હતું. કોરપોરેશનની ચૂંટણી નિષ્પક્ષ અને ન્યાય્ય નથી એવી મતલબની અરજ ધારાસભાના કેટલાક સભ્યોએ મુંબઇ સરકારને કરી હતી; પરંતુ સરકારે તેમને તોછડાઈ ભર્યા ટૂંકાટચ્ચ જવાબથી વચ્ચે પડવાની ના પાડી હતી. લોકોના આશ્ચર્ય અને ક્રોધનો આથી પાર રહ્યો ન હતો, અને તે દર્શાવવાને ૭ મી એપ્રીલ ને રવિવારે માધવબાગમાં એક મ્હોટી સભા બોલાવવામાં આવી. નામદાર ગોખલે એ પ્રસંગે પ્રમુખ સ્થાને હતા. તેઓ સભાના કામનો આરંભ કરતાં નીચે પ્રમાણે બોલ્યા હતાઃ–]

સન્નારીઓ અને ગૃહસ્થો, અનેક રીતે આ સભા સુપ્રસિદ્ધ થઇ જનારી છે; આવી સભામાં પ્રમુખસ્થાન લેવાનું આમંત્રણ કરી આપે મને જે ઘણું મોટું માન આપ્યું છે તે માટે હું આપનો બહુ આભારી છું. આજે અત્રે હું શા માટે આવ્યો છું અને આજનાં કાર્યમાં કાંઇક આગળ પડતો ભાગ હું શા માટે લઉં છું તે વિષે મારે આરંભમાંજ થોડો ખુલાસો કરવો જોઇએ. હું કાંઈ આ શહેરનો કર ભરનારો નથી, તેમજ જે. પી. પણ નથી; અને મારૂં હમેશનું રહેવાનું સ્થાન મુંબઇ નહિ પણ પૂના છે. જે બાબત બન્યાથી આ આખું શહેર આજકાલ ખળભળી ઉઠયું છે, અને આપણે હજારો માણસો અહીં ભેગા થયા છીએ તેની સાથે જો માત્ર મુંબઈ શહેરનેજ લેવા દેવા હોત, એટલે કે એથી અહીંનાજ લોકોના હિતને અસર થવાની હોત, અને એનાથી ઉપસ્થિત થતા પ્રશ્નો માત્ર અહીંનાજ સંબંધમાં ઉઠવાના હોત, તો આ શહેરના મારા મિત્રોએ પોતાનો વિરોધ દર્શાવવામાં ભળવાની મને આજ્ઞા કરી નહિ હોત, તેમજ મને પણ આ સભામાં ભાગ લેવા આવવાનો કદી વિચાર થાત નહિ. પરંતુ

ગૃહસ્થો, હવે તો દરેક જણે માન્યા વિના ચાલે એમ નથી કે આ બાબત અમુક દશામાં કદાચ માત્ર સ્થાનિક અગત્યની ભલે હોય—જો કે મને તો તે બાબત બહુ શંકા છે—તો પણ આજ તો તે એવી દશાએ પહોંચી છે અને તેમાંથી એવા તો મહત્ત્વના અને દૂર-ગામી પ્રશ્નો ઉપસ્થિત થયા છે કે તે માત્ર આ શહેરનાજ જનોને નહિ, પણ આખા પ્રાંતના, બલ્કે આખા દેશના જનોને લગતી બાબત થઇ પડી છે. હવે પ્રશ્ન એ નથી કે જે. પી. ઓ તરફથી નવા કોરપોરેશનમાં કોણ આવશે, પણ એ છે કે રાજ્યવહીવટની હાલની પ્રથાના યોગે અંગ્રેજ અમલદારો સ્વાભાવિક રીતે આ દેશમાં જે જબરદસ્ત સત્તા ચલાવી રહ્યા છે, તે સત્તા શું સાર્વજનિક ચૂંટણીઓની નિરંકુશતાને દાબી નાંખવા માટે, અને અત્યાર સુધીમાં જે સ્વલ્પ પ્રમાણમાં સ્થાનિક સ્વરાજ્ય લોકોને આપવામાં આવ્યું છે તેટલું પણ ઓછું કરવા માટે વાપરવામાં આવશે, અને સરકારી હોદ્દા અને સત્તાનો આવો દુરુપયોગ દાબી દેવાને બદલે સરકાર જાહેર રીતે શું તેને અનુમતિ આપશે ? ગયા અકટોબરમાં નામદાર વાઇસરોયે આ દેશના લોકોનેકહ્યું હતું કે તેમના અભિપ્રાય પ્રમાણે, મ્યુનિસિપલ અને લોકલ બોર્ડનો વહીવટ એ સ્થાનિક સ્વરાજ્યના પ્રથમ પગથીઆં છે, અને ઉપલાં પગથીઆં ઉપર પહોંચ્યા પહેલાં એ પ્રથમ પગથીઆં આપણે પૂરાં ઓળંગવાં જોઇએ. આજે જ્યારે અતિશય મહત્ત્વના પ્રશ્નો-દેશમાં સ્થાનિક સ્વરાજ્યનાં સ્વરૂપ અને વૃદ્ધિ સાથે સંબંધ ધરાવતા પ્રશ્નો,-લોકોનાં ચિત્તમાં ઘોળાઈ રહ્યા છે, અને લોકોના અધિકાર ઉપર થયેલા ઉચ્છૃંખલ અને અન્યાય્ય અત્યાચાર સામે વિરોધ દર્શાવવો રહ્યો છે; આવે સમયે આપણામાંના જેઓને સ્થાનિક સ્વરાજનું હિત હૈયે છે, અને જેઓ આપણા દેશના રાજ્ય વહીવટમાં વધારે ભાગ મેળવવાના સમયની રાહ જોઈ રહ્યા છે તેઓને નચિંત બેસી રહેવું પાલવે એમ નથી. આથીજ દેશમાં સ્થાનિક સ્વરાજ્યની દિનપ્રતિદિન પ્રગતિમાં હિત ધરાવનાર તરીકે આજે હું અહીં બોલવા ઉભો છું, અને આ સભાનું પ્રમુખપદ લેવાનું કહી આપે મને જે માન આપ્યું છે તે માટે હું આપનો ઉપકાર માનું છું.

ગૃહસ્થો, મને શંકા નથી કે જુદાજુદા ઠરાવો ઉપર બોલનાર ભાઇઓ આ દુઃખદ પ્રસંગની અગત્યની બાબતો ઉપર તો વિસ્તારથી વિવેચન કરશે, એટલે આપની રજા લઇ, હું બેસી જાઉં તે પહેલાં હું તો કેટલુંક સામાન્ય વિવેચન કરીશ. આ પ્રસંગની બાબતો તો ચોખ્ખી અને ચટ છે. ગયે વર્ષે મુંબઇના એકાઉન્ટન્ટ જનરલ, અને હિન્દી સિવિલ સર્વિસના એક અગ્રગણ્ય સભ્ય, મિ. હેરિસને એક પ્રયુકિત રચી અને પોતે તેના નાયક થયા, અને પોલિસ કમિશનર અને મુંબઇના કલેકટરને પણ તેમાં સાગ્રીતો બનાવ્યા. આ પ્રયુક્તિનો સ્પષ્ટ અને સ્વીકૃત હેતુ જે. પી. ઓની ચૂંટણીમાં સોળ ઉત્તમોત્તમ ઉમેદવારોનેજ આવવા દેવા એવો ન હતો—કારણ તેમ જો હોત તો તો જુદી વાત હતી—પણ મુખ્ય હેતુ સર ફિરોઝશાહ મહેતાને ન આવવા દેવા એ હતો. કોરપોરેશનમાં સમૂળા ચૂંટાવા ન દેવા એવો તો નહિજ, કારણ જ્યાં સુધી આપણા લોક જીવનમાં મારા મિત્ર રા. દાક્ષિત જેવા છે ત્યાં સુધી તો તે બનવુંજ અશકય છે—પણ જે. પી. ઓના પ્રતિનિધિઓમાં ન આવવા દેવા એ હેતુ હતો; બીજો હેતુ એ હતો કે સર ફિરોઝશાહને કાઢવામાં જેઓ સામેલ ન થાય તેવાને પણ કાઢવા. સર ફિરોઝશાહને બહાર કાઢવામાં આવે અને તેમને કાઢવામાં ખરા સામેલ ન થનારાઓને કાઢવામાં આવે તો પછી કોરપોરેશનમાં કોણ ચૂંટાયું તેની કાંઇ કોકસને ઝાઝી પરવા ન હતી. અને આને લીધે, અગાઉ જે વૃદ્ધ અને અનુભવી કાઉન્સિલરો સર ફિરોઝશાહના પક્ષમાં નહિ પણ વિરુદ્ધજ ઘણા ખરા મોરચા બાંધીને ઉભેલા જણાતા તેઓની પણ કોકસ વિરુદ્ધ પડયું, માત્ર એટલાજ કારણથી કે તેઓ મ્યુનિસિપાલીટીમાં સર ફિરોઝશાહે જે ભવ્ય કામ કરી બતાવ્યું છે તે ભૂલી જઇને પેલી પ્રયુક્તિમાં ભેગા ન થઇ શકયા! ગૃહસ્થો, આવી ખસુસ અમુક વ્યકિતઓની વિરુદ્ધ મ્હોટા મ્હોટા સરકારી અમલદારોથી પ્રયોજાયલી પ્રયુકિત કાંઇ ન્હાની સૂની બાબત નથી. એના પ્રયોજકોએ એના બચાવમાં શાં શાં કારણો રજુ કર્યાં છે તે શોધવાનો મેં બહુ પ્રયત્ન કર્યો છે, અને મને જણાયું છે કે કોકસનો પ્રપંચ વાજબી છે એમ બતાવવાને માત્ર બે કારણો રજુ કરવામાં આવ્યાં છે; એક તો એ કે કોરપોરેશનમાં સર

ફિરોઝશાહનોજ ડંકો વાગી રહ્યો છે, અને બીજું એ કે તેમણે પોતાની આવી સર્વોપરિ સ્થિતિનો હમેશાં શહેરના શ્રેયમાંજ ઉપયોગ કર્યો નથી. વારૂ, મારા ધારવા પ્રમાણે પ્રથમ કારણમાં તો કાંઇ એવું નથી કે જેથી તેને બહુ મહત્ત્વ આપવું ઘટે. સર ફિરોશાહ મહેતા જેવા મહા અલૌકિક શક્તિવાળા માણસ તે શક્તિઓ પોતાના શહેરની સેવામાં લગભગ ૪૦ વર્ષ સુધી વાપરે તો તેને કોઇ પણ કોરપોરેશનમાં અને કોઇ પણ દેશમાં અપ્રતિમ સર્વોપરિપણું પ્રાપ્ત થાય તેમાં કાંઈ સંદેહ નથી. આટલી લાંબી સેવા જેણે આપી છે એવા માણસ પોતાના બંધુઓના મોખરે વિરાજે, એ તો તદ્દન સ્વાભાવિક છે, અને તે બાબત ફરિયાદ કરનારાઓ માનુષ સ્વભાવના ખુદ અંતરનાં તત્ત્વો સામે વિરોધ ધરે છે. આવી રીતનું સર્વોપરિપદ એમણે પ્રાપ્ત કર્યું છે તેથી માત્ર એટલુંજ સૂચવાય છે કે જેમની સેવામાં એમણે પોતાનું જીવન અર્પણ કર્યું છે તેઓ તે માટે એમના પ્રતિ ઉંડી કૃતજ્ઞતા ધરાવે છે, તથા તેની સાથે સાથે, પોતાના નાયકના ડહાપણ અને વિવેક બુદ્ધિમાં ઉંડો વિશ્વાસ ધરાવે છે. મુંબઇના કોરપોરેશનમાં સર ફિરોઝશાહ જે સ્થિતિ ભોગવે છે તેવી સ્થિતિનો જોટો હિન્દુસ્તાનમાં મળે એમ નથી, પણ બર્મિંગહામમાં મિ. ચેમ્બરલેનની જેવી હાક વાગે છે તેના જેવી લગભગ એમની સ્થિતિ કહી શકાય, કે કદાચ વ્હીગ અંગ્રેજોમાં લૉર્ડ પામર્સ્ટનની, અને ત્યાર પછી લીબરલ પક્ષમાં મહાન્ ગ્લેડસ્ટનની જે સ્થિતિ હતી તેવી કહી શકાય. હવે બીજું કારણ લઇશું. જો એમાં કાંઇ જીવ હોત તો તેની ઉપર જરા વધારે વિચાર કરવો યોગ્ય હતો. પણ આ બાબત સર ફિરોઝશાહ વિરુદ્ધ શા શા આરોપો છે? મારા સમજવા પ્રમાણે તો એ આરોપો માત્ર બે છે—એક એકે જ્યારે લૉર્ડ કર્ઝન વાઇસરોય તરીકે હિન્દમાં બીજીવાર આવ્યા ત્યારે કોરપોરેશન તરફથી તેમને આવકારપત્ર આપવાની બાબતમાં સર ફિરોઝશાહે કૉંગ્રેસ ખટપટ દાખલ કરી; અને બીજો એ કે કોરપોરેશને 'સ્ટાંડર્ડ ટાઇમ' સ્વીકાર્યો હતો છતાંયે પાછો 'બૉંબે ટાઇમ' તેમણે તેની પાસે સ્વીકારાવ્યો. હવે આ બે બાબતમાં કોકસ પક્ષના જે કહે છે તે સઘળું દલીલની ખાતર સ્વીકારી લઇએ તો પણ સર ફિરોઝશાહને ખાતે સળંગ આડત્રીશ વર્ષ

સુધીનું જે મ્યુનિસિપલ કામ જમા થયું છે તેની સરખામણીમાં આવા જૂજજાજ મતભેદો તે શા હિસાબમાં છે? પણ ખરી રીતે તો આ બે બાબતમાં સર ફિરોઝશાહનાં કાર્યને મુંબઇના નાગરિકોના ઘણા મ્હોટા ભાગનું અનુમોદન અને અનુમતિ મળી છે. લૉર્ડ કર્ઝનને આવકાર પત્ર આપવાના સંબંધમાં, તે વખતે જે કાંઇ કડવાશ ઉત્પન્ન થઇ હતી તેને માટે સર ફિરોઝશાહ જવાબદાર ન હતા, પણ જેઓએ ખાસ રાજ પ્રકરણી હેતુથી કોરપોરેશનને માથે આ પ્રશ્ન નાંખ્યો હતો તેઓ જવાબદાર હતા. લૉર્ડ કર્ઝનની પ્રથમ કારકીર્દી માટે બહુજ પરસ્પર વિરુદ્ધ મતો દર્શાવવામાં આવતા હતા એ તો સૌ કોઇ સારી રીતે જાણે છે. વાઇસરોયના હોદ્દામાં ચાલુ રહેવાને બદલે તેઓ એકવાર હોદ્દો છોડી ગયા, અને તેમની ફરીથી નીમણુક કરવામાં આવી, એ તો માત્ર શિરસ્તો જાળવવાની ખાતર. તેમની વિરુદ્ધ જે તીવ્ર લાગણી ઉત્પન્ન થઇ હતી, તે જોતાં તો તેમને નવું આવકાર પત્ર આપવાની યોજના કદી રજુ થવી જોઇતી ન હતી. છતાં પણ જ્યારે તે રજુ કરવામાં આવીજ, ત્યારે તો બીજી વારની કારકીર્દી દરમ્યાન પહેલી વારનીના કરતાં પણ વધારે ખરાબી થશે એવો જેમને ભય હતો તેમને તે યોજનાને વિરુદ્ધ થયેજ છુટકો હતો. એ કાંઇ માત્ર એક શિષ્ટાચારની ખાતર જ્યારે કોઇ પણ નવો વાઇસિરોય હિન્દમાં આવે ત્યારે કોરપોરેશન તેને જે આવકાર આપે છે તેટલામાંજ પતે એમ ન હતું. દરેક પ્રસંગે આમા પક્ષની સાથે બને તેટલી પતાવટ કરી લેવાની આતુરતાવાળા આપણામાં માત્ર એક સર ફિરોજશાહ જ છે; તેમણે તો આ બાબતમાં લાગલાજ યોજનાની વિરુદ્ધ નહિ પડતાં તેમની સાથે સામાન્ય રીતે કામ કરનારાઓ જેટલી પતાવટ કરવાને તૈયાર હતા તેના કરતાં પણ વિશેષ પતાવટ કરવાની આતુરતા દર્શાવી, અને આખરે એ આવકાર પત્રનો ખરડો તૈયાર કરવાને નીમાયલી કમિટી ઉપર પણ એમણે કામ કીધું. સ્ટાંડર્ડ ટાઈમ અને બૉંબે ટાઇમના સંબંધમાં પણ જો ચેંબર ઑફ કૉમર્સ અને પોર્ટ ટ્રસ્ટ સરકારનાં દબાણથી પોતાના ઠરાવો બદલી શક્યા તો લોકોની લાગણીને માન આપીને કોરપોરેશને પોતાનો ઠરાવ ફેરવ્યો તેમાં તેણે શો મ્હોટો ગુન્હો કર્યો? પચીશ વર્ષ ઉપર સર જેમ્સ

ફર્ગ્યુસનની સરકારે એક વર્ષની તકરાર પછી જેમ કબુલ કર્યું હતું તેમ, આ બાબત એવી છે કે તેમાં મુંબઇના લોકોની ઇચ્છાને માન મળવુંજ જોઇએ. અને ગયે વર્ષે આજ બાબત જ્યાં એક મોટી સભા થઇ હતી ત્યાંજ માધવબાગમાં ઉભા રહી બોલતાં, મારે કહેવાની જરૂર નથી કે આ બાબતમાં સર ફિરોઝશાહનું વર્તન આ મ્હોટા શહેરના પુષ્કળ લોકોની ઇચ્છા અને લાગણીને અનુકૂળ હતું. અહીં આ સ્થળે યાદ આણવા જેવું છે કે ડૉ. કાત્રક જેઓ ગયા કોરપોરેશનમાં સ્ટાંડર્ડ ટાઇમના હિમાયતી હતા તેમની સ્ટાંડર્ડ ટાઇમ માટે બજાવેલી સેવા છતાં, કૅાકસે તેમનું સાંભળ્યું એ ન હતું. કારણ માત્ર એટલુંજ કે જે. પી. ઓ તરફથી ફિરોઝશાહને કાઢી મુકાવવામાં તેઓ સામેલ ન થયા. પણ ગૃહસ્થો, એમ કહેવામાં આવ્યું છે કે આ બાબતમાં ભાગ લેનારા ત્રણ અમલદારો તો માત્ર ખાનગી માણસ તરીકે કામ કરતા હતા, અને ફિરોઝશાહની સાથે તેમનું વર્તન તેઓ ઈંગ્લંડમાં કોઇપણ લોક નાયક પ્રતિ જેવું વર્તત આદરે તેવુંજ હતું. આમ બોલવું તો, ખરેખર એટલુંજ ચોખ્ખું બેવકુફી ભરેલું છે કે તેની ઉપર બહુ થૂંક ઉરાડવાની જરૂર નથી. આ દલીલ કરનારાઓને હું પૂછું છું કે મ્યુનિસિપલ વહીવટની અથવા શહેરનાં હિતની બાબતોમાં મિ. હેરિસન તથા તેનું કૅાકસ અને સર ફિરોઝશાહ તથા તેમની સાથે કામ કરનારાઓ વચ્ચે સિદ્ધાન્તનો એવો કયો ભેદ છે, કે જેવો ભેદ ઈંગ્લંડમાં લિબરલો અને કૉન્ઝર્વેટિવોને જૂદા પાડે છે? આ બાબતમાં ચોખ્ખી તો એક વાત એ દીસે છે કે કૅાકસ પ્રયુક્તિના પ્રણેતાઓ પોતાના કાર્યમાં સર ફિરોઝશાહ સામે અંગત વૈરભાવથી પ્રેરાયલા છે. કદાચ એમ હોય ખરૂં કે સિવિલ સર્વિસના અમલદારો મુખ્યતઃ હિંદીઓથી બનેલી સભાઓમાં પોતાનું ઝાઝું ન ચાલે અને બિન સરકારી હિંદીઓ પોતાને મોખરે વિરાજે એ ખમી શકે નહિ, કારણ આપખુદી અધિકારીઓના બગીચામાં તેઓને ઝાંખા પાડતા લોકનિયુક્ત સભ્યો રૂપ તાડોને સ્થાન નથી. પણ જો એમ હોય તો આ લોકો માટે યોગ્ય માર્ગ તો માત્ર એ જ છે કે તેઓએ આવાં મંડળોમાં પોતાના સરકારી દરજ્જાનો દાબ વાપરવાને બદલે અને ધુરંધર વ્યક્તિઓના વગના મૂળમાં છેદ મુકવા

માટે અયોગ્ય ચક્રો રચવાને બદલે તે મંડળોમાંથી ખસી જવું જોઇએ. જ્યારે મિ. હેરિસને સર ફિરોઝશાહને તેમના અનેક વર્ષો થયાં પ્રાપ્ત કરેલાં સ્થાનથી ભ્રષ્ટ કરવા માટે પોતાની પ્રયુક્તિ રચી ત્યારે હું નથી માનતો કે, તેમણે સ્હેજ પણ વિચાર કર્યો હોય કે સર ફિરોઝશાહના જેવી શક્તિ અને અનુભવવાળા માણસને મુંબઇના કોરપોરેશનમાં કામ કરવા જેટલો જે કાંઇ જૂજ અવકાશ હતો તે તેમની પાસેથી છીનવી લેવો એ ઠીક કહેવાય ખરૂં. આપણને વારંવાર કહેવામાં આવ્યું છે કે આપણા મ્યુનિસિપલ અને લોકલ (સ્થાનિક) મંડળો સ્વરાજ્યની કળા શીખવાની શાળા રૂપ છે. ખરેખર, ત્યારે, પોતાના કરતાં લેશ માત્ર કમી નહિ એવી શક્તિ અને ચારિત્રવાળા હિંદીઓને આવાં નહાનાં ક્ષેત્રોમાં કામ કરવાની જે કાંઇક સગવડ મળી છે તેથી હિંદી સિવિલીઅનોએ પોતાનાં મુખ કટાણાં કરવાની જરૂર નથી. મિ. હેરિસને જ્યારે કોરપોરેશનનાં નાયકત્વ માટે સર ફિરોઝશાહ સાથે બરોબરીમાં ઉતરવાનો વિચાર કર્યો ત્યારે, તેમણે પોતાનાં મનમાં પ્રશ્ન કર્યો હશે ખરો કે, સર ફિરોઝશાહે પોતાની મશહૂર અને લાંબી કારકીર્દીમાં જે મહા સેવાઓ બજાવી છે તેના અમુક અંશ જેટલી પણ સેવા તેઓએ પોતે અથવા તેમના કોકસના કોઇપણ માણસે અથવા તેઓએ સૌએ મળીને, કોરપોરેશનની બજાવી છે ? પરંતુ મારી આ બાબતમાં વધુ ઉતરવાની ઇચ્છા નથી. મિ. હેરિસને અને પેલા બીજા બે અમલદારોએ ખાનગી વ્યક્તિ તરીકે આ બાબતમાં ભાગ લીધો છે એ દલીલમાં, મારા મત પ્રમાણે, લગારે માલ નથી. જે. પી.ઓ ઘડવા અને ભાંગવાની સત્તા ધરાવનારા અમલદારો, પોતાની સત્તાથી બીજા જે. પી.ઓની ચૂંટણીની નિરંકુશતાની આડે આવ્યા સિવાય, બહુ ઉકળતી પક્ષાપક્ષીવાળી ચૂંટણીમાં શી રીતે ભાગ લઈ શકે ?

કોઈ જીલ્લાના માજીસ્ટ્રેટ અને પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મ્યુનિસિપલ અથવા ડિસ્ટ્રિક્ટ બોર્ડની ચૂંટણી પોતાનાં મનની ધારી કરાવવા માટે કોકસ બનાવે, અને પછી ઠંડી રીતે કહે કે એ તો બધું ‘ અમે અમારી ખાનગી રીતે કર્યું હતું,’ તે કોને ગળે ઉતરશે ? આખો પ્રશ્ન એવો અગત્યનો છે, અને સ્થાનિક સ્વરાજ્યની ભાવી ગતિ તેની સાથે એટલી બધી સંકળાયલી

છે કે, મને વિશ્વાસ છે કે તમે તેને તમારૂં ખરેખરૂં લક્ષ આપશો, અને જ્યાં સુધી તમામ સરકારી નોકરોને (કોકસ જેવાં) ચક્રો બનાવતા અટકાવવામાં આવશે એટલુંજ નહિ, પણ મત આપનારા લોક મંડળોથી ચૂંટાવાને પણ ખાસ ઠરાવ કરીને નાલાયક ઠરાવવામાં આવશે નહિ, ત્યાં સુધી આ બાબતમાં આપણે વિરમશું નહિ.

હવે મારે માત્ર એક જ બાબત કહેવાની રહે છે. ગૃહસ્થો, મને કહ્યા વિના ચાલતું નથી—અને ખેદ સાથે કહેવું પડે છે—કે મુંબઈ સરકારને પણ, અત્યાર સુધી જોતાં તો, આ બાબતમાં છેક છાંટા લાગ્યા વિના રહ્યા નથી. નેલસનની માફક આંધળી આંખ ઉપર ચશ્મું ચઢાવી સરકાર કહેશે કે 'શું થતું હતું તેની તો અમને ખબર નથી' તે ચાલશે નહિ. કોકસની પ્રપંચલીલાથી જે અતિશય લાગણી ઉશ્કેરાઇ છે, અને દરેક વિચારના હિંદી વર્તમાનપત્રો દિન પ્રતિદિન જે અદ્ભુત અને અપ્રતિમ એક વાકયથી એ બાબતને ચર્ચી રહ્યાં છે, તે ઉપરથી સરકારને, પોતાના અમલદારોને સત્યાનાશ પૂરેપૂરૂં વળી રહે તે પહેલાં તાબડતોબ રૂખસદ આપવાની ફરજ જણાવી જોઇતી હતી. છતાં પણ કોકસના ઉન્મત્ત ઉત્સાહને ધીમો પાડવા માટે કાંઇ પણ કરવામાં આવ્યું નહિ; અને ચૂંટણીના દિવસે જણાઇ આવ્યું કે સરકારના ન્હાના મ્હોટા સઘળા અમલદારો—માત્ર છેક વડા અમલદાર સિવાયના સઘળા અમલદારો—કોકસનાજ પક્ષમાં મત આપવા માટે અને કોકસની બીજી અનેક રીતે સેવા બજાવવા કમર કસી ચૂંટણીની જગાએ હાજર રહ્યા હતા; જ્યારે ધારાસભાના ત્રણ વધારાના સભ્યોએ મુંબઇ સરકારને લોક લાગણીની શું સ્થિતિ છે તે લખી જણાવ્યું અને પોતે જાહેર કરેલી હકીકતનો પુરાવો રજુ કરવાની કબુલાત આપી તે બાબતમાં તપાસ ચલાવવા માટે વિનંતિ કરી, ત્યારે તેમને એક ખાસો ટૂંકો ને ટચ્ચ જવાબ મોકલવામાં આવ્યો; જાણે એમ કહેવા માટે કે તેઓએ લખેલી અરજી અયોગ્ય છે, અને સરકારના અમલદારો કોકસમાંહેલા પોતાના અમલદાર ભાઇઓ વિરુદ્ધ ફરિયાદ સાંભળશે એવી આશા રાખવી નહિ! વળી સાથે સાથે એક અદ્ભુત દલીલ એવી પણ રજુ કરવામાં આવી કે સાર્વજનિક ચૂંટણીઓમાં સંબંધ

ધરાવવા સંબંધે સરકારી અમલદારો ઉપર જે સુયોગ્ય પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે તો માત્ર ધારાસભાની ચૂંટણીને લાગુ પડે છે, મ્યુનિસિપલ ચૂંટણીને નહિ. ચૂંટણી થઈ ગયા પછી મુંબઇમાં સ્થળે સ્થળે લોકોના ખીજવાટનું જે જબરૂં તોફાન ફેલાયું તે વિચારમાં લઇને, સરકારે પછીથી જે બન્યું તેમાં કેવળ નિષ્પક્ષ વર્તન રાખ્યું હોત તો ઠીક હતું. પણ નવા કોરપોરેશનમાં સુલેમાન અબ્દુલ વાહેદની સરકાર તરફથી નીમણૂક થઇ છે તેથી શું જણાય છે? આ ગૃહસ્થને કોકસે જબરદસ્તીથી પોતામાં સામેલ કર્યો હતો, એને પોતાને તો ઉમેદવાર તરીકે બહાર પડવાની ઇચ્છાએ ન હતી, ન્યાયમંદિરે એને નાલાયક ઠરાવેલો હતો, છતાં તેને સરકારે લાગલોજ પોતાના નીમેલા સભાસદોમાં સામેલ કરી દીધો. આ દુઃખદ બાબતમાં સરકાનું વલણ કોકસ તરફ છે એવી જે દુઃખમય લાગણી લોકોના મનમાં પેદા થઇ હતી, તેને દૃઢીભૂત કરવા માટે સરકાર આના કરતાં બીજું વધારે કઠણ પગલું ભાગ્યેજ લઇ શકી હોત. ગૃહસ્થો, આ બાબતમાં મુંબઈ સરકારનું વલણ હવે સંપૂર્ણ રીતે સમજાઈ ચૂક્યું છે, અને તેની પાસે વધુ દાદ મેળવવાની આશા રાખવી વ્યર્થ છે, એમ મારૂં માનવું છે. આપણે હવે હિંદુસ્થાન સરકાર તરફ પહોંચીએ છીએ, અને આપણે આશા રાખીએ છીએ કે તે સરકાર આ બાબતમાં ન્યાયની દૃષ્ટિને વધારે માન આપી, અને સાર્વજનિક ચૂંટણીની નિરંકુશતા, સ્વચ્છતા અને સ્વાધીનતા જાળવવાના પોતાનાં કર્તવ્યનું વધુ ભાન રાખી, એનો નિર્ણય કરશે. કદાચ ત્યાં પણ, અગાઉ બન્યું છે તેમ, યોગ્ય વસ્તુ બનવામાં અથવા તો અયોગ્યને બદલે યોગ્ય થવાના માર્ગમાં સરકારની ઇજ્જતનો વિચાર આડે આવવાનો ભય છે. પણ અગાઉથીજ અનિષ્ટની આગાહી કરવાનું પ્રયોજન નથી. બનનાર બન્યુંજ જવાનું, આપણે તો માત્ર આપણી બુદ્ધિ અને સંધિ પ્રમાણે આપણાથી બને તેટલું કરી છુટવાનું છે.

વ્યોમેશ ચંદ્ર બૅાનરજી.

[વ્યોમેશ ચંદ્ર બૅાનરજીનાં મરણ માટે શોક દર્શાવવાને તા. ૨૧ મી જુલાઇ ૧૯૦૬ને દિને લંડનમાં મળેલી સ્મારકસભામાં નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

અધ્યક્ષ સાહેબ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, કૃતાન્ત કાળે આપણામાંથી આપણા યશસ્વી બંધુ વ્યોમેશ ચંદ્ર બૅાનરજીને ઉપાડી લીધા છે તેથી થતો શોક જાહેરમાં જણાવવાને આજ આપણે અહીં મળ્યા છીએ. આ આપત્તિ આપણા ઉપર છેક અણધારી આવી પડી છે એમ નથી એ ખરૂં. ઘણા વખત થયાં સૌને ખબર હતી કે બૅાનરજીની તબીઅત તદ્દન લથળી ગઇ છે, અને તે સુધરવાની બીલકુલ આશા નથી, તેમજ તેવી રુગ્ન દશા લાંબો કાળ લંબાયા કરે તો માત્ર તેમનું કષ્ટ લંબાયા કરશે. પણ હવે બનનાર બની ચૂકયું છે; અને આપણા મહાન્ અને શ્રદ્ધાસ્પદ નેતા, જેમને પગલે ચાલવામાં જેટલો આનંદ મળતો તેટલોજ જેમનાં તરફ પ્રીતિ રાખવામાં મળતો, તેઓ, આપણને છોડી ગયા છે, એમ હવે માનેજ છૂટકો છે. આવે સમયે ચિત્ત એવું તો સ્તબ્ધ અને વિહ્‌વળ બને છે કે જાણે મહા કૃતાન્તે, ચોરની જેમ છૂપા છૂપા આવી, આપણા ઉપર અચિંતો સપાટો મારી આપણા મિત્રને આપણી પાસેથી ઝૂંટવી લીધા ન હોય ! સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, બૅાનરજી એવા પુરુષ હતા કે જેમના મૃત્યુથી જગત્‌માં કોઇપણ કાળે અને કોઇપણ સ્થળે માનવ જાતિને ખોટ પડે. હિંદને તો, તેના અર્વાચીન સંક્રાન્તિકાળમાં, ચારે બાજુએ જ્યારે કઠિન અને કૂટ પ્રશ્નો ધુરકી રહ્યા છે ત્યારે, તેમનું પ્રયાણ એ એક અતિભારે રાષ્ટ્રીય આફત છે, અને આપણને ગયલી ખોટ પૂરી પડે એમ નથી એમ આપણે બોલીએ ત્યારે કશી અત્યુકિતનો આશ્રય લેતા નથી. આજ આપણા મહાન દેશબંધુના ચારિત્ર અને કારકીર્દી અવલોકવાનું મ્હારૂં કર્તવ્ય નથી. આપણને પડેલો ઘા હજી એટલો તો તાજો છે, અને એટલો તીવ્ર રીતે સાલી રહ્યો છે કે આ પ્રકારની સભામાં એવું કામ ઉપાડી શકાય એમજ નથી. અને આ ઠરાવ આપના સ્વીકાર માટે સાદર



व्योमेशचंद्र बॉनरजी.

કરતાં મ્હારે આપણા સદ્ગત નેતાના કેટલાક નૈસર્ગિક અને કેટલાક યત્નસાધિત એવા ઘણા ઘણા ગુણો પ્રત્યે મ્હારો આદરભાવ બતાવવા માટે, તથા આપણા રાષ્ટ્રીય કાર્યના હકમાં તેમણે જે અપૂર્વ સેવા બજાવી છે તેની નમ્રતાપૂર્વક કદર બતાવવા માટે એ શબ્દો બોલવાના છે.

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, આપણને સૌને સુવિદિત છે કે બૅાનરજી આપણા દેશના એક અતિ પ્રશસ્ત અને યશસ્વી વકીલ હતા. હવે, ધારો કે તેમની કીર્તિ માત્ર તેમની વકીલ તરીકેની ખ્યાતિમાંજ પર્યાપ્ત થયેલી હોત તોયે તેમને માટે આપણું આદર અને માન જાહેરમાં પ્રકટ કરવું ઘટયું હોય એ વાત તો નિઃસંશય છે. રાષ્ટ્રીય જીવન અનેક દિગ્ગામી ન હોય તો ઉણું રહે; અને હિન્દનાં નામને કોઇ પણ દિશામાં યશ લાવનાર, પોતાનાં કાર્યથી રાષ્ટ્રીય કાર્યને પ્રગતિ આપે છે, એટલે રાષ્ટ્રીય કારણે આપણે તેને માન આપવું ઘટે છે. પણ આપણા આદર અને કૃતજ્ઞતા ઉપર બૅાનરજીનો દાવો તો તેમના વકીલ તરીકેની પ્રશસ્ત કીર્તિ કરતાં વળી વિશેષ મજબૂત પાયા ઉપર રહેલો છે. કુશળ વકીલ હોવા ઉપરાંત, તેઓ એક શૂરા દેશભકત હતા, શાણા અને દૂર-દર્શી નેતા હતા, કામમાં સતત મચેલા રહેતા, અને તેમનાં મનની ઉદારતા અને આત્માનો પ્રભાવ તેમનાં આખાં જીવનમાં, તેમનાં દરેક વચન અને વર્તનમાં પ્રતિબિંબિત થતાં હતાં. તેમની બુદ્ધિશક્તિ શ્રેષ્ઠ કોટિની હતી. ચકોર, પ્રબળ અને સર્વગ્રાહી બુદ્ધિ સાથે ખરેખરી ચમત્કારિક સ્મરણશકિત, ઉજ્જ્વલ વિવરણ શકિત, મોહક વકતૃત્વશકિત, ભારે ઉદ્યમ, અને વ્યવસ્થા અને નિયમ પ્રમાણે વર્તવાનો આશ્ચર્યકારક અભ્યાસ—આ સૌને લીધે જે ક્ષેત્રમાં કામ કરવાનું બૅાનરજી પસંદ કરતા તેમાં ઉત્તમ વિજય મેળવતા. તેમની જીવનની સમીક્ષા સર્વતોગામી હતી, તેમનું અંતર ઉંડી લાગણીવાળું અને સાચું હતું, અને પોતાને બક્ષાયલી શકિત દેશની સેવામાં અર્પણ કરવાની તેમની તીવ્ર ઇચ્છા હતી. વળી સુંદર રૂઆબ અને અનેરી મોહકતાભરી રીતભાત સાથે એવાં તો બળ અને સંયમ ભળેલાં હતાં કે સમાગમમાં આવનાર પ્રત્યેક જણ પર તેઓ ભારે પુરુષાતનવાળા નરની છાપ પાડતા. આવો નર જે સ્થાને મૂકાયો હોય તે સ્થાને સૌને

મોખરે વિરાજે એમાં સંદેહ નથી. કોઈ સ્વરાજ્ય ભોગવતા દેશમાં તો તેઓ વડા પ્રધાનની પદવીએ પહોંચી શક્યા હોત એ નિઃશંસય છે. હિન્દમાં આપણે તેમને આપણી રાષ્ટ્રીય સભાના અધ્યક્ષ બે વાર બનાવ્યા હતા, અને તેથી વિશેષ મહત્ત્વની બાબત તો એ છે કે જ્યારે રાષ્ટ્રીય સભાની પ્રવૃત્તિનો એકવીશ વર્ષ ઉપર આરંભ કરવામાં આવ્યો અને, હિન્દની પ્રથમ રાષ્ટ્રીય સભા મુંબઇમાં મળી ત્યારે સર્વ પ્રાંતના પ્રતિનિધિઓએ તેમને અધ્યક્ષ નીમી પોતાનાં કામમાં માર્ગદર્શક તરીકે સ્વીકાર્યા હતા. અને ત્યારથી તે પોતાનાં મરણની ઘડી સુધી, બૉનરજી અને તેમની સાથે બીજા બે ત્રણ જણાઓજ તે પ્રવૃત્તિના પ્રાણ અને આત્મા હતા. પોતાનો કાળ અને પોતાનું ધન એમણે મોકળે મને તે પ્રવૃત્તિને સમર્પ્યું હતું, અને તે એટલે સુધી કે તેની ઘણાને ખબરે નથી. એ પ્રવૃત્તિને યોગે આવી પડતી સઘળી ચિંતા એમણે હર્ષથી સહન કરી, તેને સફળ કરવા માટેના પ્રયત્ન કરતાં તેમને થાક લાગતો જ ન હતો, અને રાષ્ટ્રીય સભાની વાત આવી ત્યાં તો તેમના દેશબંધુઓએ તેમની સલાહનેજ પ્રથમ પદ આપ્યું છે. એમની હિંમત અદ્‌ભુત હતી, આપત્તિની સાથે તે વૃદ્ધિ પામતી, અને તેમની નીડરતા અને નિર્મળ વિવેકશકિતની તેમના દેશબંધુઓ હર ઘડી તારીફ કરતા. બૉનરજીના હાથમાં સુકાન હોય ત્યાં સુધીતો વહાણને ખડક ખરાબા કે તોફાન લાગશે નહિ એવી સૌને ખાતરી રહેતી. હૈયાને દોલાવે એવી, હલમલાવે એવી, અને શૂર ચઢાવે એવી એમની વક્તૃતા હતી, ત્યારે અમુક તો સાધ્યછે અને અમુક તો સાધ્ય નથી એવો ભેદ સહજ કળી શકે એવું વ્યાવહારિક ડહાપણ પણ એમનામાં હતું, અને વખત આવ્યે કાર્યને શામક અને નિયામક સ્વરૂપ આપવામાં બૉનરજીના કરતાં વધારે દૃઢતાથી ઉભું રહેનાર બીજું કોઇ ન હશે. આ ઘડીએ મને રાષ્ટ્રીય સભાના વિષય વિચારક મંડળની બેઠકો યાદ આવે છે; ખરી રીતે આ બેઠક વખતેજ સઘળી અગત્યની ચર્ચા થાય છે, અને આવી એક નહિ પણ અનેક બેઠકો વખતે બૉનરજીના દૂર-દર્શી ડહાપણને લીધે અને તેમના જેવા પુરુષને આપવામાં આવતાં ભારે વજનને લીધે કેટલાંક ઉગ્ર મગજોના વિચારમાં ધીરતા આવતી અને જ્યાં અંતર પડવાનો ભય હતો ત્યાં ઐક્ય

સ્થપાતું. આવા નેતાના મરણથી ગયેલી ખોટ વર્ણવવાને મારી વાણીમાં સામર્થ્ય નથી. હાલ આપણી રાષ્ટ્રીય સભાનાં વહાણને જ્યારે તોફાન લાગવાના ચિન્હ જણાય છે ત્યારે તો તેમની અગત્ય બીજા કોઇપણ પ્રસંગ કરતાં વધારે છે, અને ત્યારેજ તેઓ વિદેહ થયા છે. સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, મારા પોતાના દેશબંધુઓથીજ લગભગ ભરેલી આ સભામાં બૉનરજીએ બજાવેલી આપણા રાષ્ટ્રીય કાર્ય માટેની પ્રશસ્ત સેવા સંબંધે વિસ્તાર કરવો નિરર્થક છે. અને હું તે સેવામાંથી એકાદ બે અત્રે જણાવું શું તેનું કારણ માત્ર એ છે કે તે વિષે ઝાઝી ખબર નથી, અને આપણે તેમના કેટલા બધા ઋણી છીએ તે તેનાથીજ જણાઈ આવે છે. તમોને ખબર છે કે મિ. બ્રૅડલોના કરતાં કોઇ અંગ્રેજે હિન્દની વધારે સારી કે વધારે ઉત્સાહ ભરી સેવા બજાવી નથી. ત્યારે આપણા પક્ષને માટે બ્રૅડલોની સહાનુભૂતિ અને આપણા મનોરથોનું સબળ સમર્થન મેળવી આપનાર બૉનરજી જ હતા. વળી આ બધાં વર્ષો રાષ્ટ્રીય સભાની બ્રિટિશ કમિટીને એકત્ર રાખવામાં અને આ દેશમાં તેની પ્રવૃત્તિ એક ધારી કાયમ રાખવામાં બૉનરજીએ જે ભાગ ભજવ્યો છે, તે પણ તેમના પ્રત્યે આપણી પ્રીતિ અને કૃતજ્ઞતાનું એક અતિ મ્હોટું કારણ છે. આ કામમાં વખતો વખત કેટલી મુશ્કેલીઓ નડતી, કેટલી ચિંતાઓ ઉભી થતી, અને તેમાં કેટલો ભોગ આપવો પડતો, તેનો ખ્યાલ આપણામાંના તો કોઇકનેજ હશે; પણ આપણા મુરબ્બી મિત્રો સર વિલિયમ વેડર્બર્ન અને મિ. હ્યૂમ આજ અહીં હોત તો આપણને કહેત–અને આપણા અધ્યક્ષ સાહેબ પણ જો છેવટે કાંઇ બોલશે તો કદાચ કહેશે કે આ બાબતમાં બૉનરજીના સહકાર્ય અને સહાય્ય કેટલાં હતાં. સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, હું આપને વધું રોકવા માગતો નથી. બૉનરજી ગયા એટલે આપણા ઘણાકના એક મ્હોટા નેતા ગયા છે એટલુંજ નહિ પણ એક બહુ લાગણીવાળા ઉદાર મિત્ર આપણે ખોયા છે. ક્રોડનમાં આવેલો તેમનો સુંદર નિવાસ, જે દુર્ભાગ્યે આજ શોકસાગરમાં ડૂબેલો છે, ત્યાંનું જેણે આતિથ્ય ચાંખ્યું છે તે, તેમની મૂર્તિની મોહકતા, તેમના વિચારનું ઔદાર્ય, તેમની આસપાસના સૌ જણો પ્રતિ તેમની અસરકાર મમતા, અને તેમની મિત્રતાનો લાભ

જેમને તે આપતા તેમના ઉપર જે કૃપા તેઓ ઉભરાવવા ચ્હાતા તે ભૂલ્યા નજ હશે. તે દુઃખમાં ડૂબેલાં કુટુંબને જે હાનિ થઇ છે તે વર્ણવી શકાય એમ નથી, તે શોકદગ્ધ વિધવાનું જીવન શૂન્ય થઇ ગયું છે, અને જેને સંસાર હવે કદી પ્રથમ જેવો ભાસનાર નથી તે કુટુંબ અને વિધવા તરફ આપણા હૈયાં ઉભરાય છે એમ આ પ્રસંગે હું કહી લઇશ. હવે મારે વધુ કહેવાનું રહેતું નથી. બૉનરજી ભવનો આરો ઉતરી પેલે પાર પહોંચી ગયા છે, તેઓ આપાર કદી આવનારા નથી. પરંતુ તેઓ આપણામાંથી છેક લુપ્ત થઇ ગયા નથી. તેઓ આપણને એક અનુકરણીય જીવનનો અમૂલ્ય વારસો આપી ગયાછે, અને નિત્ય રટણ કરવાને તેમની યાદી મૂકી ગયા છે. અને આ સૌ ઉપરાંત જે પ્રવૃત્તિ માટે તેમને અતિશય પ્રેમ હતો અને જેને તેમણે પોતાની અમૂલ્ય સેવા અર્પી તે પ્રવૃત્તિનો વારસો તેઓ આપણે માટે મૂકી ગયા છે. તે વારસા પ્રતિ આપણી શી ફરજ છે તે આપણી દિલગિરીજ આજ સૂચવી રહી છે. અને આપણી શકિત અને આપણા દેશની હાજતોનાં પ્રમાણમાં એ ફરજ ઓળખવાના આપણા નિશ્ચય અને તે ઓળખવાના આપણા પ્રયત્ન કરતાં બીજું જે કાંઇ માન સદ્દગતનાં સ્મરણાર્થે આપીએ તે વિશેષ યોગ્ય નહિ હોઇ શકે.

શિષિર કુમાર ઘોષ.

[સને ૧૯૧૨ ના માર્ચ મહિનાની ૨૩ મી તારીખે, બાબુ શિષિર કુમાર ઘોષનાં મરણ માટે થયેલો અતીવ ખેદ દર્શાવવા અને તેમનાં સ્મરણનાં માન નિમિત્તે કલકત્તામાં એક સભા ભરાઇ હતી, તેમાં નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

મહારાજ બહાદુર અને સદ્‌ગૃહસ્થો, બાબુ શિષિર કુમાર ઘોષને મને પ્રથમ મળ્યાને દશ વર્ષ થઇ થયાં, છતાં તે વેળા તેમણે જે મારા ઉપર છાપ પાડી હતી તે આજ પણ કાયમ છે. એમને મળ્યા પહેલાં પણ હું એમને માટે બહુ ઉંચો વિચાર ધરાવતો હતો, કારણ મેં એમને વિષે મારા ગુરુ સદ્‌ગત રાનડે પાસેથી બહુ સાંભળ્યું હતું; રાનડે હમેશ એમને વિષે બહુ પ્રશંસા અને પ્રીતિથી બોલતા. છતાં એઓ કેવી અદ્‌ભુત મનોહર અને પ્રોત્સાહક મૂર્તિ છે એ તો હું જ્યારે એમના અંગત સમાગમમાં આવ્યો ત્યારેજ સમજ્યો. એમનામાં જે મ્હને ખાસ લાગ્યું હતું તે ઉંડી આધ્યાત્મિકતા સાથે ભળેલો એમનો પ્રચંડ દેશાનુરાગ; અને આ ગુણોનાં સંમિલનથી બીજા બે દેખીતા પરસ્પર વિરોધી ગુણો–ગંભીર શાંતિ અને ચિત્તની અને પ્રાણની અતિશય ચંચલતા–એમનામાં ભેગા થયા હતા. એમની દેશભક્તિએ એમને પોતાના દેશની સેવામાં અવિશ્રાંત અને અનવરત પ્રવૃત્તિશીલ બનાવ્યા હતા, અને છતાં આ સૌ પ્રવૃત્તિ-યુક્તસાગરનાં તળીઆમાં તો ખરી ધાર્મિકતાથી જન્મેલી ગંભીર શાંતિ રહેલી હતી. ઘણીકવાર ખૂબ જોસથી ચર્ચા કરતાં જ્યારે પોતાની પ્રબળ બુદ્ધિના સંપૂર્ણ વેગથી પોતાનાં દૃષ્ટિબિંદુનું તેઓ પ્રતિપાદન કરતા ત્યારે અચાનક અટકી જઈ તેઓ મંદ સ્મિત કરી, કોઇ અંગત પ્રકારની પ્રીતિ ભરી પૃચ્છા કરી, વિષયાન્તર કરી દેતા; આવે સમયે તેમની શાંતિની ઝાંખી થતી, અને વ્યવહારના કઠણ કલેશમાં પણ પોતાની ઇચ્છાનુસાર તેઓ આંતર મંદિરમાં પોતાની વૃત્તિને સંકેલી લઈ પોતાના સ્રષ્ટાની સાથે એકતાન થઇ શકતા એમ જણાઇ આવતું હતું. નિશ્ચયની દૃઢતાથી ઉત્પન્ન થતી વેગમય શક્તિવાળા અને ધાર્મિકવૃત્તિથી ઉત્પન્ન થતા પ્રશાંત વીર્ય-

વાળા આવા પુરુષ હિન્દમાંજ નહિ પણ જગત્‌માં કોઇ પણ સ્થળે મહત્તા પ્રાપ્ત કરે તેમાં સંદેહ નથી, અને આ દેશમાં શિષિર કુમાર ઘોષે પોતાના સમય અને પરિસ્થિતિ ઉપર બહુ ભારે અસર કરી છે એમાં કશી નવાઇ નથી. ગૃહસ્થો, કલકત્તાના શ્રોતાઓ આગળ, શિષિર કુમાર ઘોષે કરેલી જીવન ભરની મહાસેવાની કથા મ્હારે કહેવાની ન હોય. એમનાં મરણથી, આપણે એક મ્હોટો ધાર્મિક ગુરુ ગુમાવ્યો છે, પોતાના દેશનો પરમ અનુરાગી એક, ખરો સાચો દેશભક્ત ગુમાવ્યો છે, એક પ્રબળ વિચારક અને હિંમતવાન અને ખંતીલો કામ કરનાર ગુમાવ્યો છે. મ્હને ખાતરી છે કે જ્યારે આ સમયનો ઇતિહાસ લખાશે ત્યારે આધુનિક હિંદના સ્રષ્ટાઓમાં બાબુ શિષિર કુમાર ઘોષ અગ્રગણ્ય સ્થાન લેશે. આવો શૂરો, સાચો અને સરળ આત્મા આપણામાંથી ગયો છે તો તેની સ્મૃતિ આપણે કદી પણ આપણા મનમાંથી સ્ખલિત થવા દેવી ન જોઇએ. બાબુ શિષિર કુમાર ઘોષ જેવાનાં જીવન દેશનું પરમ ધન છે, અને એક પછી એક એમ અનેક જમાના માટે અમૂલ્ય વારસો છે. હું વિશ્વાસ રાખું છું કે આ સભા શિષિર બાબુની સ્મૃતિ ચિરસ્થાયી રાખવા માટે યોગ્ય ઉપાય લેશે, અને તેમ કરી દેશની સેવામાં ઉત્તમ રીતે વ્યતીત કરેલાં જીવનથી આપણા ઉપર તેમનું જે ઋણ થયું છે તે આપણે વીસરતા નથી એમ બતાવી આપશે.



भगिनी निवेदिता.

ભગિની નિવેદિતા.

[સદ્ગત ભગિની નિવેદિતાએ બજાવેલી હિન્દની સેવાને ચિરસ્મરણીય કરવા માટે કલકત્તામાં સને ૧૯૧૨ ના માર્ચની ૨૩ મી તારીખે એક જાહેર સભા મળી હતી, તે સમયે નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

અધ્યક્ષ સાહેબ, સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, હું આ ઠરાવને અનુમોદન આપવાની રજા લઉં છું. દશ કરતાં વધારે વર્ષ થયાં ભગિની નિવેદિતાના ગાઢ પરિચયમાં આવવાને હું ભાગ્યશાળી થયો હતો, એટલે તેમનાં સ્મરણને માન આપવામાં ભાગ લેવા માટે આ સભા બોલાવનારાઓએ મને આમંત્રણ આપવાની જે કૃપા કરી છે તે માટે હું તેમનો આભારી છું. ભગિની નિવેદિતાના અચિંતા અને અકાળ મૃત્યુથી આ દેશને જે ભારે ખોટ પડી છે તે માટે આપ સૌની લાગણીને કંઈક અનેરી રીતે દર્શાવી ચૂકયા છો, અને આ ઠરાવ આ સભા સમક્ષ રજુ કરતાં મારા મિત્રો બાબુ સુરેન્દ્રનાથ બેનરજી અને મિ. બ્લૅરે, એ ભગિનીનાં મહાત્મ્યની ઘણી છટા ભરી વાણીથી સાખ પૂરી છે. એટલે હવે મારે તમારો સમય અને ધ્યાન અલ્પમાત્રજ રોકવાનું રહે છે. ભગિની નિવેદિતાની મૂર્તિજ કંઈક અદ્ભુત મોહકતા વાળી હતી—એવી મોહકતા વાળી કે તેમના સમાગમમાં આવવું એ કોઈ જબરદસ્ત કુદરતી બળના સમાગમમાં આવવા સરખું હતું. એમની આશ્ચર્યકારક બુદ્ધિ, એમની મધુરી વાણી, એમનો અથાગ ઉદ્યમ, પોતાની માન્યતા અને સિદ્ધાન્તોને વળગી રહેવામાં એમની દૃઢતા અને આ શકિતઓથી લેશ પણ ઉતરે નહિ એવી, વસ્તુમાત્રનું અંતઃતત્વ પારખી લેવાની એમની અપૂર્વ શકિત—આ સૌને લીધે, એઓ કોઇપણ સ્થળે અને કોઈપણ કાળે અદ્ભુત નારી તરિકે પ્રસિદ્ધ થાત. અને આ ગુણો સાથે જ્યારે બીજા અદ્ભુત ગુણો ભળેલા હતા—હિંદ માટે તેમના જેવો નિઃસીમ પ્રેમ, હિંદના હિત માટે ગાઢ ભકિત, તેની સેવાને માટે સંપૂર્ણ સ્વાર્પણ અને તેને ખાતર, વિના ફરિયાદે એટલુંજ નહિ પણ આનંદથી આદરેલું ઉગ્ર તપ—એ સૌ ગુણો

સાથે ભળેલા હતા. તો ભગિની નિવેદિતાએ આપણી કલ્પનાને આકર્ષી અને આપણાં હૃદયને વશ કીધાં, અથવા તેમના સંબંધમાં આવનારના વિચારો અને કલ્પના પર ગંભીર અને ઉંડી અસર કરી, અને કોઇપણ દેશમાં અવતરી તેને માટે જીવન વ્યતીત કરનાર શ્રેષ્ઠ સ્ત્રી પુરુષોમાં તેમની ગણના થઇ, એમાં કાંઇ આશ્ચર્ય છે ? કેટલાક લોકો પોતાની મ્હોટપમાં આપણને કહે છે કે ભગિની નિવેદિતા આપણું ભલું કરવા અત્રે આવેલાં, તેમ ન હતું. આપણી મુશ્કેલીઓ, આપણી ખામીઓ અને આપણાં સંકટથી દયાર્દ્ર થઇ માનવ જાતિનાં શ્રેય માટે કામ કરનાર તરિકે પણ તેઓ ન આવેલાં; તેઓ તો પોતાને હિંદનું તેડું થયું છે એમ માનીને આપણી પાસે આવ્યા હતા. તેઓ આપણે ત્યાં આવ્યા તે તેમને હિંદની મોહિની લાગી હતી તેથી આવ્યા, એક તરફથી હિંદને પોતાનાં હૃદયની ભક્તિ સમર્પણ કરવા આવ્યા, અને બીજી તરફ આપણે જે મહા કાર્ય કરવાનું છે તેમાં આ દેશના પુત્રો અને પુત્રીઓની સાથે રહી કામ કરવા અત્રે આવ્યા. અને જે સુંદર, સંપૂર્ણ રીતે તેમણે હિંદને પોતાનું કરી લીધું, તેતો શબ્દોથી દર્શાવાય એમ નથી. ભૂતકાળમાં હિંદ જે ગૌરવની મૂર્તિ હતી, તે ગૌરવ, તેમજ ભાવીમાં પ્રભુ કૃપાથી જે ગૌરવની મૂર્તિ તે થશે તે ગૌરવને જ તેમણે પોતાનું કરી લીધું હતું, એટલુંજ નહિ, પરંતુ આપણા જીવનનાં દુઃખો અને મુશ્કેલીઓથી જરા પણ ડગ્યા વિના, અને આપણાં અજ્ઞાન, વહેમ અને આપણી મલિનતાથી પણ કંટાળો ખાધા વિના, તેમણે દોષ અને ન્યૂનતાઓથી પૂર્ણ એવા વર્તમાન હિંદને પોતાનું કર્યું હતું. આવી રીતે સંપૂર્ણતાથી આપણું જીવન ગાળવાનું તેમને કેટલું કષ્ટ અને મુશ્કેલી ભર્યું, કેટલું બધું અસંભવિત થઇ પડ્યું હશે, એવું સમજનારા આપણામાં કેટલા બધા થોડા છે ? હિંદને પેટે જન્મી, હિંદને ખોળે ઉછરેલા આપણે પણ જ્યારે પરદેશમાં મુસાફરી કરવાને લીધે અથવા એવાં બીજાં કારણોને લીધે જો આ અસલ જીવનમાંથી એકવાર બહાર નીકળી જવા પામીએ તો પાછું આપણને તે અસલ જીવનમાં પડવાનું કોઈપણ રીતે સ્હેલું લાગતું નથી; તો પછી હજારો માઇલ દૂર જન્મી, આપણાથી ઘણા જુદાજ સંજોગોમાં ઉછરેલાં તેમને તો આપણાં જીવન


સાથે સંપૂર્ણ એકતા કરી, આપણે માટેજ જીવન પૂરૂં કરવાનું, કેટલું મુશ્કેલ થઇ પડયું હશે ? સન્નારીઓ અને સદ્દગૃહસ્થો, જ્યારે આપણે આવો વિચાર કરીએ છીએ ત્યારે, આપણને વધારે મ્હોટાં અને વધારે સારા કામો કરવાને દોરતી અને પ્રેરતી, કોઇ શ્રેષ્ઠતાની મૂર્તિ આપણી નજર આગળ તર્યા કરે છે. આ સભા ભગિની નિવેદિતાને માટે યોગ્ય સ્મારક ઉભું કરવાને બોલાવવામાં આવી છે. હું આશા રાખું છું અને મ્હને વિશ્વાસ છે કે, એ સ્મારક ઘટતું હશે, આ મહા નગરને ઘટતું, અને ભગિની નિવેદિતાએ આપણને જે પ્રેમ અર્પ્યો હતો તેને તથા આપણને તેમને માટે જે પ્રેમ અને આદર હતો તેને ઘટતું હશે. પરંતુ એક ઘટતું સ્મારક કરવું એટલુંજ બસ નથી. જો તેમને લીધે આપણામાં દેશભક્તિની જ્યોતિ વધારે નિર્મળ અને ઉજળી ઝળકતી ન થાય, જો નાગરિકના ધર્મ વિષેની અને સમાજ–સેવાની આપણી ભાવના વધારે ઉન્નત ન થાય અને આપણી દેશમાતા માટે ખરા દિલના અભિલાખ અને ઉમદા પ્રયાસોથી આપણું જીવન નહિ ઉભરાય, તો મને લાગે છે કે આપણાં પરમ પ્રિય સદ્દગત ભગિની નિવેદિતાએ આપણે માટે પોતાનું જીવન અર્પણ કર્યું તે વૃથા અર્પણ કર્યું કહેવાશે. સન્નારીઓ અને સદ્દગૃહસ્થો, હું આ ઠરાવને અનુમોદન આપું છું.

મિ. એ. ઓ. હ્યૂમ.

[મિ. એ. ઓ. હ્યૂમને વદાય દેવા માટે સને ૧૮૯૪માં પૂનામાં થયેલી એક સભા સમક્ષ નામદાર ગોખલેએ આપેલા ભાષણનો આરઃ—]

મિ. હ્યૂમ જેવા મશહૂર હિંદ હિતૈષીને માન આપવાનું મને કહેવામાં આવ્યું છે તે હું એક મોટું ભાગ્ય સમજું છું, અને હું માત્ર પૂનાના લોકો તરફથીજ નહિ, પણ સમસ્ત દખ્ખણ, જેના જૂદાજૂદા જીલ્લાઓના પ્રતિનિધિઓ આ પ્રસંગે પોતાનું કર્તવ્ય સમજી હાજર રહ્યા છે, તેના તરફથી પણ મિ. હ્યૂમને આવકાર આપું છું. મિ. હ્યૂમે પોતાની નાદુરસ્ત તબીઅત છતાં, અને તકલીફ ભરેલી મુસાફરી કરી આવ્યાં છતાં, પોતાની સુખશાંતિનો મહાભોગ આપીને, આપણા નગરની મુલાકાત માટે આવવા જે અલ્પ સમય કાઢી આપણી અંતરની ઇચ્છાને સંતોષી છે, તે માટે આપણે તેમના કેટલા બધા આભારી છીએ તે પુરતી રીતે જણાવવું અશક્ય છે. છતાં મિ. હ્યૂમે આટલો શ્રમ લીધો છે તે માટે આપણને કોઇને આશ્ચર્ય થતું નથી, કારણ મિ. હ્યૂમનો તો જીવનસિદ્ધાન્ત છે કે સ્વસુખની લેશમાત્ર ગણના કરવી નહિ, અને તે સિદ્ધાન્તને અનુરૂપજ તેઓ વર્તતા આવ્યાછે. હું જાણું છું કે એમના પ્રતિ આપણા લોકો જે લાગણી ધરાવે છે તે બાહ્ય સ્વરૂપમાં બતાવવા સામે અથવા તો માત્ર તે કહી બતાવવા સામે પણ એમને અતિશય અણગમો છે.

પણ હું મિ. હ્યૂમને એટલુંજ યાદ દઇશ કે જ્યારે હૈયામાં ઉપકારની ઉંડી ઉર્મિ વેગથી ઉછળતી હોય છે ત્યારે તેનો વેગ વાણીને મળે છે, અને તે અટકાવી અટકતી નથી. આથી હું જે કાંઈ કહેવા ઇચ્છું છું તેમ કરતાં હું કદાચ મિ. હ્યૂમની ઇચ્છાનુસાર ન વર્તતો હઇશ, તોપણ હું માનું છું કે મિ. હ્યૂમ તે દરગુજર કરશે, કારણ તે ઉંડા અંતરના ઉભરા છે, તેમાં શેમાય કૃત્રિમતા નથી. આજના હિંદ સાથે સાત આઠ વર્ષ ઉપરના હિંદને જે સરખાવી જોશે તેને તરતજ સમજાશે કે મિ. હ્યૂમે દેશની કેટલી મોટી સેવા બજાવી છે. આપણી રાષ્ટ્રીય સભાએ પોતાની સાત વર્ષની વયમાં જે કાંઈ કર્યું છે તે મ્હોટે ભાગે મિ. હ્યૂમનુંજ



मि. ए. ओ. ह्यूम.

કામ છે. એ સભાએ શું શું કામ કીધું છે તે બધું વિસ્તારથી કહેવાની હું અહીં જરૂર ધારતો નથી; આનું એક કારણ તો એ છે કે તે પ્રશ્ન તો અગાઉની સભાઓના પ્રમુખોએ મારા કરતાં અનહદ વધારે કુશળતા અને છટાથી ચર્ચ્યો છે, અને બીજું, એ કે એ સભાનાજ પિતાની સમક્ષ તે કહી બતાવવું એ સમગ્ર તેજના ઉજ્જવલ અક્ષય્ય પાત્ર આગળ દીવડો ધરવા જેવું છે. છતાં રાષ્ટ્રીય સભાનાં મુખ્ય ચાર સુફળો હું અહીં કહી બતાવીશ. એક તો એ કે દેશમાં જે જે શક્તિઓ એક રાષ્ટ્રીયતાનું ભાવ જાગૃત કરવા માટે છૂટી છવાઇ મથન કરી રહી હતી તેને એ સભાએ એકત્ર કરી છે. એ શક્તિઓ એ સભાએ ઉત્પન્ન કરી ન હતી. તેઓ તો આ દેશમાં બ્રિટિશ રાજ્ય આવ્યું ત્યારનીજ અસ્તિત્વમાં આવી હતી, તેને એક પછી એક જે ઉદાર નીતિવાળા રાજપુરુષો આવ્યા તેમની, અને ખાસ કરીને લૉર્ડ રિપનની શાણી અને ઉદાર રાજ્યનીતિથી બહુ કાળજી પૂર્વક પોષણ મળ્યું. પણ જોકે તે શકિતઓ અગાઉથી હતીજ, છતાં તેમને એકત્ર કરવાનું, તથા જેને લીધે આજે રાષ્ટ્રીય હિતના વિષયેમાં મુંબઇનું હૃદય બંગાલા અને મદ્રાસનાં હૃદયની સાથે ધડકે છે એવી સ્થિતિ ઉત્પન્ન કરવાનું કામ તો રાષ્ટ્રીય સભા માટેજ રહેલું હતું. એ સભાએ હિંદનો લોકમત વિશેષ સંસ્કારી અને વિશેષ વજનદાર બનાવ્યો છે. રાષ્ટ્રીય સભાથી દેશમાં મુખ્ય રાજકીય સિદ્ધાન્તોનું જ્ઞાન સ્થળે સ્થળે પુષ્કળ પ્રસર્યું છે, અને પરિણામ એ આવ્યું છે કે લોકમત પહેલાના કરતાં અધિક બહુશ્રુત છે. સરકારમાં પણ તેનું વજન વધારે પડેછે; અને આનો વિશેષ સબળ પુરાવો તો બીજો કયો આપી શકાય, સિવાય કે લૉર્ડ લેન્સડાઉને રાષ્ટ્રીય સભા એ હિંદનો પ્રાગતિક પક્ષ (લિબરલ પાર્ટિ) છે એમ સ્વીકાર્યું હતું. વળી એ સભાની હીલચાલથી દેશના મુખ્ય રાજકીય પ્રશ્નોનો, કેટાલકનો ધીમે ધીમે, તો કેટલાકનો જલદીથી, સંતોષકારક નિર્ણય થતો જાય છે. અને છેવટે, એ સભાએ જે જે અંગ્રેજ રાજ્યતંત્રીઓ હિંદના સંબંધે પોતાની મ્હોટી જવાબદારીઓ સમજે છે અને જેઓ આ દેશના લોકો પ્રતિ પોતાનું કર્તવ્ય કરવાને આતુર છે તેમને, તેમના પોતાના હેતુ પાર પાડવાનું એક યંત્ર તૈયાર કરી આપ્યું છે. બ્રિટીશ

રાજ્યનું એક ખાસ ઉજ્જ્વલ લક્ષણ તો એ છે કે આ દેશનાં હિતની ઇંગ્લંડમાં હીમાયત કરનારા સુવિખ્યાત અને નિઃસ્વાર્થ મહાપુરુષોની દેશને કદી ખોટ પડી નથી. એડમંડ બર્કે સો વર્ષ ઉપર આપણા દેશની કેવી સેવા બજાવી હતી ! તેવીજ સેવા બજાવ્યાને લીધે બ્રાઇટ, ફૉસેટ અને બ્રૅડલોનાં નામ આપણા લોકોમાં બહુ પરિચિત થઇ પડયાં છે. મેં જે ચાર સુફળો કહ્યાં તે રાષ્ટ્રીય સભાએજ ઉત્પન્ન કર્યાં છે, અને રાષ્ટ્રીય સભાના કાર્ય તરીકે મુખ્યત્વે કરીને એ હ્યૂમના હાથેજ થયેલું કામ છે. એથી વિશેષ કરવાનું કોઇ એક જણનાં ભાગ્યમાં હોય શકે ખરૂં ? વળી, મિ. હ્યૂમનો માર્ગ સીધો સાફ ન હતો. તેને અનેક શુભ ચિંતક મિત્રોની વારંવાર થતી ગેર સમજ અને કટ્ટા દુશ્મનોના નિર્લજ્જ હુમલાઓ સામે કામ કરવાનું હતું, અને આટલી મુશ્કેલી જાણે બસ ન હોય તેમ પ્રભુએ તેમને બીજી વધારે કઠણ કસોટી ઉપર ચઢાવ્યા છે. ગયા બે વર્ષમાં તેમને બે મહા વિપત્તિઓ પડી છે; સ્વજનનાં વિયોગનું દુઃખ સર્વદા ખેદ જનક અને દુઃસહ તો છેજ, પણ વૃદ્ધાવસ્થામાં જ્યારે માણસનું મન સ્વજનોમાં કંઇક વધારે આસક્ત હોય છે ત્યારે તો તે અધિક ખેદ જનક અને અધિક દુઃસહ લાગે છે; આવા એક દુઃખે એમનું ગૃહ સ્મશાન સમું થયું; તેજ વખતે એમનું લોકજીવન પણ, ઈંગ્લંડમાં એમના એક ઉત્તમ અને પ્રમુખ સાથી અને હિંદમાં પ્રિયતમ અને અતિ શ્રદ્ધાસ્પદ સહાયકના દુઃખદ અને અકાળ મૃત્યુથી કંટકમય બન્યું. આવી આવી મુશ્કેલીઓ અને વિપત્તિઓ ભલભલાના હામ હરાવે એવી છે; પણ આમ છતાં મિ. હ્યૂમ તો પોતે પસંદ કરેલાં કર્તવ્ય પંથમાં દૃઢતાથી અને સ્થિરતાથી આગળ વધ્યેજ ગયા છે. હિંદની પ્રજા જ્યારે આ બધું સ્મરણમાં લાવે છે ત્યારે સ્વાભાવિક રીતે તેમનાં હૈયાં ઉપકાર, સ્તુતિ, સન્માન અને પ્રેમથી ઉભરાઇ જાય છે. કારણ કે મિ. હ્યૂમે હિંદના જૂદા જૂદા ભાગોમાંથી સંસારી અને દેશભક્ત જનોને એક સામાન્ય કાર્યમાં પ્રવૃત્ત થવા માટે ભેગા કરી, દેશને પોતાના ઇતિહાસમાં પ્રથમ વારજ એક પ્રજા તરીકે શ્વાસ લેતો અને ચિંતન કરતો કીધો છે. એમણેજ આપણા ટળુમળુ પગલાંને ટટ્ટાર કીધાં છે, અને આપણી દુબળી વાણીમાં દૃઢતા પૂરી છે. હરેક પ્રકારની નાશિયતે

અને સંકટોમાં, કટ્ટા દુષ્મનોના દુષ્ટ હુમલાઓમાં, અને કપટી મિત્રોના વિશેષ દુષ્ટ ઝખમોમાં, એમણે આપણે માટે પોતાનું તન તોડયું છે. આપણે માટેજ એમણે વૃદ્ધાવસ્થાને આવશ્યક સુખશાંતિ તજ્યાં છે, અને આપણી સેવામાંજ એમણે એમનો કાળ, એમનું બળ, એમની શક્તિ, એમનું ધન, એમનું સર્વસ્વ ખર્ચ્યું છે. અને આ સૌ ઉપરાંત આપણે આપણા દેશના ઉદ્ધાર માટે કેમ મથન કરવું જોઇએ તેના એઓ પોતાનાં જીવનથી ઉત્તમ અને ભવ્ય દૃષ્ટાન્તરૂપ થયા છે. મિ. હ્યૂમે જે સેવાઓ બજાવી છે તે આવા ઉંચા પ્રકારની છે, અને કોઇ સ્મારકથી કે કાંઇ ઉપહારથી તે સેવાનો પાડ વાળી શકાય એમ નથી. તે સેવાજ તે સેવાનું ફળ છે, અને ધાતુના કે આરસનાં સ્મારક કરતાં વધારે ચિરંજીવ સ્મારકરૂપ છે.

આખરે, આવતી કૉંગ્રેસમાં મિ. હ્યૂમ આવી શકવાના નથી તે ખાતર હું બહુ દિલગીર છું. પંડિત અજોધ્યાનાથના ખેદ કારક મૃત્યુને લીધે કૉંગ્રેસની ધુરા મિ. હ્યૂમજ ધરત તો ઠીક થાત. પણ મિ. હ્યૂમે આ બાબતમાં પ્રથમથીજ નિશ્ચય કરેલો હોવાથી આપણે તેમનો નિશ્ચય સારા માટેજ હશે એમ કરીને તેને શરણ થયા સિવાય ચાલે એમ નથી. મિ. હ્યૂમ પૂનામાં એટલો બધો અલ્પ સમય રહ્યા છે કે એમને આવકાર અને વદાય દેવાનું એકી વખતે કરવાની આપણને ફરજ પડી છે, તે ખાતર પણ હું અત્યંત દીલગીર છું. પણ એ બાબતમાં આપણે એમના નિશ્ચયને શરણ થવાનું છે, અને મારે હવે એમને તથા એમની પુત્રીને સુખમય પ્રવાસ અને ઈંગ્લંડમાં નિવાસ ઈચ્છવા સિવાય બીજું કંઈ કરવાનું રહેતું નથી. એમણે પોતેજ લૉર્ડ રિપનને ઉદ્દેશીને જે શબ્દો વાપરેલા તેજ શબ્દોમાં હું એમને વિદાય દઉં છું:—“ સીધાવો, સીધાવો; પ્રજાનો પ્રેમ અને પ્રજાની પ્રાર્થના તમપર છત્ર ધરે છે; દેશ અને કાળનાં અંતર તમને અમારાં ભક્ત હૃદયથી વિખૂટા પાડી શકશે નહિ. ”

સર વિલિયમ વેડર્બર્ન.

૧.

[અલ્લાહાબાદમાં મળેલી સને ૧૯૧૦ની હિન્દી રાષ્ટ્રીય સભાની ૨૬મી બેઠક વખતે પ્રમુખ સર વિલિયમ વેડર્બર્ન માટે આભારનો ઠરાવ રજુ કરતાં નામદાર ગોખલેએ આપેલું ભાષણ.]

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, આ સભાનું પ્રમુખસ્થાન લેવા માટે હિન્દુસ્થાન આવવામાં સર વિલિયમ વેડર્બર્ને જે મહા કષ્ટ ઉઠાવ્યું છે તે માટે અને સભાનું કામકાજ સરળ રીતે ઉકેલવા માટે તેમને આપણો અંતઃકરણપૂર્વક આભાર દર્શાવવાનું સુભાગ્ય મ્હને પ્રાપ્ત થાય છે. આ સભાના પ્રથમ દિવસે સર વિલિયમને પ્રમુખપદ આપવાની દરખાસ્ત રજુ કરતાં તેમજ બ્રિટિશ કમિટીનો આભાર માનવાની દરખાસ્ત રજુ કરતાં, આપણા સુપ્રસિદ્ધ દેશબંધુ બાબુ સુરેન્દ્રનાથ બેનરજીએ પોતાની અનેરી છટા ભરી અને મધુરી વાણીથી સર વિલિયમે જીંદગીભર બજાવેલી હિંદની સેવા વર્ણવી છે; અને એમણે જે કહ્યું છે તે ઉપરાંત આ સભાના બીજા કેટલાક પ્રમુખ સભ્યોએ પણ પોતાના સ્તુતિના ઉદ્ગાર પ્રગટ કર્યા છે. એટલે હું આપનો ઝાઝો સમય રોકવા ચાહતો નથી. અને ખરી રીતે, આ ઠરાવ હર્ષથી અને એકે અવાજે તમે સૌ સ્વીકારો તે માટે મ્હારે કે બીજા કોઇને પણ કાંઈ કહેવાની જરૂરજ નથી. ગૃહસ્થો, આપણે એમના જે જે વસ્તુ માટે ઋણી છીએ, આપણે માટે એમને જેટલું જેટલું લાગ્યું છે, જેટલી જેટલી આપણે માટે એમણે આશા ધરાવી છે, આપણે માટે જે જે એમણે કીધું છે, અને આપણે માટે જે જે સંકટ એમણે વ્હોર્યાં છે અને સહ્યાં છે તે સૌનો વિચાર માત્ર કરતાંની સાથેજ આપણાં હૃદય જે લાગણીથી ઉભરાઇ જાય છે તેનું ખરૂં માપ તો, તેમણે આ દેશ માટે બજાવેલી સેવાનો આભાર ગમે તે માને અને ગમે તેવી રીતે માને તો પણ, આપી શકાય એમ નથી. આમ છે માટેજ મ્હને લાગે છે કે આપનો બહુ વખત રોકવો ઘટતો નથી; છતાં એક બે વસ્તુ કહેવાની મ્હને આપ રજા આપશો એવી મ્હને આશા છે. ઈંગ્લંડ છોડતા પહેલાં, સર વિલિયમને વદાય દેવાને જે



सर विलियम वेडर्बर्न.

Block by courtesy of Samalochak.

સંમેલન મળ્યું હતું તેમાં તેઓએ જણાવ્યું હતું કે ૨૫ મી નવેંબરે મ્હારી હિન્દના લોકોની સેવાનું ૫૦ મું વર્ષ પૂરૂં થશે. દૈવયોગે એવું બન્યું છે કે એ સેવાના કાળના લગભગ સરખા એવા પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એમ બે વિભાગ પડી શકે છે, પૂર્વાર્ધ તે સરકારી નોકર તરીકે તેમણે બજાવેલી સેવાનો સમય, અને ઉત્તરાર્ધ તે આપણા શ્રદ્ધાસ્પદ નેતા તરીકે ઈંગ્લંડમાં તેમણે કરેલા કામનો કાળ. ત્યારે સર વિલિયમ જ્યારે આ દેશમાં સરકારી નોકર તરીકે કામ કરતા હતા ત્યારે, હિંદી અને બ્રિટિશ પ્રજા વચ્ચે વધારે ને વધારે મેળ જમાવવા તેમણે જેટલો પ્રયત્ન કીધો છે, તેટલો તેમના વખતના આપણા તરફના કોઇપણ અમલદારે કીધો નથી. મ્હારા પરમ ગુરુ રાનડેએ મ્હને એકવાર કહ્યું હતું કે તેમણી જાણમાંના સર્વ અંગ્રેજોમાં સર વિલિયમની પડખે બેસે એવો એક પણ અંગ્રેજ નથી, તે મ્હને યાદ આવે છે. પણ આ તો જ્યારે તેઓ સરકારી અમલદાર હતા ત્યારની વાત; પણ નોકરીમાંથી વદાય લીધા પછી તેમણે આપણા કામમાં પોતાનું શરીર અને પ્રાણ અર્પણ કીધાં છે, અને તેમનાં હૃદયમાં બીજા કોઇપણ વિષય કરતાં હિંદજ વધારે રમી રહ્યું છે; ગયા ૨૫ વર્ષ થયાં આપણે માટે ઈંગ્લંડમાં એમણે મહેનત કીધી છે, આપણે માટે ઈંગ્લંડમાં એઓ તકોની તપાસમાં રહ્યા છે, આપણે માટે ઈંગ્લંડમાં એમણે લદતો ચલાવી છે, અને તેમના જેવું આપણા વખતના કોઇપણ જણે કીધું નથી. આ ૨૫ વર્ષ દરમ્યાન એમણે જે જે કામ ઉપાડયું છે તે હિંદની ખાતરજ ઉપાડયું છે. અમુક કામ હિંદના ભલાને માટે છે, એમ તેમની ખાતરી થઇ કે પછી ‘ તે કામ તો મ્હારે માટે બહુ ક્ષુલ્લક છે કે કંટાળા ભર્યું છે ’ એમ જોવા ન રહેતાં તેમણે તે ઉપાડીજ લીધું છે. ૫૦ વર્ષ સુધી એમણે આ કામ કર્યું છે ત્યારે, શું નવાઇ છે કે સર વિલિયમે સંયુક્ત પ્રાંતની આ વખતની રાષ્ટ્રીય સભામાં પોતાને પ્રમુખપદ આપવાની (હિંદની) ઇચ્છા છે એમ જાણતાં તરતજ તે ઇચ્છા સ્વીકારી? આ કાર્ય પોતાના અતિ નિકટસ્થ અને પ્રિયતમ જનોના ના કહેવા છતાં, પોતાના ડાકટરની સલાહ વિરુદ્ધ, પોતાને માટે પોતાના મિત્રોની ગંભીર ચિંતા છતાં, એમણે ઉપાડયું એ કાંઇ આશ્ચર્ય થવા જેવું નથી. પોતાનું હિન્દુસ્થાન જતું હિન્દુસ્થાનને

ઉપયોગી થઈ પડશે એટલીજ ખાતરી એમને માટે બસ હતી, અને બહુ અવસ્થા થયેલી છતાં અને તબીઅત કથળેલી છતાં, એઓ આપણી સભાના પ્રમુખ થવા માટે પ્રવાસે નીકળ્યા. વારૂ, એટલીજ વાત આપણને એમના સદાના ઋણી બનાવેછે, છતાં આ તોફાનના દિવસોમાં આપણા નાવનું સુકાન એમણે જે રીતે ચલાવ્યું છે, અહીં આવ્યા ત્યારથી તે અત્યારની ઘડી સુધી એમણે આપણા કાર્યને જે રીતે પોતાની પ્રત્યેક પળ અને વિચાર સમર્પ્યાં છે તે રીતથી આપણા દરેકનાં હૈયાં એમને માટે સ્તુતિ અને આભારથી ભરાઈ ગયાં છે. આ દિવસોમાં એમનું અવલોકન કરવાની મ્હને ખાસ સંધિ મળી છે, અને હું આપને કહી શકીશ કે એઓએ આપણા કિનારા ઉપર પગલું મૂકયું ત્યારથીજ આપણા કામને સરળ, સુંદર અને સફળ રીતે ઉકેલવું એ એકજ વિચાર એમનાં મનમાં રમી રહ્યો છે. સર વિલિયમે પોતાના અનેરા શાણપણ અને ઝીણવટથી—લાંબા અનુભવથી નીપજેલા તેમના શાણપણથી, અને તેમની જન્મસિદ્ધ ઝીણવટથી, આપણા કાર્યને માર્ગે પાડયું છે; અને શાણપણ અને ઝીણવટ ઉપરાંત એમણે પોતાનાં કાર્યમાં બહુ યુકિત, બહુ ધીરજ અને બહુ નમ્રતા વાપરી છે, અને સભાનું સઘળું કામ એટલું બધું સફળ થયું છે—હું માનું છું તમો સૌ એમ માનો છો કે તે સફળ થયું છે—કે તેનું માન મુખ્યત્વે સર વિલિયમના પ્રમુખપદનેજ ઘટે છે. માત્ર હવે એકવાત કહીને હું બેસી જઇશ. સર વિલિયમે આ બધું આપણે માટે શા કારણે કર્યું છે? આટલી બધી લાંબી સફર એમણે શા માટે કરી છે? એમની નોકરીનાં ૨૫ વર્ષ બાદ કરીએ તો, બાકીનાં બીજાં ૨૫ વર્ષ થયાં આટલો બધો શ્રમ એઓ શા માટે ઉઠાવી રહ્યા છે? આનો ઉત્તર બે રીતે આપી શકાશે. એક રીતનો ઉત્તર તો એ કે એમની પ્રકૃતિજ એવી છે કે એમને તેમ કર્યા વિના ચાલ્યું નહિ. બીજી રીતનો ઉત્તર એ છે કે સ્વભાવથીજ સર વિલિયમ જગતના અતિ ન્યાયી મનુષ્યોમાંના એક છે. એમની પ્રબળ, પ્રખર, નિરપેક્ષ ન્યાય બુદ્ધિને લીધેજ આટલું બધું કામ એઓએ કર્યું છે. એમણે જોયું કે હાલની વ્યવસ્થા આ દેશની પ્રજાને માટે ન્યાયયુકત નથી, અને તે વ્યવસ્થાને વિશેષ ન્યાયયુક્ત કરવા માટે તથા આ દેશની પ્રજાને થયલો

અન્યાય દૂર કરવા માટે એમણે પોતાનું શરીર અને પ્રાણ સમર્પ્યાં છે. આ ઉપરાંત આપણને સૌને ખબર છે કે માનવજાતિનું શ્રેય સાધવા પ્રતિ એમને બહુ ભારે, બહુ પ્રબળ આસક્તિ છે. જ્યાં કાંઇ અનિષ્ટ સર વિલિયમને જણાય છે ત્યાં લાગલું જ તેમનું હૃદય દોડી જાય છે. માનવ-જાતિનાં શ્રેય માટે એમની ઉંડી આસકિતજ એમને આ દિશામાં લઈ આવી છે. આ બે સામાન્ય કારણો છે. એમની પ્રકૃતિજ આવી છે, આવાજ એઓ ઘડાયલા છે; પણ આ સિવાય બીજાં પણ બે કારણો છે. પ્રથમ કારણ, આ દેશના લોકો માટે તેમનો ઉંડો, ઉભરાતો પ્રેમ છે, જે પ્રેમ અનેક કસોટીએ ઉતરી ચૂકયો છે, અને જેવી કસોટીએ હિન્દીઓ પણ કદાચ ન ઉતરી શકે. બેશક, હિન્દ માટે તેમનો પ્રેમ ઘણાખરા હિન્દીઓ અને ખરેખર કોઇપણ અંગ્રેજના કરતાં વધારે કહેવાય. એમણે આપણને આપણી ખામીઓ છતાં ચાહ્યા છે. એઓ સદા આપણા અપરાધો જતા કરવાને તત્પર રહ્યા છે; સદા એમણે આપણું જે કાંઇ સારૂં હોય તેનો સારામાં સારો ઉપયોગ કરી લેવાની બહુ કાળજી રાખી છે, અને સદા એમણે આપણે ઠીક કર્યું હોય ત્યારે આપણને ઉત્તેજન આપીને અને આપણે સારૂં માઠું ગમે તેમ કર્યું હોય તોપણ સદા આપણને પોતાની ઓથમાં રાખીને ઉમંગથી આગળ વધવાની ઉલટ આપણામાં પ્રેરી છે. ત્યારે હિન્દ માટે તેમનો પ્રેમ એ તેમણે આપણે માટે કરેલાં કામનું એક કારણ છે, અને બીજું કારણ હિન્દની પ્રજામાં તેમનો વિશ્વાસ એ છે. હિન્દની પ્રજામાં એમનો વિશ્વાસ એ એમની મહા વિશિષ્ટતાનો એક ભાગજ છે. એમણે, પોતાના દેશ બંધુઓએ પોતાને વગોવ્યા છે છતાં, આપણામાં વિશ્વાસ રાખ્યો છે; એમણે અણગમતા સંજોગોમાં પણ આપણમાં વિશ્વાસ રાખ્યો છે. એમણે આવી રીતે આપણામાં વિશ્વાસ રાખ્યો છે તે કારણથીજ તેઓ ત્હાડ તડકામાં અને જશ અપજશમાં આ ૨૫ વર્ષ થયાં ઈંગ્લંડમાં પોતાનું કામ લઇ શકયા છે, અને આ કામ કરીને હવે તેઓ તેમની વૃદ્ધાવસ્થાએ આપણી મુશ્કેલીઓમાં આપણને મદદ કરવા, અને આપણો માર્ગ સરળ કરવા આવેલા આપણે જોઇએ છીએ; અને મને ખાતરી છે કે હિન્દના

લોકોની એમણે જે જે મહાસેવા બજાવી છે તેમાં આ સેવા તો સૌથી મ્હોટી મનાશે અને એમણે કરેલાં સૌ કાર્યના શિખરે વિરાજશે. હવે હું વધુ કહેવા માગતો નથી, અને આટલું પણ મેં ન કહ્યું હોત તો ચાલત. આપણે માટે આટલું કામ કરનાર આધુનિક કાળના આ મહાન્ પૂજ્ય ઋષિનું ચિત્ર, એટલું તો ઉન્નતિપ્રદ છે, એટલું તો સુંદર છે, અને એટલું તો ચેતનપ્રદ છે કે તેનું વર્ણન થઇ શકે એમ નથી; પ્રેમ અને ભક્તિથી ધ્યાન કરવા જેવું એ ચિત્ર છે, મૌનથી મનન કરવા જેવું એ ચિત્ર છે. માટે હું આપને વિનંતિ કરૂં છે કે મેં રજુ કરેલો ઠરાવ આપ આનંદ સાથે પસાર કરશો.

સર વિલિયમ વેડર્બર્ન.

૨.

[લેડી વેડર્બર્નને દેશી કારીગીરીનો, હીરા અને મોતીથી મઢેલો અને મીનાકારી કામવાળાં, રત્નમંડિત કમલપત્રોના લોલકવાળો એક હાર ભેટ આપવાને માટે ૧૯૧૨ના જુલાઇની ૪થી તારીખે લેડી સ્વાનને ત્યાં ખાસ એક "ઍટહોમ" આપવામાં આવ્યું હતું, તે વખતે નામદાર ગોખલેએ નીચે પ્રમાણે ભાષણ આપ્યું હતુંઃ–]

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, સર વિલિયમનું સરકારી અધિકારી તરીકેનું જીવન મુંબઇ ઈલાકામાં ગયું હતું, અને જો કે નોકરીમાંથી વદાય થયા પછીનું એમનું કાર્ય સમસ્ત હિન્દને માટે હતું, તોપણ, મુંબઇ કુદરતી રીતે તેને માટે ખાસ અભિમાન ધરાવતું હતું. એટલા માટે, જ્યારે તેઓ અલ્લાહાબાદ કૉંગ્રેસનું પ્રમુખપદ લેવાને હિન્દ આવવાના છે એવું ચોક્કસ પણ નક્કી થયું, ત્યારે મુંબઇના ઘણા અગ્રગણ્ય શહેરીઓએ તેમના પ્રતિ અમારૂં માન અને સ્નેહ યોગ્ય રીતે દર્શાવવાને એક કમિટી નીમી. આ કમિટી એવા ઠરાવ ઉપર આવી કે, સર વિલિયમ હિન્દમાંથી પાછા ફરે ત્યારે તેમને વદાય દેવાને મુંબઇમાં એક મિજલસ કરવી. દુર્ભાગ્યે તેમને માથે આવી પડેલાં અનિવાર્ય કાર્યના સતત બોજાને લીધે તેમની તબીઅત બગડી, અને અલ્લાહબાદથી કલકત્તે ગયા પછી મુંબઈ આવવાને બદલે તેમણે કલકત્તેથી પરબારા યુરોપ ઉપડી જવું વધારે ઠીક ધારવામાં આવ્યું. મુંબઇની કમિટીએ આ મિજલસને માટે ચાર હજાર રૂપીઆ એકઠા કર્યા હતા, તેને સ્વાભાવિક રીતે આ ઠરાવથી ઘણીજ નાઉમેદી થઇ, પરંતુ બીજો કાંઇ ઉપાય નહોતો એટલે એ વાત તેમણે માન્ય રાખી. સર વિલિયમે હિન્દની અપ્રતિમ સેવા બજાવી હતી, હિન્દની છેલ્લી મુલાકાત લેવાનું જોખમ ખેડયું હતું, આપણા કારણે લેડી વેડર્બર્નને ઘણોસમય ચિન્તામાં ગાળવો પડ્યો હતો, એમ તેમના કાગળો ઉપરથીજ માત્ર નહિ પણ તેમની નર્સ પાસેથી મળેલા સમાચાર ઉપરથી પણ સ્પષ્ટ જણાઇ આવતું હતું—એ સર્વનું સ્મરણચિન્હ લેડી વેડર્બર્નને

મોકલવામાં એ રકમનો ઉપયોગ કરવાનો આખરે એ કમેટીએ નિશ્ચય કર્યો. જ્યારે સર વિલિયમને કમિટીના આ નિશ્ચયની ખબર પડી ત્યારે તેમણે કમિટીના સેક્રેટરી મિ. વાચ્છાને એક પત્ર લખી, આગ્રહપૂર્વક વિનંતિ કરી કે આ સ્મરણચિન્હ બનાવવામાં ઘણીજ નાની રકમ ખર્ચવી, અને બાકીની રકમ મિસ ફ્લોરેંસ નાઇટીન્ગેલના સ્મારક તરીકે ગામડાંઓમાં આરોગ્ય સુધારવાના ઉદ્દેશથી મુંબઇમાં જે ફંડ ઉભું કરવામાં આવ્યું છે તેમાં આપી દેવી. કમિટી જોકે પોતાનો નિશ્ચય ફેરવવાને ઘણીજ નારાજ હતી, તો પણ તે સર વિલિયમના ઇચ્છાનો સમૂળો અનાદર કરી શકી નહિ. એટલે છેવટે એવો ઠરાવ કરવામાં આવ્યો કે એ રકમમાંથી એક હજાર રૂપીઆ મિસ નાઇટીન્ગેલ ફંડમાં આપવા, અને બાકીની રકમ લેડી વેડર્બર્નને એ સ્મરણચિન્હ ભેટ આપવામાંજ વાપરવી. આ સ્મરણચિન્હ તરીકે હિન્દી કારીગીરીનો, બેંગલોરમાં બનાવેલો, અને મધ્યમાં કમળપુષ્પ વાળો, એક હાર આપવાનો નિશ્ચય થયો. આ ઉનાળામાં હું ઈંગ્લંડ આવવાનો હોવાથી કમિટીએ, તેમના તરફથી આ ભેટ કરવાનું કાર્ય કૃપા કરીને મને સોંપ્યું. હું હિન્દુસ્થાનથી નીકળ્યો તે પહેલાં કમિટીના સેક્રેટરીનો મને નીચેનો પત્ર મળ્યો હતોઃ—

ભાઇશ્રી ગોખલે,

"સર વિલિયમ વેડર્બર્ન બૉમ્બે રીસેપ્શન કમિટી, ડીસેમ્બર ૧૯૧૦" તરફથી, સર વિલિયમની મુંબઇની ગઇ મુલાકાતના, અને મુંબઇ શહેર અને ઇલાકામાં તેમને માટે જે માન, પ્રશંસા, અને પ્રેમ છે તેના, અને હિન્દને અર્પણ કરેલાં એમના સમસ્ત જીવન દરમ્યાન એમણે હિન્દની જે મહાન અને અમૂલ્ય સેવા બજાવી છે તેનાં સ્મરણચિન્હ તરીકે, લેડી વેડર્બર્નને એક હીરાનો હાર ભેટ કરવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે. આપ યુરોપ જવા નીકળનાર છો અને થોડો સમય લંડનમાં પણ ગાળવા ધારો છો, તો અમારી કમિટી તરફથી લેડી વેડર્બર્નને એ હાર ભેટ કરવાનું માન્ય રાખવાની કૃપા કરશો એવી આ કમિટીની વિનંતિ છે.

કમિટીની આ ઇચ્છાનુસાર આ હાર લેડી વેડર્બર્નને ભેટ કરવાનું સુભાગ્ય મને હવે પ્રાપ્ત થયું છે. હિન્દના અસંખ્ય લોકોનાં પ્રેમ, આભાર, અને ભકિતનાં પાત્ર સર અને લેડી વેડર્બર્ન ઘણું જીવો !

સંન્નારીઓ અને ગૃહસ્થો, મેં આરંભમાંજ તમને જણાવ્યું હતું તેમ ૧૯૧૦ માં હિન્દી રાષ્ટ્રીય સભાના આગેવાનો કેટલાંક ખાસ કારણોસર સર વિલિયમ વેડર્બર્નને પ્રમુખ તરીકે બોલાવવાને ઘણા આતુર હતા. મારે તમને એ કારણો ટુંકાણમાં સમજાવવાં જોઇએ એમ હું ધારૂં છું. ૧૯૧૦ નાં વર્ષમાં હિન્દના ઇતિહાસનું એક પ્રકરણ ચોક્કસ રીતે બંધ પડયું, અને એક વધારે ઉજળા પ્રકરણનો આરંભ થયો. ૧૯૦૮ના અંતમાં જે દૂર લક્ષી સુધારાની યોજના પ્રકટ કરવામાં આવી હતી, તે ૧૯૦૯ માં અમલમાં મુકવામાં આવી, અને ૧૯૧૦ના આરંભમાં નવી ધારાસભાની પ્રથમ ચુંટણી થઇ. એ એક અગત્યનો પ્રસંગ હતો અને,—સરકારી અને બીન–સરકારી સભ્યો, હિન્દુ અને મુસલમાન, તથા પ્રાગતિકો (Progressive Party) ના જુદા જુદા વિભાગે એમ આખી પ્રજાના સર્વ વર્ગોએ, નવી યોજનાને સફળ કરવાને એકસંપથી પ્રયત્ન કરવાની ઘણીજ જરૂર હતી. જૂના મતભેદો બાજુએ મુકવા જોઇતા હતા; અને જે નવીન યુગનો આરંભ થવાનો હતો તેમાં દેશ સફળતાથી પ્રવેશ કરી શકે તેટલા માટે જુના કલહો વિસારે પાડવા જોઇતા હતા. નવી યોજના દાખલ કરવામાં આવી તે પહેલાં કેટલોક સમય થયા પ્રજા અને અધિકારીઓ વચ્ચેનો વિરોધ ધીમે ધીમે વધતો ગયો હતો, અને એજ વિરોધને લીધે નવા સૈકાનાંજ આરંભનાં વર્ષોમાં સખ્ત કડવાશ ઉત્પન્ન થવા પામી હતી. ઘણા લાંબા સમયથી પરસ્પર હળીમળીને વસનારા હિન્દુ મુસલમાનોમાં પણ, નવા હક્કોમાં મુસલમાન પ્રજાને કેટલો ભાગ મળવો જોઇએ તે બાબત એકાએક પડેલા સખ્ત મતભેદથી બહુ મ્હોટો ભેદ પડી ગયો હતો. અને ૧૯૦૭ ની સુરતની રાષ્ટ્રીય સભા વખતે બનેલા બનાવોને લીધે, દેશના રાષ્ટ્રીય સભાના આગેવાનોનાં દિલમાં ઉંડી ફાટ પડી હતી. અને તેની સાથેજ વિભેદમાંથી અચૂક નીપજનારાં ભયંકર પરિણામો પણ પેદા

થયાં હતાં. આ સર્વ ભેદોને લીધે સુધારાની યોજનાનાં કાર્યમાં અનેક વિઘ્નો નડ્યા વિના રહેત નહિ; અને આ કારણને લીધે આ બાબતમાં પડી ગયેલા ભિન્નભિન્ન પક્ષોને સર્વ તરફથી સમજાવી મતભેદ શમાવવાની આગ્રહપૂર્વક દલીલ કરવાની ૧૯૧૦ માં અતિશય જરૂર હતી. અને રાષ્ટ્રીય સભાના આગેવાનોને એમ પણ લાગ્યું કે તેમના તરફથી સર વિલિયમ વેડર્બર્ન સિવાય, બીજો કોઈ પણ જણ એ દલીલ, વધારે વજનથી અને વધારે અસરકારક રીતે કરી શકે એમ ન હોતું. એટલે એક મહાન્ વિષ્ટિકાર તરીકે તે વર્ષે સર વિલિયમને હિન્દુસ્થાન આવવાનું આમંત્રણ કરવામાં આવ્યું હતું. એઓ તે પ્રસંગની જરૂરીઆતો કેટલી સંપૂર્ણ રીતે સમજ્યા હતા, અને સમાધાન કરાવવાનાં કાર્યમાં એમણે પોતાનું સમગ્ર ચિત્ત કેવી રીતે પરોવ્યું હતું તે રાષ્ટ્રીય સભાના પ્રમુખ સ્થાનેથી કરેલાં એમનાં ભાષણે જણાવી આપ્યું હતું, એ ભાષણનો વાદી સૂર ત્રિગુણ સમાધાનનો હતો—અધિકારીઓ અને લોકો વચ્ચે સમાધાન; હિન્દુ અને મુસલમાન વચ્ચે સમાધાન; અને રાષ્ટ્રીય સભા પક્ષવાળા અને રાષ્ટ્રીય સભામાંથી ખસી જનારાઓ વચ્ચે સમાધાન. એક અનુભવ વૃદ્ધ અમલદારની અને હિન્દી અભિલાષોના એક નિષ્ટ પોષકની સત્તાથી એમણે અધિકારીઓ અને બિન અધિકારીઓને, તેમના જુના મતભેદોને બને તેટલા બાજુએ મુકી નવી સુધારાની યોજના નીચે પરસ્પર ગુણગ્રાહી થઈ સહકાર્યના ભાવથી પોતાની ફરજો બજાવવાનો આગ્રહ કર્યો. હિન્દુ અને મુસલમાન વચ્ચે જરા પણ ભેદભાવ ન ગણતાં સમસ્ત હિન્દના લાભને માટે મથન કરનાર તરીકે તેમણે બન્ને ધર્મના લોકોને તેમનું વિપુલ સામાન્ય હિત વિચારવાનો અને તેમની એક માતૃભૂમિ પ્રતિ પવિત્ર સેવા અદા કરવા માટે ભેગા થવાનો આગ્રહ કર્યો. પરંતુ છેલ્લાં પચીસ વર્ષ થયાં વિલાયતમાં, હિંદી રાષ્ટ્રીય સભાના સર્વ માન્ય નેતા તરીકે એઓએ, કૉંગ્રેસ તજી ગયેલાઓને કૉંગ્રેસમાં પાછા ભળવાનો આગ્રહ કર્યો, તથા કૉંગ્રેસવાળાઓને તેમને પાછા આવવા માટેનો માર્ગ, કૉંગ્રેસના મૂળ સિદ્ધાન્તોને બાધ આવવા દીધા સિવાય, સરળ કરી આપવાનો આગ્રહ કર્યો. અને ચારે દિશામાં એમના શબ્દોને ઉલ્લાસ અને દિલસોજીથી વધાવી લેવામાં આવ્યા. જ્યાં જ્યાં એઓ ગયા

ત્યાં ત્યાં અધિકારીઓએ તેમના પ્રતિ પોતાનું માન પ્રદર્શિત કરવાનો પ્રસંગ સાધ્યો હતો, અને નામદાર વાઇસરૉયે પણ સર વિલિયમે કરેલા કાર્ય માટે સંતોષ દર્શાવ્યો હતો. આંગલ-હિન્દી વર્તમાનપત્રોએ પણ એમનાં મુક્તકંઠે વખાણ કર્યાં હતા, નામદાર આગાખાન પણ મુસ્લીમ લીગના પચાસેક અગ્રગણ્ય સભ્યો સાથે નાગપુરમાં મુસ્લીમ લીગની બેઠક મળી હતી ત્યાંથી અલ્લાહાબાદમાં રાષ્ટ્રીય સભા મળી હતી ત્યાં ખાસ સર વિલિયમનાં પ્રમુખપદ નીચે, હિન્દુ અને મુસલાન વચ્ચેના સંબન્ધ વિષે વિચાર કરવા મળેલી એક ખાસ પરિષદ્‌માં ભાગ લેવા ગયા હતા. જેઓ રાષ્ટ્રીય સભામાંથી ખસી ગયા હતા તેઓના તરફથી પણ દેશના જુદા જુદા ભાગોમાંથી, પ્રાગતિકોના બન્ને વિભાગોમાં પાછું ઐક્ય શી રીતે થાય તે સુચવનારા પત્રો તથા તારો એમના ઉપર આવ્યા હતાં; અને તેમાં તેઓએ ઘણીજ સ્પષ્ટતાથી જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સભાવાળાઓ સાથે તેમને ગમે તે મતભેદ હોય છતાં સર વિલિયમ વેડર્બર્ન માટે તો તેમને અતિશય સ્નેહ, ભક્તિ, અને આભાર સિવાય બીજી લાગણી છેજ નહિ. આ પ્રમાણે અમારા દેશની સ્થિતિના એક અણીના પ્રસંગે, એક વિષ્ટિકાર તરીકે અમે ૧૯૧૦માં સર વિલિયમને બોલાવવાને આતુરતા દર્શાવી હતી. પરંતુ બીજાં પણ એક કારણસર એમને માટે અમે આતુર હતા. ૧૯૦૮ની સુધારાની યોજનાએ અમારા ઇતિહાસમાં એક નવું પ્રકરણ ખોલ્યું છે એમ હું અગાઉ કહી ગયોછું; જો કે એ યોજના સાથે, બે અંગ્રેજ રાજ્યતંત્રીઓ લૉર્ડ મોર્લી અને લૉર્ડ મિન્ટોનાં નામો ખાસ કરીને જોડાયલાં રહેશે, તોપણ, ખરૂં જોતાં, કૉંગ્રેસે હિન્દ અને ઇંગ્લંડમાં, પચીસ વર્ષ સુધી જે પાયો નાંખવાનું કાર્ય કર્યું છે તેને લીધેજ એ સુધારાનું ચણતર ઉભું થવા પામ્યું છે. ઈંગ્લંડમાંનું કાર્ય, જે કેટલીક રીતે હિન્દમાંનાં કાર્ય કરતાં વધારે અગત્યનું હતું, તે ખરૂં જોતાં બે એકનિષ્ઠ અને ઉદાત્ત અંગ્રેજ આત્માઓનું કાર્યજ હતું—એક મિ. હ્યૂમ જેઓ દુર્ભાગ્યે અત્યારેજ ઘણીજ ગંભીર માંદગી ભોગવે છે, અને બીજા સર વિલિયમ વેડર્બર્ન. બેશક, હિન્દના બીજા મિત્રોએ પણ વખતો વખત આ કાર્યમાં

થોડે ઘણે અંશે સહાય કરી છે, પરંતુ ખરેખરો ભાર તો આ બે વ્યકિતઓએજ ઉપાડયો છે; અને સર વિલિયમની, એકચિત્ત ભકિત, અનવરત ઉદ્યમ, અપ્રતિમ કૌશલ્ય, અને અપરિમિત ધૈર્ય સિવાય આ કાર્ય આટલાં બધાં વર્ષો સુધી ચાલુ રાખી શકાયું ન હોત, તેમ આટલું બધું ફળદાયી પણ ન નીવડત, એમ કહેવામાં લવલેશ અત્યુકિત નથી.

અમલદાર તરીકે હિન્દ સાથે પચીશ વર્ષ સંબંધ રાખ્યા પછી, સર વિલિયમે અમારે માટે આ કાર્ય સ્વેચ્છાએ ઉપાડી લીધું, અને હવે હિન્દની સેવામાં બીજાં પચીશ વર્ષ પૂરાં કર્યાં છે, એ જોઇ બહુ આનંદ થાય છે. જેઓ એમને ઓળખે છે તેમને કહેવાની જરૂર નથી કે, હિન્દ અને ઇંગ્લંડ બન્નેના લાભોને માટે શું જરૂરનું છે તે વિષેનાં તીવ્ર ભાનને લીધેજ આ કાર્ય કરવા માટે તેઓ પ્રેરાયા હતા. સ્વભાવે, સર વિલિયમ ઈંગ્લંડના જનપદવાસી સજ્જનના નમૂના છે. એમને શાંત જીવન પ્રિયછે, પોતાના બગીચામાં કામ કરવા પ્રતિ બહુ ભાવ છે, અને મુસાફરીનો તેમને શોખ છે. હિન્દી સનંદી નોકરીમાંથી મુકત થયા પછી એમના આ વ્યાસંગોમાંજ એઓ ખુશીથી મચ્યા રહી શકત અને તે ઉપરાંત પ્રમાણમાં વધારે સુખથી પાર્લામેન્ટમાં વિરાજવાનો વૈભવ ભોગવી શકત—કેટલાંક વર્ષ થયાં એઓ પાર્લામેન્ટના સભ્ય તો હતાજ અને ઇચ્છા હોય ત્યાં સુધી તેઓ સભ્ય તરીકે ચાલુ રહી શકત. પરંતુ એમને લાગ્યું કે હિન્દને એમની જરૂર છે, એટલે એમણે, પોતાનો કાળ, પોતાની કાર્યશકિત, અને પોતાનાં સૌ સાધન નિઃસંકોચ હિન્દને ચરણે ધરવાનો નિશ્ચય કીધો. સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, હિન્દને માટે વખતો વખત, જબરો પુકાર ઉઠાવનારા અંગ્રેજો આ દેશમાં અગાઉ નથી થઇ ગયા એમ નથી. એડમંડ બર્કથી માંડીને ચાર્લ્સ બ્રૅડલો સુધી મહા પુરુષોની પરંપરાએ પાર્લામેન્ટમાં હિન્દને માટે લડત ચલાવી છે. અને હિન્દ હમેશાં તેમનાં નામ સ્તુતિ અને કૃતજ્ઞતા સાથે સ્મરણમાં રાખશે. પરંતુ જીવનનો તેમનો વ્યવસાય એકલો હિન્દ જ, અથવા મુખ્યત્વે કરીને હિન્દ જ નહિ કહી શકાય. તેમની પ્રબળ ન્યાયવૃત્તિને લીધે તેઓ વખતો વખત હિન્દને

ન્યાય અપાવવા માટે પુકાર ઉઠાવતા. પરંતુ **સર વિલિયમ**નો તો એકલો અને એક વ્યવસાય હિન્દ જ હતો. અને હિન્દ માટે ગયા પચીસ વર્ષ એમણે જે જેહમત ઉઠાવી છે તેની બરાબરી કરી શકે એવો દાખલો આંગ્લ-હિન્દી ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે. હું ધારૂં છું કે હિન્દને માટે કાર્ય કરવામાં હમણાં હમણાં આ દેશમાં (ઈંગ્લંડમાં) વધારે સરળતા થઇ છે, પરંતુ હમેશાં એવી સ્થિતિ ન હતી. એક સુવિખ્યાત અંગ્રેજ ગૃહસ્થ પેલે દહાડે મને કહેતા હતા કે લોકોનો ઉત્સાહ તમારા તરફ વળેલો હોય તો કોઇ પણ કાર્ય માટે મથવામાં બહુ મુશ્કેલી નડતી નથી, લોકમત વિરુદ્ધ હોય તો પણ મુશ્કેલી નડે નહિ. પરંતુ, અભાવ, અજ્ઞાન, અને તિરસ્કારમાં રહી કાર્ય કરવું એ તો અતિ વિકટ કામ છે. અને **સર વિલિયમે** ઘણું કાય આવિ સ્થિતિમાંજ કર્યું હતું. એક અંગ્રેજ ગૃહસ્થ, જેઓ હિન્દમાં એક મોટા હોદ્દા ઉપર હમણાંજ જનારા છે, તેમણે મને કાલેજ જણાવ્યું હતું કે આમની સભામાં એમની બાજુએ હું બેસતો ત્યારે, હિન્દની સેવા બજાવવામાં એમને સહેવા પડતા સતત આઘાતોને લીધે એમનું આખું હૈયું દુખાતું જોઇને મારૂં હૈયું એમના તરફ ઉભરાઈ જતું. તો જ્યારે નવો ક્રમ શરૂ થયો, અને વધારે ઉજળું પ્રભાત ઉગ્યું ત્યારે જેમણે અમારે માટે આટલી ભારે મહેનત ઉઠાવી હતી, અને અમારે માટે આટલું બધું સહન કર્યું હતું, તેઓ જ હિન્દ જઇ, ધીરજ અને ભક્તિભાવથી ઉઠાવેલી પોતાની મહેનતનું ફળ જાતે જુએ, એને માટે અમે આતુર હોઇએ એમાં કાંઇ નવાઇ છે? નવી સુધારાની યોજનાએ કાંઈ એટલું બધું વર્ષી નાંખ્યુ નથી એ ખરૂં, સ્વરાજ્ય ભોગવવાના લક્ષ્યથી તો અમે હજી ઘણા દૂર છીએ એ વાત સાચી છે. પરંતુ પ્રગતિની દિશામાં એ એક અગત્યનું પગલું ગણાય, એ યોજનામાં સૌથી અગત્યનું તત્ત્વ એ છે કે એથી ધારાસભાના સભ્યોને રાજ્યતંત્રના સંબન્ધમાં ચર્ચા ઉઠાવવાનો અધિકાર આપવામાં આવ્યો છે.

અત્યારે હિન્દનું રાજ્યતંત્ર, અમલદાર વર્ગ, અલબત સારી દાનતથી પરંતુ અંધારામાં, અને લોકોને પૂછ્યાગાછ્યા વિના ચલાવે છે. પરંતુ જો નવી યોજનાથી મળેલા અધિકારનો અમે ડહાપણ ભર્યો અને સતત

ઉપયોગ કરીશું તો આ રાજ્યતંત્રને બદલે, ધીમે ધીમે, એવું રાજ્યતંત્ર અમે મેળવી શકીશું, કે જેની ઉપર લોકનિયુક્ત જવાબદાર સભ્યો અમલદારોની સામે રહી ટીકા કરી શકશે, અને તે ટીકાને અનુસરીને તે ચલાવવામાં આવશે. અને મને તો આ, પ્રગતિ પ્રતિ એક મહત્ત્વનું પગલું લાગે છે. હું ધારૂં છું કે, આ દેશના (ઈંગ્લંડના) લોકોને કે પાર્લામેન્ટને તસ્દી આપ્યા સિવાય અમે અમારી સર્વે ન્હાની ન્હાની ફરીઆદો સરકારનાં ધ્યાન ઉપર અસરકારક રીતે લાવી શકીએ એવી જાતનું તંત્ર હવે હિન્દમાં ઉત્પન્ન થયું છે. રાજ્યનીતિના કે સિદ્ધાન્તોના મહા પ્રશ્નોના નિર્ણય માટે તો અમારે હજી આ દેશ પરજ આધાર રાખવાનો છે; પણ સર વિલિયમ વેડર્બર્ન અને તેમના સહકારીઓના પરિશ્રમનું પરિણામ એ આવ્યું છે કે અમારી ન્હાની ગરજો પૂરી પાડી શકે એવું અને અમારૂં ભાવી ઘડવામાં અમને સારો પ્રયત્ન કરવાની વધુ શકિત આપે એવું પ્રગતિનું સાધન અમને હાથ લાગ્યું છે. આ કારણથી, સર વિલિયમે અમારૂં નિમન્ત્રણ અચૂક સ્વીકાર્યું ત્યારે અમને આનંદ થયો હતો. એઓ હિંદુસ્થાન આવ્યા ત્યારે અમને હર્ષ થયો હતો, અને ઉમંગે આદરેલું પોતાનું કાર્ય, આટલી અવસ્થાએ અને આવી દુબળી હાલતમાં, તબીઅત ઝાઝી બગાડ્યા વિના, આટોપી લઇ એઓ સ્વદેશ જઇ શક્યા તે જોઇ અમને વિશેષ હર્ષ થયો હતો. સન્નારીઓ અને સદ્ગૃહસ્થો, હવે મારે સર ચાર્લ્સ અને લેડી સ્વાને આ સમારંભની વ્યવસ્થા કરવાનો જે ભારે શ્રમ ઉઠાવ્યો છે તે માટે તેમનો, અને આજ સાંજે આપ સૌ હાજર રહ્યાં છો તે માટે આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનવાનું જ કાર્ય રહે છે.

લૉર્ડ નૉર્થબ્રુક અને 'હોમ ચાર્જીસ.'

[વિલાયત ખાતેનો ખર્ચ (હોમ ચાર્જીસ) ઓછા કરવાનો પ્રયાસ કરવા માટે **લૉર્ડ નૉર્થબ્રુક**નો આભાર માનવાનો તથા એ બાબત છેવટનો નિકાલ લાવવા માટે એક કમિટી નીમવાની આમની સભાને અરજ કરવાનો ઠરાવ સન ૧૮૯૩ માં લાહોરમાં મળેલી કૉન્ગ્રેસ સમક્ષ રજુ કરતાં રા. **ગોપાળ કૃષ્ણ ગોખલે**એ કરેલું ભાષણ.]

પ્રમુખ સાહેબ, સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો, મારે જે ઠરાવ રજુ કરવાનો છે તે આ પ્રમાણે છેઃ—

'આ કૉંગ્રેસ વિલાયત ખાતેના ખર્ચનો ભાર ઓછો કરાવવા માટે **લૉર્ડ નૉર્થબ્રુકે** કરેલી જોસદાર વકીલાત માટે તેમનો ખરા દિલથી આભાર માને છે, અને માન સાથે આમની સભાને વિનવે છે કે તેણે એ પ્રશ્નનો ન્યાયપુરઃસર નીવેડો લાવવા માટે સત્વર પોતાના સભાસદોની એક કમિટી નીમવી.'

આ વિષય સંબંધે ગયા મે મહિનામાં ઉમરાવોની સભામાં **લૉર્ડ નૉર્થબ્રુકે** રજુ કરેલા એક ઠરાવ ઉપર બહુ અગત્યનો વાદવિવાદ થયો હતો, અને બંને પક્ષોમાંના જવાબદાર રાજ્યદ્વારીઓ તરફથી ચર્ચા દરમ્યાન ગંભીર આક્ષેપો રજુ કરવામાં આવ્યા હતા, તે તમોને સૌને ખબર હશે. આ આક્ષેપો એવા હતા કે, જો ઈંગ્લંડની સરકારને કોઈવાર ન્યાય મંદિરમાં ખડી કરવામાં આવે તો તેની સામે એક આખું આરોપપત્ર ઘડી કાઢવા માટે એ ચર્ચા દરમ્યાન થયેલી *કબુલાતનોજ આધાર મને બસ થાય. એ ચર્ચા દરમ્યાન કબુલ કરવામાં આવ્યું હતું કે વર્ષોવર્ષ હિન્દી પ્રધાન તથા વાઇસરૉય તરફથી વાંધા લેવામાં આવ્યા છતાં, ઇંગ્લંડે વાજબી રીતે જે ખર્ચ આપવું જોઇએ તેનો ભાર હિંદી તીજોરી ઉપર નાંખવામાં આવે છે. **લૉર્ડ કિમ્બર્લી**એ કબુલ કર્યું હતું કે આનુ કારણ માત્ર ઈંડિયા ઑફિસનું, વડી તીજોરી અને વૉર ઑફિસના એકત્ર બળ

* આ શબ્દ એના મૂળ અર્થમાં વાપરવામાં આવ્યો છે, એટલે ગુન્હાનો સ્વીકાર—admission.

આગળ કશું ચાલતું નથી એ છે. ડ્યૂક ઑફ્ આર્ગાઇલે બીજી એક અગત્યની હકીકત પ્રગટ કરી હતી. તેમણે, ધીમા સૂરથી કહ્યું હતું—કારણ કદાચ એવું હોય કે આ સૂર બીજા ન સાંભળે—કે બ્રિટિશ પ્રજાએ આ બાબતમાં ઢીલા રહેવું જોઇતું નથી, અને આ બાબત મોટી ફરિયાદ છે એવી વાત હિંદ પહોંચી જાય તે પહેલાં એ ફરિયાદની દાદ મળી જવી જોઇએ. પણ ડ્યૂક ઑફ્ આર્ગાઇલને ખબર હોય એમ લાગતું નથી કે આજ રાષ્ટ્રીય સભાને સ્થાનેથી લાંબો વખત અગાઉ મિ. પાવર, મિ. નવરોજી ફરદુનજી અને બીજા ગૃહસ્થોએ આ ગેરવ્યાજબી બોજા વિરુદ્ધ જોસદાર ફરિયાદ ઉઠાવી હતી. વિલાયત ખાતેના ખર્ચના, ખાસ કરીને ગયા ત્રીશ વર્ષના, આંકડા જોશો તો તમોને જણાશે કે તે ૭૦ લાખ પૌંડથી વધીને ૧ કરોડ ૬૦ લાખ પૌંડ સુધી ગયા છે. જો તેના રૂપીઆ ગણીએ તો તે ૭ કરોડથી વધીને ૨૦ થી તે ૨૬ કરોડ સુધી ગયા છે. સાથે સાથે એટલું કહી દેવું વાજબી છે કે આ વધારાનો મોટો ભાગ એવો છે કે તે બાબત આપણે આમની સભા પાસેથી કાંઇ પણ દાદ માગી શકીએ નહિ, કારણ હિંદની સરકારે ઈંગ્લંડમાં કર્જ કીધું છે, અને તે ઉપર વ્યાજ આપવું જ જોઇએ. આપણે ખાસ બે બાબતમાંથી મોકળા થવાની દાદ માગવાની છેઃ એક ઈંડિયા ઑફિસને અંગે થતો ખર્ચ, અને બીજી, ઈંગ્લંડમાં રહે હિંદી લશ્કરને અંગે થતો ખર્ચ. ઈંડિયા ઑફિસને અંગે થતા ખર્ચ વિષે હું બોલીશ નહિ, કારણ કે જો કે તે ઑફિસમાંથી કેટલાક આબરૂદાર પરંતુ નિરુપયોગી અને વિઘ્નસંતોષી બુઢ્ઢાઓને મોકળે હાથે પગાર આપવામાં આવે છે, છતાં બીજી બાબતોના મુકાબલે એ એક ન્હાનકડી બાબત છે. અને હાલ તુરત તેને પડતી મૂકવાને હરકત નથી. ઈંગ્લંડને આપવા પડતા લશ્કરી ખર્ચ સંબંધે ગયા ત્રીશ વર્ષના આંકડા તમે જોશો તો જણાશે કે તે ખર્ચ ૨૦ લાખ પૌંડથી વધી ૫૦ લાખ પૌંડથીએ વધારે થઇ ગયો છે, અથવા બે કરોડ રૂપીઆ ને બદલે ૮ કરોડ જેટલો થયો છે. નવું લશ્કર ઉભું કરવાના ખર્ચનો આંકડો પણ ભારે છે. વૉર ઑફિસને માણસ દીઠ ૧૯ પૌંડનો ખર્ચ થાય છે, પણ હિંદુસ્થાન પાસેથી ૧૦૫ પૌંડ લેવામાં આવે છે. સર ચાર્લ્સ ડિલ્ક જેવા અસાધારણ વજનવાળા

પુરુષે કહ્યું છે કે જો હિન્દની સરકારને આ બાબતમાં પોતાનું ધાર્યું કરવા દેવામાં આવે, અને નવા માણસો શોધી લેવાનો અધિકાર આપવામાં આવે તો, લગભગ પોણા કરોડ રૂપીઆ જેટલી રકમ બચી રહે. લશ્કરી સરસામાનના ખર્ચમાં પણ ફેરફાર થયાં કરે છે. ૫૦ લાખ રૂપીઆની નીચે તો એ ખર્ચનો આંકડો કદી ગયો નથીજ, અને ગયે વર્ષે તો એક કરોડ હતો. બહુ જ નામોશીની વાત છે કે વૉર ઑફિસ પોતે પૂરા પાડેલા સામાનની ભારે કીંમત લે છે એટલું જ નહિ પણ કંત્રાટમાંથી નફો ખાવાને મથે છે. હિંદી લશ્કર લાવવા લઇ જવાના ખર્ચ તરફ જોઇશું તો જણાશે કે હિંદમાં લશ્કર લાવવા માટે, અને તેને પાછું લઇ જવા માટે હિંદના ખર્ચે અમુક વહાણો બાંધવામાં આવે છે, તેનું ખર્ચ પણ બહુ ભારે છે. હવે મારું કહેવું એવું છે કે આ મ્હોટાં વહાણોને બદલે સામાન્ય આગબોટોમાં બીજા ઉતારૂઓની માફક બ્રિટિશ લશ્કરને લાવવા લઇ જવામાં આવતું હોય તો શી હરકત છે! કારણ આ મ્હોટાં વહાણો વર્ષમાં પાંચ મહિના તો પડી રહે છે, અને તેની પાછળ ઘણો મોટો અને વગર લેવેદેવેનો ખર્ચ કરવો પડે છે. હજી એક બાબત રહે છે: તે એ કે વૉર ઑફિસ લશ્કરને લગભગ ત્રણ સાડાં ત્રણ લાખ જેટલું પેન્શન આપે છે. ગયે વર્ષે લૉર્ડ નૉર્થબ્રુકે તેના વિરુદ્ધ જોસદાર પોકાર ઉઠાવ્યો હતો, અને જણાવ્યું હતું કે ગયા વીશ વર્ષ દરમ્યાન ઈંગ્લંડ પોતાના હક્ક ઉપરાંત ૪૦ લાખ જેટલા વધારે ખાઇ ગયું હતું. આ સિવાય બીજી બાબતો પણ અહીં કહેવા જેવી છે, પણ હું એટલુંજ કહીશ કે આ વિષયનો જે કોઇ ઉંડો અભ્યાસ કરશે તે એવા નિર્ણય ઉપર આવશે કે આ ખર્ચ જો ઈંગ્લંડ અને હિંદુસ્થાન વચ્ચે વધારે વાજબી અને ન્યાય્ય રીતે વહેંચી લેવામાં આવતો હોય તો લગભગ ૧૦ લાખ પૌંડ અથવા ૧॥ કરોડ જેટલા રૂપીઆ હિંદી તીજોરીમાંથી જતા અટકે. હિંદ અને ઈંગ્લંડ વચ્ચે આ ખર્ચ જે રીતે વહેંચી લેવામાં આવે છે તે રીત એવી છે કે ગોલ્ડસ્મીથના “ વિકર ઑફ વેક્ફીલ્ડ”માંના વામનજી અને રાક્ષસની વાત મને વારેવારે યાદ આવ્યા વિના રહેતી નથી. ઘણે પ્રસંગે ઈંગ્લંડને હિંદ પાસેથી લશ્કર મંગાવવું પડ્યું છે, અને ઘણે પ્રસંગે હિંદને ઈંગ્લંડ પાસેથી લશ્કર

મંગાવવું પડયું છે. પણ જ્યારે જ્યારે ઈંગ્લંડે લશ્કર મંગાવ્યું છે ત્યારે તે તેનો ખર્ચ આપવાનું ભૂલી ગયું છે, ત્યારે હિંદે જ્યારે જ્યારે મંગાવ્યું છે ત્યારે ત્યારે તેને સઘળો સાધારણ અને અસાધારણ ખર્ચ ભરી આપવો પડ્યો છે, એટલું જ નહિ પણ કોઈ કોઇ વાર તો સીપાઈઓ ઉભા કરવાનો ખર્ચ પણ હિંદ પાસેથી કઢાવવામાં આવ્યો છે. આ સઘળી બાબતો સંબંધે ફરિયાદ ઉઠાવવામાં આપણે લવલેશ ખોટું કરતા નથી, અને **લૉર્ડ નૉર્થબ્રુકે** આપણી જે પ્રૌઢ સેવા બજાવી છે તે માટે તેમને આપણા ઘણા ઘણા ઉપકાર ઘટે છે. આ ઠરાવના પ્રથમ ભાગમાં હિંદુસ્થાનના વાજબી હક્કો માટે જોસદાર વકીલાત કરવા માટે **લૉર્ડ નૉર્થબ્રુકનો** આભાર માનવામાં આવે છે, અને બીજા ભાગમાં આમની સભાને વિનવવામાં આવે છે કે તેમણે આપણને ધ્યાનપૂર્વક સાંભળી આખરે ખર્ચ વાજબી રીતે ફાળે પડે તેવી રીતે આખા પ્રશ્નનો વિચાર ચલાવવા માટે એક કમિટી નીમવી. આટલું કહી આ ઠરાવ આપ દરેકની અનુમતિ માટે આપની સમક્ષ હું રજુ કરૂં છું.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૯	કેટલી	કેટલીક
૯	૧૨	નિષ્ટાથી	નિષ્ઠાથી
૯	૧૩	બબર	ખબર
૧૩	૧૦	એ	એક
૧૬	૨૯	ઝુંડે	ઝુંડો
૬૪	૨૯	નશિયતે	નશિયતો
૭૨	૨	કમેટીએ	કમિટીએ

આ પુસ્તક ચિંતામન સખારામ દેવલેએ સૅન્ડહર્સ્ટ રોડ ઉપર આવેલા
"મુંબઈ વૈભવ પ્રેસ" માં છાપ્યું;
અને
ઑલ ઇંડીયા હોમ રૂલ લીગની મુંબઈની શાખાના મંત્રી
શંકરલાલ ઘેલાભાઇ બેંકરે, ૨૫૧, હોર્નબી રોડ,
કોટ, મુંબઇમાં, પ્રકટ કર્યું.